કિં. ₹૨૦/-
પાના નં-૧

જૂન - જુલાઈ
૨૦૧૬

સળંગ અંક : ૬૬
વર્ષ : ૧૧

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

શ્રી કચ્છી
મારૂ કંસારા-સોની
જ્ઞાતિ મંડળ
અમદાવાદ

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એક્તા કટ્ટા

## સન્માન
### સામાજીક યોગદાનનું

10 દશાબ્દી વર્ષ
શ્રી અખિલ ભારતીય
મારૂ કંસારા સોની જ્ઞાતિ
મહામંડળ




## જ્ઞાતિજનોને સહાયરૂપ યોજના

MED AID

સ્વ. કાન્તીલાલ નાગજીભાઈ બારમેડા
મેડિકલ સહાયતા ફંડ

જ્ઞાતિ એક્તાનો દાયકો ...૮ | કચ્છી નૂતનવર્ષની ઉજવણી ...૧૮ | ગંગા-સાગર ..૨૩ | યુથ કોર્નર ..૩૩



॥ શ્રીરામ ॥
મે. સોની પ્રભુદાસ ખેતશી
મે. મીના જ્વેલર્સ
સુવર્ણ અલંકારોનો અદ્યતન શોરૂમ
BIS Approved Jewellers
916
Hall Mark Jewellery
Govt. Approved Valuer
૨-૩ શ્રી સ્વામિનારાયણ વાણિજ્ય સંકુલ, બેંક ઑફ ઈન્ડીયાની બાજુમાં, હૉસ્પિટલ રોડ, ભુજ-કચ્છ
ફોન : (શો રૂમ) ૦૨૮૩૨ ૨૨૦૯૦૯, ૨૫૫૯૭૬ (ઘર) ૦૨૮૩૨ ૨૫૦૫૬૫, ૨૨૩૯૦૯
jkg@printography.co.in

એકમેકને ઓળખવાનો

**જ્ઞાતિસેતુ**

વર્ષ : ૧૧ ● અંક : ૬

જૂન – જુલાઈ '૧૬

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**

**ચેરમેન**

મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન / ડિઝાઈન**

જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબસાઈટ**

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**

પ્રશાંત બીજલાણી

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

- **અમદાવાદ**
  ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩
- **ભુજ**
  ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
  વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
  (રૂલપ્રેસવાળા)
- **અંજાર**
  અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦
- **નખત્રાણા**
  પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
  (ઉદય સ્ટેશનરી માર્ટ)
- **માધાપર**
  હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪
- **સાબરકાંઠા**
  દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૬૦૧૭૧૭૫૫૫

**માનદ્ સંયોજક (ભુજ)**

શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**

અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની

ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ :** www.gnyatisetu.com

**ઈ-મેલ :** gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂા. ૨૦/-

ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

# તંત્રી સ્થાનેથી

સમયના વહેણની સાથે વિકાસની પરિભાષા બદલાતી રહે છે. વ્યક્તિ અને સમાજના વિકાસ માટેની જરૂરિયાતો પણ બદલાતી રહે છે. સંગઠિત સમાજ સંઘબળથી વિકાસના લક્ષ્યાંકો હાંસલ કરી શકે છે. આપણા સંગઠિત સમાજના પ્રતીક સ્વરૂપ મહામંડળની રચનાને દસ વર્ષ પૂર્ણ થયા ત્યારે સમસ્ત સમાજને એકત્રિત કરનાર મહામંડળને સેતુ પરિવારના હાર્દિક અભિનંદન. મહામંડળ, એ સૌનું સહિયારૂ છે. સૌના સહિયારા પ્રયાસથી જ મહામંડળ સમાજની અપેક્ષાઓને પૂર્ણ કરી શકે છે. સામાજીક વિકાસના ફળ છેવાડાના જ્ઞાતિજન સુધી પહોંચે ત્યારે જ સમાજને વિકસિત સમાજ કહી શકાય.

હાલના સમયમાં શિક્ષણ અને સ્વાસ્થ્ય, એ વ્યક્તિ અને સમાજ બંનેના વિકાસ માટે પાયાની જરૂરિયાત છે. હાલના મોંઘવારીના સમયમાં શિક્ષણ અને સ્વાસ્થ્ય, સામાન્ય માનવીની પહોંચની બહાર જઈ રહ્યા છે. સામાજીક સ્તરે વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક અને માર્ગદર્શક પ્રવૃત્તિઓ જરૂર થાય છે, પરંતુ એ દિશામાં હજુ ઘણું કાર્ય કરવાનું બાકી છે.

એ જ રીતે આર્થિક રીતે જરૂરિયાતવાળા દર્દીઓને સમાજના મેડિકલ ફંડમાંથી અથવા દાતાઓ તરફથી આંશિક સહાય મળે છે. ઘણી વખત દર્દી અને તેના પરિવારજનોને સ્વજનની હુંફની પણ જરૂર હોય છે. ખાસ કરીને બહારગામ સારવાર અર્થે જવાનું થાય ત્યારે. જો યોગ્ય માર્ગદર્શન આપનાર મળે તો રાહતરૂપ થઈ શકે. હાલમાં અમદાવાદ જ્ઞાતિ દ્વારા બહારગામથી સારવાર અર્થે અમદાવાદ આવતા દર્દીઓને મદદરૂપ થવા એક સર્વગ્રાહી યોજના શરૂ કરવામાં આવેલ છે જેની વિગત આ અંકમાં આપેલ છે.

સેવાભાવી દાતાઓના દાન અને કર્મઠ કાર્યકરોની સેવા ભાવનાથી જરૂરિયાતમંદને સહાયરૂપ પ્રવૃત્તિઓથી સ્વસ્થ સમાજના લક્ષ્યાંક તરફ આગળ વધી શકાશે તેવી આશા છે.

**– અતુલ સોની**

# પંચીકરણ – તત્ત્વ દર્શન (૩)

પ્રીન્સી એન. સોની - નખત્રાણા

પંચતત્ત્વોના મિશ્રણની પ્રક્રિયા "પંચીકરણ." પંચીકરણનાં ગત અંકે પ્રકાશિત થયેલા લેખમાં આપણે જોયું કે આત્મા અને શરીર કઈ રીતે એકબીજાથી જુદા છે. દુનિયાના દરેક પદાર્થોમાં કઈ રીતે પાંચ તત્ત્વો રહેલા છે અને આત્માના લક્ષણો શું છે તેમજ અસ્તિ, ભાંતિ અને પ્રિયનો પણ ખ્યાલ મેળવ્યો.

હવે અગાઉ કરેલ ચર્ચા મુજબ શરીરના કુલ ત્રણ પ્રકાર છે : સ્થુળ શરીર, સૂક્ષ્મ શરીર અને કારણ શરીર. અને આ ત્રણેયથી પર છે આત્મા. આત્મતત્ત્વને સમજવા માટે આપણે બાકીના ત્રણેય શરીરને ઓળખવું પડશે. એ ત્રણેયના લક્ષણો જાણ્યા પછી સરળતાથી શરીર અને આત્માનો તફાવત દૃઢ થઈ શકશે. માટે આજના અંકે આપણે સ્થુળ દેહના તત્ત્વો વિશે ચર્ચા કરીશું અને ખ્યાલ મેળવીશું કે આત્મા કઈ રીતે સ્થુળ શરીરથી જુદો છે.

સામાન્ય રીતે સ્થુળ શરીર એટલે પંચભુતનો બનેલો દરેક દેહ. પંચભુતનો દેહ પંચતત્ત્વો દ્વારા અપાયેલ 'ભાડાના મકાન' જેવું છે. હવે પ્રશ્ન એ થાય કે આકાશ, વાયુ, પૃથ્વી, જળ અને તેજ – એમ પંચમહાભુતને તો આપણે ઓળખીએ છીએ પણ પંચભુતનો ભાગ આપણા શરીરમાં પ્રકટ રીતે જોવામાં આવતો નથી. એટલે કે સ્પષ્ટ રીતે દેખાતું નથી કે આ ભાગ વાયુ છે અને આ જળ - પૃથ્વી - તેજ તથા આકાશનો છે. ત્યારે આ દેહ પંચભુતનો કેમ કહેવાય?

પણ થોડો વિચાર કરીને તપાસીએ તો આપણને સ્પષ્ટ થાય કે, જેટલો આપણા શરીરમાં કઠણ ભાગ છે તે પૃથ્વીનો, રસરૂપ ભાગ છે તે જળનો, ઉષ્ણભાગ છે તે તેજ / અગ્નિનો, શરીરમાં રહેલ પોલાણભાગ આકાશનો, તેમજ હલવા-ચલવા જેવી ક્રિયા વાયુ દ્વારા થાય છે માટે તે ક્રિયા માત્ર વાયુનો ભાગ છે.

હવે શરીરમાં રહેલા, એ પંચભુતના જુદા જુદા તત્ત્વોને સ્પષ્ટ રીતે સમજીએ.

| આકાશનાં | વાયુનાં | તેજ/અગ્નિનાં | આપ/જળનાં | પૃથ્વીનાં |
|---|---|---|---|---|
| કામ | ચલન | ક્ષુધા | શુક્ર | અસ્થિ |
| ક્રોધ | વલન | તૃષા | શોણિત | માંસ |
| શોક | ધાવન | આલસ્ય | લાલા | ત્વચા |
| મોક | પ્રસારણ | નિંદ્રા | મુત્ર | નાડી |
| ભય | આકુંચન | કાંતિ | સ્વેદ | રોમ |

ઉપર્યુક્ત કોષ્ટકમાં દર્શાવ્યાનુસાર પાંચેય તત્ત્વોના પાંચ - પાંચ પેટા તત્ત્વો છે. આકાશનાં તત્ત્વોમાં કામ, ક્રોધ, શોક, મોહ અને ભયનો સમાવેશ થાય છે. આ બધા હૃદય - આકાશમાં ઉત્પન્ન થાય છે અને ખૂબ જ દુઃખ દેનારા છે.

મહાબલી રાવણથી આપણે સૌ પરીચિત છીએ. તેના જેવો મહાજ્ઞાની ક્યારેય થયો નથી અને થવાનો પણ નથી. તેમ છતાં કામમાં આસક્ત થવાથી તે ઘણો દુઃખી થયો અને તેનું રાજ્ય ગયું. માટે કામાદિક વાસનાનો ત્યાગ કરવો.

શાસ્ત્રમાં ક્રોધને રાક્ષસથી પણ નઠારો કહ્યો છે કારણકે રાક્ષસ તો પરાયુ લોહી પીવે છે જ્યારે ક્રોધથી પોતાનું તથા અન્યોનું એમ બંનેનું લોહી બાળે છે. તે પોતે પણ ભય પામે છે અને અન્યોને પણ ભય પમાડે છએ. આ જ રીતે શોક, મોહ અને ભય તો તેનાથીય વધુ દુઃખ દેનારા છે. માટે તે સર્વેનો સમજી વિચારીને વિવેકપૂર્વક ત્યાગ કરવો.

આકાશની જેમ વાયુના પણ પાંચ તત્ત્વો છે. ચલન એટલે ચાલવું, વલન એટલે વળવું, ધાવન એટલે દોડવું, પ્રસારણ એટલે પહોળું કરવું અને આકુંચન એટલે સંકોચવું. કેટલીક વખત વલનનો અર્થ ઉત્ક્રમણ એટલે ઊભું થવું એમ પણ કરી શકાય. આમ, પાંચેય તત્ત્વો વાયુના છે, આપણા અથવા આપણા શરીરના નહીં. આપણે તો ફક્ત તેને ઓળખીએ છીએ.

હવે તેજના તત્ત્વોની વાત કરીએ તો, ક્ષુધા એટલે ભૂખ લાગવી, તૃષા એટલે તરસ લાગવી, આલસ્ય એટલે આળસ, નિંદ્રા એટલે ઊંઘ અને કાંતિ એટલે તેજ. આ પાંચેય તત્ત્વો કઈ રીતે તેજ / અગ્નિના છે એ ઉદાહરણ દ્વારા સમજીએ તો, પેટમાં અગ્નિ પ્રબળ થયા વિના ભૂખ લાગતી નથી. ઉનાળામાં ગરમીના જોરને લીધે જોરથી તરસ લાગે છે. તે જ રીતે ગરમીને લીધે આળસ અને નિંદ્રાનું પ્રમાણ વધારે રહે છે. તેમજ કાંતિ, એ પ્રસિદ્ધ તેજનો ભાગ જણાય છે.

આપ / જળનાં પાંચ તત્ત્વોમાં શુક્ર એટલે વીર્ય, શોણિત એટલે લોહી, લાલા એટલે ગળતી લાળ, મુત્ર એટલે પેશાબ તેમજ સ્વેદ એટલે પસીનાનો સમાવેશ થાય છે.

પૃથ્વીનાં પાંચ તત્ત્વો છે. અસ્થિ એટલે હાડકાં, માંસ, ત્વચા એટલે ચામડી, નાડી એટલે નસો અને રોમ એટલે રૂવાંટા. જ્યારે આપણા સ્થુળ શરીરમાંથી પ્રાણ જાય ત્યારે જો દેહને બાળે તો આ તત્ત્વો ભસ્મરૂપ થઈ જાય. દાટે તો માટીરૂપ થઈ જાય અને જો જાનવરો ખાઈ જાય તો વિષ્ટારૂપ થઈ અંતે તો પૃથ્વીમાં જ મળે. આમ, આ રીતે આ તત્ત્વો પૃથ્વીનાં છે.

ઉપર્યુક્ત પચ્ચીસે પચ્ચીસ તત્ત્વો પંચીકૃત થઈ, એટલે કે તેનું "પંચીકરણ" થઈ પંચમહાભૂતોનો આ સ્થુળ દેહ થયો છે.

આમ, આ પંચીકૃત પંચમહાભૂતનું કાર્ય છે.

પણ હવે, પ્રશ્ન એ થાય કે, પંચીકૃત પંચમહાભૂત કોને કહેવાય? એ સમજવા માટે આપણે પંચીકૃત પંચમહાભૂતનાં લક્ષણો સમજવા પડશે.

ઈશ્વરની ઈચ્છાથી એક-એક ભૂતના બબ્બે ભાગ થઈને તેમાંથી સર્વ ભૂતોનો એક-એક ભાગ જુદો રહ્યો, ને જે એક-એક ભાગ બાકી રહ્યો તેઓના દરેકના ચાર-ચાર ભાગ થઈને પોતપોતાનો જે અડધો અડધો ભાગ જુદો રહેલો છે તેને મૂકીને બીજા ચાર ભૂતના અડધા અડધા ભાગ સાથે પાંચ ભૂતોના પોતાના ચાર-ચાર ભાગમાંથી એક-એક ભાગનો મેળાપ એટલે "પંચીકરણ."

આ બાબત કોષ્ટક દ્વારા અત્યંત સરળતાથી સમજાશે.

| પંચભૂત | પૃથ્વીનાં | જળનાં | તેજનાં | વાયુનાં | આકાશનાં |
|---|---|---|---|---|---|
| પૃથ્વીનાં | અસ્થિ | શોણિત | આલસ્ય | સંકોચન | કટયાકાશ |
| જળનાં | માંસ | શુક્ર | કાંતિ | ચલન | ઉદરાકાશ |
| તેજનાં | નાડી | મુત્ર | ક્ષુધા | ઉત્ક્રમણ | હૃદયાકાશ |
| વાયુનાં | ત્વચા | સ્વેદ | તૃષા | ધાવન | કંઠાકાશ |
| આકાશનાં | રોમ | લાલા | નિંદ્રા | પ્રસારણ | શિરાકાશ |

- **પૃથ્વી :**

પૃથ્વીનો મુખ્ય ભાગ છે અસ્થિ. એટલે કે હાડકાં. કેમકે તે પૃથ્વીની પેઠે કઠણ છે. તેથી તેને પૃથ્વીનો અડધો ભાગ સમજવો. અને બાકીનો જે અડધો ભાગ બચ્યો, તેના ચાર ભાગ થયા. જેમ કે (૧) શોણિત, (૨) આલસ્ય, (૩) સંકોચન અને (૪) કટયાકાશ. આ ચારેય ભાગ બીજા ચાર તત્ત્વોમાં ભળ્યા.

૧. લોહીનો રંગ લાલ છે, જે પૃથ્વીનો ભાગ છે. તે જળમાં ભળ્યો તેથી જળનાં તત્ત્વો સાથે કહેવાય.

૨. આલસ્ય – પૃથ્વીની જેમ જ આળસમાં જડતા છે. માટે એ પૃથ્વીનો ભાગ છે. જે તેજમાં ભળ્યો. માટે તે તેજનાં તત્ત્વો સાથે કહેવાય.

૩. સંકોચનમાં પણ પૃથ્વીની જેમ જડતા અને અક્કડપણું છે. તે વાયુમાં ભળ્યો માટે વાયુનો કહેવાય.

૪. કટયાકાશ એ મળને સંગ્રહી રાખે છે. માટે તે પૃથ્વીનો ભાગ છે પણ આકાશને મળ્યો તેથી આકાશનો કહેવાયો.

૫. જળ – જળનો મુખ્ય અડધો ભાગ વીર્ય છે. તેનું કારણ એ છે કે જળ જેમ સફેદ છે અને વૃદ આદિકને ઉત્પન્ન કરે છે તેમ વીર્ય પણ સફેદ છે અને ગર્ભને ઉત્પન્ન કરે છે. માટે તે જળનો છે. હવે બાકીના ચાર ભાગ માંસ, કાંતિ, ચલન અને ઉદરાકાશ. તે બીજા ચાર ભૂતમાં મળ્યા.

૧. માંસ દ્રવીભૂત છે, તેથી જળનું છે. પણ પૃથ્વીના તત્ત્વો સાથે મળ્યું. તેથી પૃથ્વીનું કહેવાયું.

૨. કાંતિ જલ સાથે મળી. કેમકે જલના સંબંધથી કાંતિમાં ફેરફાર થાય છે પણ તે તેજની છે. તેથી તેજની કહેવાઈ.

૩. ચલન પાણીની જેમ ચલાયમાન છે. તેથી જળનું છે. પણ વાયુના તત્ત્વ સાથે મળ્યું તેથી વાયુનું કહેવાયું.

તેજનો મુખ્ય અડધો ભાગ ક્ષુધા છે. તેનો હેતુ એ છે કે ઉદરમાં અગ્નિ પ્રબળ થયાથી ભૂખ લાગે છે, તે કારણથી તેજની છે. બાકીના અડધા ભાગમાંથી ચાર ભાગ થયા જેવા કે : (૧) નાડી, (૨) મુત્ર, (૩) ઉત્ક્રમણ અને (૪) હૃદયાકાશ. તે પૃથ્વી આદિ બીજા ચાર ભૂતમાં મળ્યા.

૧. નાડીથી તાવની તપાસ થાય છે. માટે તે તેજની છે. પણ પૃથ્વીના તત્ત્વમાં મળી તેથી પૃથ્વીની કહેવાઈ.

૨. મુત્ર ગરમ છે. માટે તેજનું છે. પણ જળના તત્ત્વમાં મળ્યું. તેથી જળનું કહેવાયું.

૩. ઉત્ક્રમણ અગ્નિની જેમ ઉર્ધ્વ ગતિ કરે છે. માટે તેજનું છે. પણ વાયુના તત્ત્વમાં મળ્યું. તેથી વાયુનું કહેવાયું.

૪. હૃદયાકાશ – એ સર્વદા હૃદયમાં ઉષ્ણતા રહે છે તેથી તેજનું છે. પણ આકાશના તત્ત્વમાં મળ્યું તેથી આકાશનું કહેવાયું.

વાયુનો પોતાનો અડધો ભાગ ધાવન (દોડવું) છે. કેમકે વાયુની જેમ વેગથી દોડાય છે, માટે વાયુનો ભાગ છે. બાકી વાયુના અડધા ભાગમાંથી ચાર ભાગ થયા.

૧. **ત્વચા :** જેનાથી સ્પર્શ થાય છે. તેથી વાયુની છે. પણ પૃથ્વી સાથે મળી, તેથી તેની કહેવાઈ.

૨. **સ્વેદ :** એ ઘણાં શ્વાસોચ્છવાસરૂપ વાયુથી પરસેવો થાય છે અને વાયુથી સૂકાય છે. માટે વાયુનો છે પણ જળના તત્ત્વો સાથે મળ્યો. તેથી જળનો કહેવાયો.

૩. **તૃષા :** તે વાયુથી શોષણ થઈ ઉત્પન્ન થાય છે, માટે વાયુથી છે. પણ તેજના તત્ત્વ સાથે મળી તેથી તેજની કહેવાઈ.

૪. **કંઠાકાશ :** એ વાયુને જવા - આવવાનું સ્થાનક છે. માટે વાયુનો ભાગ છે. પણ આકાશના તત્ત્વ સાથે મળ્યો.

તેથી આકાશનો કહેવાય છે.

આકાશનો પોતોનો મુખ્ય અડધો ભાગ શિર - આકાશ છે. કારણકે માથામાં જે પોલાણ છે તે આકાશરૂપ છે અને એના બાકીના અડધા ભાગમાંથી ચાર ભાગ થયા.

૧. રોમ : તેને કાપવાથી દુઃખ થતું નથી. માટે તે આકાશનાં છે પણ પૃથ્વીનાં તત્ત્વ સાથે મળ્યાં તેથી પૃથ્વીના કહેવાયા.

૨. લાલા : તે શિર - આકાશમાંથી નીચે આવે છે, માટે તે આકાશની છે. પણ જળના તત્ત્વ સાથે મળી તેથી જળની કહેવાઈ.

૩. નિંદ્રા : તે શૂન્ય સ્વભાવ છે, આકાશની જેમ, પણ તે તેજના તત્ત્વ સાથે ભળી. તેથી તેજની કહેવાય છે.

૪. પ્રસારણમાં વ્યાપકતા છે માટે તે આકાશની છે. પણ વાયુના તત્ત્વ સાથે મળ્યું અને વાયુથી જ શરીર પહોળું થાય છે. માટે તે વાયુનું કહેવાય.

આ રીતે સ્થુળ દેહના પચ્ચીસ તત્ત્વોમાં ''પંચીકરણ''નું નિરૂપણ કર્યું. તે તત્ત્વોમાંથી આપણે કોણ છીએ? તેની સાથે આપણને શો સંબંધ છે? એ શરીર આપણે નથી અને બધા તત્ત્વો પંચભૂતના હોવાથી આપણા નથી. આ શરીરનું ''શરીર'' એવું નામ પણ ઉપલા પચ્ચીસ તત્ત્વો મળીને થયું છે. બસ, આટલો વિચાર દ્દઢ કરવા માત્રથી શરીર પ્રત્યેની અહંતા - મમતા છૂટી જશે.

જો આપણે શરીરના એ તત્ત્વોનું વિવેચન કરી જુદા જુદા કરીએ, તો એમાંય દેહ ''શરીર'' સિધ્ધ થતો નથી. જેમકે પથ્થર, ઈંટ, લાકડા, ચુનો વગેરેના પંચીકરણ - જોડાણથી એક માળખાનું ''ઘર'' એવું નામ પડ્યું. પણ તે તત્ત્વોને જુદા જુદા કરી નાખે તો ઘર દેખાતું નથી. આમ, આપણું શરીર સત્ય છે એમ સિધ્ધ થતું નથી. તે તો માત્ર કલ્પના જ છે. પંચીકરણમાં આપેલ ગાડીના દૃષ્ટાંત પરથી આ બાબત ચોક્કસપણે દ્દઢ થઈ જશે.

''વિવેકી અને અવિવેકી નામના બે પુરૂષ રસ્તામાં ચાલ્યા જતા હતા. તેમાં અવિવેકીએ વિવેકીને કહ્યું, 'તમે ચાલતા ચાલતા થાકી ગયા હશો, તેથી પેલી ગાડીમાં બેસો.' વિવેકીએ કહ્યું, 'મને તો કોઈ ગાડી દેખાતી નથી.' અવિવેકીએ કહ્યું, 'અરે! પેલી સામે આવે છે, મને તો પ્રત્યક્ષ દેખાય છે.' વિવેકીએ કહ્યું : 'જો એ ગાડી છે એમ સિધ્ધ ન થાય તો શી સજા કરવી?' અવિવેકીએ કહ્યું, 'તમે મને તમાચો મારી દેજો.'

ત્યારબાદ ગાડી નજીક આવતા વિવેકીએ કહ્યું, 'મને જરા ગાડી પર હાથ મૂકીને બતાવો. અવિવેકીએ ગાડી પર હાથ મૂક્યો. વિવેકીએ કહ્યું, 'તે તો ગાડીના પૈડા છે.' તેથી અવિવેકીએ ગાડીના અન્ય અવયવ પર હાથ મૂક્યો. જેથી વિવેકી 'આ તો ધરી છે, કમાન છે, બારણું છે' વગેરે વગેરે એમ કહ્યું. અવિવેકી જે જે અવયવ પર હાથ મૂકે, તે તે અવયવના નામ બોલે. જેથી ગાડી સિધ્ધ થઈ નહીં.

તેથી અવિવેકીએ કહ્યું, 'હવે અગાઉ નક્કી કર્યા અનુસાર મારા મોઢા પર તમાચો મારો.' ત્યારે વિવેકીએ કહ્યું, 'તારૂં મોઢું બતાવ.' અવિવેકીએ પોતાના ગાલ પર હાથ મૂક્યો. તેથી તરત જ વિવેકી બોલી ઉઠ્યો કે, 'એ તો તારા ગાલ છે.' અવિવેકી બીજા સર્વે ઠેકાણે હાથ મૂકતો ગયો તેમ વિવેકી બોલતો ગયો, 'એ તો કપાળ છે, દાઢી છે, નાક-આંખ છે વગેરે. પણ મોઢું સિધ્ધ થયું નહીં. માટે એ પ્રમાણે સઘળાં નામોનું જો ખરૂ રૂપ શોધીએ તો સિધ્ધ થાય નહીં.

કેવળ વ્યવહાર માટે નામની કલ્પના કરી છે. તેવી જ રીતે આ દેહ પણ કલ્પનામાત્ર છે. તેથી તેની અહંતા - મમતા છોડી દેવી એ જ મોક્ષ છે. આ સ્થુળ દેહને 'અન્નમય કોશ' કહેલો છે. તેનાથી આત્માને ભિન્ન જાણવો.''

વળી પાછો એ પ્રશ્ન થાય કે, ''અન્નમય કોશ'' એટલે શું? અને સ્થુળ દેહને અન્નમય કોશ કેમ કહ્યો?

તો માતા-પિતાએ ખાધેલા અન્નને પરિણામે સ્ત્રીના શરીરમાં રૂધિરકોશ અને પુરૂષના શરીરમાં વીર્ય ઉત્પન્ન થાય છે. તેના સંબંધથી આ સ્થુળદેહ પેદા થયો. જન્મ બાદ માતાએ ખાધેલા અન્નના પરિણામથી દૂધ થાય છે, જેનું પાન કરી સ્થુળદેહ વધે છે. દાંત આવ્યા પછી અન્ન ખાઈને જ જીવે છે. વળી સ્થુળદેહ બીજા જીવોને અન્નરૂપ ભક્ષ્ય છે. અને અન્ન ખાધા વગર જીવતો નથી. તેમજ મૃત્યુ પછી પણ અન્ન દેહ અન્નરૂપ પૃથ્વીમાં લય થાય છે. માટે તેને ''અન્નમય'' કહ્યો.

હવે કોશ કહ્યો તેનું કારણ એ છે કે, જેમ તલવારને ઢાંકવાવાળી જે મ્યાન છે તેને કોશ કહેવાય છે. ધનને ઢાંકવાવાળા ભંડારને પણ કોશ કહે છે. તેમ ''અન્નમય શરીર''ને લીધે ''આત્મા'' ઢંકાય છે. સ્થુળ શરીર આત્મા ઉપરનું આવરણ છે. માટે તે ''અન્નમય કોશ'' તરીકે ઓળખાય છે.

આ ''અન્નમય કોશ''ની એટલે કે સ્થુળ શરીરની જુદી જુદી ત્રણ અવસ્થાઓ પણ છે જેનું વર્ણન આવતા અંકે.

અસ્તુ.

*મો. ૭૦૬૯૮ ૬૫૦૯૯*

*ઈ-મેઈલ : **kattapinnu@gmail.com***

# વાતચીત કરવાની કળાનું મહત્ત્વ

શ્રી રામશર્મા આચાર્ય

ઘણી વ્યક્તિઓ એવી પણ જોવા મળે છે કે જે એટલી યોગ્ય નથી હોતી કે જેટલા બીજા લોકો તેને સમજે છે, પરંતુ વાણીની કુશળતા દ્વારા તે લોકો બીજાના મન પર પોતાની એવી છાપ પાડે છે કે સાંભળનારા મુગ્ધ થઈ જાય છે. ઘણીવાર યોગ્યતાવાળા લોકો અસફળ રહે છે અને નાની કક્ષાના લોકો સફળ થઈ જાય છે. પ્રગટ કરવાનાં સાધન બરોબર હોય તો ઓછી યોગ્યતાને પણ સારી રીતે પ્રદર્શિત કરી શકાય છે અને તેના દ્વારા ઘણું કામ કરી શકાય છે. વિદ્યુત વિજ્ઞાનના આચાર્ય જે.બી. રાડે કહ્યું હતું કે ઉત્પાદન કેન્દ્રમાં જેટલી વીજળી ઉત્પન્ન થાય છે તેનો બે તૃતીયાંશ ભાગ ઉપયોગ કર્યા વગર જ બરબાદ થઈ જાય છે. પાવર હાઉસમાં ઉત્પન્ન થયેલ વીજળીનો એક તૃતીયાંશ ભાગ જ કામમાં આવે છે. તેઓ કહે છે કે અત્યાર સુધી જે યંત્રો બનેલાં છે તે અધૂરાં છે. એ માટે ભવિષ્યમાં એવાં યંત્રોની શોધ થવી જોઈએ કે જે ઉત્પન્ન થયેલી વીજળીની બરબાદી ન થવા દે. જે દિવસે આ પ્રકારનાં યંત્રો તૈયાર થઇ જશે તે દિવસે વીજળીઘરોની શક્તિ ત્રણ ગણી વધી જશે. એટલે કે ખર્ચ ત્રીજા ભાગનો જ થશે.

લગભગ એવી જ નુકસાની યોગ્યતાઓની બાબતમાં થાય છે. યોગ્ય વિદ્યુતયંત્રોના અભાવના કારણે બે તૃતીયાંશ વીજળી નકામી થઈ જાય છે. એ જ રીતે વાતચીતની કળાથી અજાણ હોવાના કારણે બે તૃતીયાંશથી પણ વધારે યોગ્યતાઓ નકામી પડી રહે છે. જો આ વિદ્યાની જાણકારી હોય તો ત્રણગણું કાર્ય કરી શકાય છે. જેટલી સફળતા તમે મેળવો છો તેટલી તો ત્રીજા ભાગની યોગ્યતાવાળા લોકો પણ પ્રાપ્ત કરી શકે છે પરંતુ તેનો લાભ ઉઠાવવામાં અસમર્થ રહો તો તે મેળવેલું શું કામનું? યોગ્ય એ છે કે જેટલું પોતાની પાસે છે તેનો યોગ્ય રીતથી ઉપયોગ કરવામાં આવે. જેમને મૂર્ખ કહેવામાં આવે છે અથવા મૂર્ખ સમજવામાં આવે છે તેઓ ખરેખર એટલા અયોગ્ય નથી હોતા. તેમનામાં પણ મોટેભાગે બુદ્ધિમત્તા હોય છે, પરંતુ જે અભાવના કારણે તેમને અપમાનિત થવું પડે છે તે અભાવ છે – "વાતચીતની કળાથી પરીચિત ન હોવું."

મનના ભાવોને સારી રીતે, યોગ્ય રીતથી પ્રગટ કરી શકવાની યોગ્યતા એક એવો જરૂરી ગુણ છે, જેના વગર જીવન વિકાસમાં ઘણી મુશ્કેલી ઉત્પન્ન થાય છે. આપના મનમાં શું વિચાર છે, શું ઇચ્છો છો, કેવી સંમતિ રાખો છો તેને જ્યાં સુધી પ્રગટ ન કરવામાં આવે ત્યાં સુધી બીજાને શું ખબર પડે? મનમાં જ મુંઝાયા કરવાથી બીજાના માટે સારી ખોટી કલ્પનાઓ કરવાથી કોઈ ફાયદો નથી. તમને જે મુશ્કેલી છે, જે ફરિયાદ છે, જે શંકા છે તેને સ્પષ્ટ રૂપથી કહી દો. જે સુધારો અથવા પરિવર્તન ઇચ્છો છો તેને પણ પ્રગટ કરી દો. આ રીતે પોતાની વિચારધારાને જ્યારે બીજાની સામે રજૂ કરશો અને પોતાની વાતની યોગ્યતા સાબિત કરશો તો મનની ઇચ્છા મુજબનો સુધારો થવાની ઘણી બધી આશા છે.

ભ્રમનું, ગેરસમજનું સૌથી મોટું કારણ એ છે કે ખોટા સંકોચ અને શરમને કારણે લોકો પોતાના ભાવોને રજૂ કરતા નથી. આથી બીજા એમ સમજે છે કે આપને કોઈ મુશ્કેલી અથવા અસુવિધા નથી. જ્યાં સુધી કહેવામાં ન આવે ત્યાં સુધી બીજી વ્યક્તિ કેવી રીતે જાણે કે આપ શું વિચારો છો, શું ઇચ્છો છો? અપ્રત્યક્ષ રૂપથી, સાંકેતિક ભાષામાં વિચારોને જાહેર કરવાથી ફક્ત ભાવુક અને લાગણીશીલ લોકો પર પ્રભાવ પડે છે. સાધારણ કક્ષાના લોકોનાં હૃદયો પર તેની ઘણી ઓછી અસર થાય છે. પોતાની ગુંચવણમાં ફસાઈ રહેવાના કારણે, બીજાની સાંકેતિક ભાષાને સમજવામાં તેઓ કાં તો સમર્થ નથી હોતા અથવા તો થોડું ધ્યાન દઈને પછી ભૂલી જાય છે. હંમેશાં વધુ જરૂરી કામ તરફ પહેલાં ધ્યાન આપવામાં આવે છે અને ઓછા જરૂરી કામ તરફ પાછળથી ધ્યાન આપવામાં આવે છે. સંભવ છે, આપની મુશ્કેલી અથવા ઇચ્છાને ઓછી જરૂરી સમજીને પાછળ રાખવામાં કે ફેરવિચારણા માટે ટાળી દેવામાં આવતી હોય. જો સાંકેતિક ભાષામાં મનોભાવ રજૂ કરવાથી કામ ન થતું હોય તો પોતાની વાતને સ્પષ્ટ રૂપથી નમ્ર ભાષામાં કહી દો. તેને અંદરને અંદર દબાવી રાખીને પોતાને વધુ મુશ્કેલીમાં ન મૂકશો.

સંકોચ તે વાતોને કહેવામાં થાય છે, જેમાં બીજાને કાંઈક નુકસાન અથવા પોતાને કંઈક લાભ થવાની શક્યતા હોય છે. એવો પ્રસ્તાવ મૂકતાં સંકોચ એ માટે થાય છે કે પોતાની ઉદારતા તથા સહનશીલતાને કલંક લાગે, પ્રામાણિકતા પર આક્ષેપ કરવામાં આવશે અથવા ક્રોધના ભોગ બનવું પડશે. જો આપનો પક્ષ યોગ્ય, સાચો અને ન્યાયપૂર્ણ હોય તો આ કારણોથી સંકોચ રાખવાની કોઇ જરૂરિયાત નથી. હા, જો આપની માંગણી અનીતિયુક્ત હોય તો અધિકારોના રક્ષણ માટે નિર્ભયતાપૂર્વક આપની માંગણી રજૂ કરવી જોઈએ. દરેક મનુષ્યની પવિત્ર ફરજ છે કે માનવતાના અધિકારો મેળવે અને તેમની રક્ષા કરે. ફક્ત વ્યક્તિગત સ્વાર્થ માટે નહીં પરંતુ એ માટે કે અપહરણ અને કાયરતા આ બંને ઘાતક તત્ત્વોનો અંત આવે. ■

*પોતાની જાત પાસેથી કામ લેવામાં બુદ્ધિનો ઉપયોગ કરવો પડે અને બીજાની પાસેથી કામ લેવામાં હૃદયનો ઉપયોગ કરવો પડે.*

અતુલ સોની

# જ્ઞાતિ એકતાનો એક દાયકો

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની વર્ષ ૨૦૦૬માં સ્થાપના થયા બાદ સમસ્ત સમાજની એકતાના એક દાયકાની સફર પૂરી થયેલ છે. દસ વર્ષ પૂર્વે જ્ઞાતિના ઘટકોની પ્રવૃત્તિઓ સ્થાનિક હતી. જ્ઞાતિ ઘટકો વચ્ચેનો પરસ્પર સંપર્ક નહિંવત્ હતો. ખાસ કરીને કચ્છ બહાર વસતા પરિવારો અને ત્યાંના સ્થાનિક ઘટક સમાજ કચ્છ સ્થિત સમાજના મુખ્ય પ્રવાહથી દૂર રહેવાનું મહેસુસ કરતા હતા. મહામંડળની સ્થાપના બાદ પરસ્પર સંપર્કનો સેતુ સુલભ બન્યો છે. મહામંડળની એક દાયકાની સફર દરમિયાન થયેલ સંગઠનાત્મક પ્રવૃત્તિની આ એક ઉપલબ્ધિ ગણી શકાય. આજે દેશના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયો વસેલો આપણો નાનકડો સમાજ મહામંડળ અને તેના અસ્તિત્વ અંગે સારી પેઠે જાગૃત થયો છે. આપણો સમાજ હવે ભૌગોલિક, આર્થિક, સામાજિક અંતરાયો પાર કરીને સંગઠિત થયો છે. જેનું પ્રતિબિંબ મહામંડળ છે. મહામંડળ આપણું 'સહિયારૂ' છે. તેનાથી જ આપણું સામૂહિક વજૂદ પ્રસ્થાપિત થાય છે.



શ્રી પ્રભુદાસભાઈ ગુજરાતી

મહામંડળની સ્થાપનાની વાત કરીએ તો તેનું ગઠન જુલાઈ-૨૦૦૬માં ખેડબ્રહ્મા ખાતે યોજાયેલ 'ચિંતન શિબિર'ના જ્ઞાતિ અગ્રણીઓના બે દિવસીય મનોમંથન બાદ નવનીત સ્વરૂપે થયેલ.

તા. ૨૩-૭-૨૦૦૬ના રોજ મહામંડળની સ્થાપના અંગે નિર્ણય લેવાયા બાદ તેના પ્રથમ પ્રમુખ તરીકે શ્રી પ્રભુદાસ ખેતશી સોનીના નામની દરખાસ્ત શ્રી અતુલ સોનીએ કરેલ, જેને તત્કાલીન ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકીએ ટેકો આપતા ૧૦૧ જેટલા જ્ઞાતિ મહાનુભાવોએ તાળીના ગડગડાટ સાથે જાહેરાતને વધાવી લીધેલ.



શ્રી પ્રેમજીભાઈ સોલંકી

ત્યારબાદ તા. ૧૩-૧૨-૨૦૦૬ના રોજ ભુજ ખાતે યોજાયેલ પ્રથમ અધિવેશનમાં મહામંડળને પૂર્ણતઃ વૈધાનિક સ્વરૂપ આપવામાં આવ્યું. બંધારણની રચના થઈ અને તે અંતર્ગત ટ્રસ્ટીમંડળ અને કારોબારી સમિતિ તેમજ અન્ય સમિતિઓ રચાઈ. પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ તથા મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ કેશવજી સોલંકીની રાહબરી હેઠળ મહામંડળ કાર્યરત થયું.

- **યુવા પરિચય મેળો :**

વર્ષ ૨૦૦૭માં મહામંડળના પ્રથમ કાર્યક્રમ ઉપપ્રમુખ શ્રી હરિલાલ લખમશી વિશાપરમારના નેતૃત્વમાં ભુજ ખાતે 'યુવા પરિચય મેળા'નું સફળ આયોજન થયું.

- **શિક્ષણ ક્ષેત્ર :**

મહામંડળનો એક મહત્ત્વનો ઉદ્દેશ, સમાજમાં શિક્ષણને પ્રોત્સાહન મળે તેવી પ્રવૃત્તિ કરવાનો રહેલ છે. પ્રથમ શ્રી રસિકભાઈ મહીચા તેમજ ત્યારબાદ શ્રી ચેતન બારમેડાના કન્વીનરપદે ૨૦૦૯ અને ૨૦૧૨ના વર્ષમાં અધિવેશન સમયે સમાજના ઉચ્ચ શિક્ષણ મેળવેલ તેમજ વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. આ ઉપરાંત સમયાંતરે 'કારકિર્દી માર્ગદર્શન સેમિનાર' યોજી વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપતી પ્રવૃત્તિઓ કરવામાં આવેલ છે.

- **સામાજિક ક્ષેત્રે :**

સામાજિક સમિતિના પ્રથમ કન્વીનર શ્રી ઈન્દુભાઈ સોલંકીએ સામાજિક રિવાજો બાબતે ઉપયોગી સૂચનો રજૂ કરેલ. ત્યારબાદ આ સમિતિના કન્વીનર રહેલ શ્રી શિવલાલ શામજી મૈચાએ 'સગપણ વિચ્છેદ'ની સમસ્યાને પ્રાધાન્ય આપી સમાજમાં જાગૃતિ આવે તે માટે 'જ્ઞાતિસેતુ' મારફતે 'સમજણના સૂર' અભિયાન ચલાવેલ. ઉપરાંત આ માટે યુવા મિલન યોજેલ.

- **મહિલા સેલ :**

સામાજિક ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી વધે અને સમાજમાં મહિલાઓની પ્રતિષ્ઠા વધે તે હેતુથી શ્રીમતી લતાબેન સોલંકીના વડપણમાં 'મહિલા સેલ' કાર્યકર કરવામાં આવેલ છે. જે અંતર્ગત સમયાંતરે ક્રાફ્ટ મેળાઓ યોજવામાં આવેલ. આ ઉપરાંત 'મેરેજ બ્યુરો'ની સતત ચાલતી પ્રવૃત્તિનું આયોજન થયેલ છે.

● **કલા સાંસ્કૃતિક ક્ષેત્ર :**

કુ. સુધા બુધ્ધભટ્ટીના નેતૃત્વ હેઠળ કલા અને સાંસ્કૃતિક સમિતિ સદા કાર્યશીલ રહેલ છે. અધિવેશન દરમ્યાન સમગ્ર દેશમાંથી વિવિધ કલાકારોની કૃતિઓ રજૂ કરવામાં આવેલ છે. તે ઉપરાંત ઉપયોગી પ્રોજેક્ટ્સ દ્વારા પ્રવૃત્તિઓ કરવામાં આવેલ છે.



**ચિંતન શિબિરમાં પ્રભુદાસભાઈનું સ્વાગત કરતા સ્વ. જેઠાલાલ જીવરામ સોની**

● **વડીલ વંદના :**

જેમ પરિવારમાં વડીલોનું એક મહત્ત્વનું સ્થાન છે તેમ સમાજમાં પણ વડીલોની પ્રતિષ્ઠા થાય તે હેતુથી મહામંડળના દ્વિતીય અધિવેશન દરમ્યાન સમાજના ૭૫ વર્ષથી વધારે વય ધરાવતા વડીલોનું સન્માન કરવામાં આવેલ. આ કાર્યક્રમ પ્રશંસાને પાત્ર રહેલ.

● **વિવિધ સ્થળોએ મીટિંગ :**

મહામંડળ, એ સમગ્ર દેશમાં વસતા પરિવારોનું પ્રતિનિધિત્વ કરે છે. આથી વિવિધ સ્થળે વસતા પરિવારો સાથે ઐક્ય સ્થાપવાના ઉદ્દેશથી મહામંડળ દ્વારા ભુજ ઉપરાંત અંજાર, નખત્રાણા, કોટડા (જ.), રાયપુર તથા અમદાવાદ મુકામે વિવિધ સમયે મીટિંગ યોજવામાં આવેલ છે.

**મહામંડળ સમક્ષના પડકારો :**

વિવિધ સમાજોને એકસૂત્રે બાંધી વિકાસના કાર્યો કરવા ખૂબ કઠિન હોય છે. 'સ્થાનિક ભાવ' હંમેશાં બળવત્તર હોય છે. એટલે 'સામૂહિક ભાવ'ને સંકલિત કરવાનું કાર્ય હંમેશાં મુશ્કેલ હોય છે. કોઈપણ કાર્ય માટે માનવબળની સાથે નાણાંકીય બળ મળે તે જરૂરી છે. બીજું, મહામંડળ સાથે લોકોની અપેક્ષાઓ જોડાયેલ છે. જેને પૂર્ણ કરવા માટે મોટા પ્રમાણમાં આર્થિક અને માનવ સંશાધનોની જરૂરત પડે છે. આથી સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓને સાતત્યપૂર્ણ ચલાવવા અંગેનું આયોજન, એ પડકારજનક ગણાય છે.


## MATRIMONIAL



**Name** : Sachin Dilipbhai Soni
**Address** : 58, Laxminarayan Soc. B/h. Shilpa Medical, Hirawadi Road, Hirawadi, Ahmedabad-382 350.
**Birth Date** : 18th November, 1988
**Birth Place** : Kathlal (Kheda)
**Birth Time** : 01.30 a.m.
**Caste** : Pomal (Soni)
**Education** : C.A., B.Com.
**Occpuation** : In practice and Service
**Height** : 5'10"
**Weight** : 80 Kg.

***FAMILY DETAILS :***

**Father** : Dilipbhai D. Soni (Business)
**Mother** : Chandrikaben D. Soni
**Sister** : Payal D. Soni (Service)
**Contact No.** : 9998296086, 9429585562, 9429204002

## MATRIMONIAL



**Name** : Vijay Gopalbhai Hedau
**Father Name** : Gopalbhai Jerambhai Hedau
**Address** : 1, Nar Narayan Nagar, B/h. Collector Office, Bhuj, Kutch.
**Birth Date** : 24-02-1988
**Birth Time** : 04.40 p.m.
**Birth Place** : Sukhpar
**Height** : 5'11"
**Weight** : 70 Kg.
**Education** : M.B.A.
**Occpuation** : Marketing Manager in OPPO Mobiles
**Job Location** : Surat
**Contact No.** : 93276 86528, 83067 11881 96627 12052

*'જ્ઞાતિસેતુ' સાથે વાતચીત દરમ્યાન સમાજના મહાનુભાવોએ મહામંડળને શુભેચ્છા પાઠવી.*

★ **દિલીપભાઈ બગ્ગા - ભુજ (પ્રમુખ, ભુજ જ્ઞાતિ)**
મહામંડળના દશાબ્દી વર્ષમાં સૌ જ્ઞાતિજનોને શુભકામના પાઠવું છું અને ઉત્તરોત્તર સારા કાર્ય થાય તેવી શુભેચ્છા.

★ **હરિલાલ લખમશી વિશાપરમાર (ઉપપ્રમુખ - મહામંડળ)**
સૌના સાથ સહકારથી મહામંડળે દસ વર્ષની સફર સફળતાપૂર્વક પૂર્ણ કરી. હજુ મહામંડળે ઘણો પંથ કાપવાનો બાકી છે. મહામંડળ દરેક ગામ - દરેક પરિવાર સુધી પહોંચે અને છેવાડાના સ્તર સુધી જ્ઞાતિનો વિકાસ પહોંચે ત્યારે મહામંડળ સાર્થક થયું ગણાય. મહામંડળના કાર્ય માટે દરેક ગામ - શહેરમાં કો-ઓર્ડિનેટર કમિટી હોય તો કાર્ય સરળ બને અને મહામંડળનો વ્યાપ વધે.

★ **લખમશીભાઇ કોટડિયા - નખત્રાણા (ઉપપ્રમુખ, મહામંડળ)**
મહામંડળના દસ વર્ષમાં જ્ઞાતિજનો વચ્ચે સંપર્ક વધ્યા છે અને હજુ પરસ્પર વધુ સંપર્ક વધે અને સૌ સાથે મળી કાર્ય કરે તેવી શુભકામના. બીજું, મહામંડળને આર્થિક રીતે સક્ષમ કરવા આવક વધારવી જોઈએ. હવે દસ વર્ષ પછી નવી યુવાન પેઢીને મહામંડળના કાર્યમાં સ્થાન આપવું જોઈએ. નવી યુવાન પેઢી અને અનુભવી વડીલ પેઢી સાથે મળી કાર્ય કરે તેવી જરૂરત છે.

★ **ભરતભાઈ બગ્ગા (પ્રમુખ - ગાંધીધામ ઉત્કર્ષ મંડળ)**
મહામંડળના દશાબ્દી વર્ષે શુભેચ્છા. સમસ્ત સમાજ માટે મેડિકલ અને એજ્યુકેશન ક્ષેત્રે વધારે કાર્યો થાય તેવી સમાજમાં અપેક્ષા છે. મહામંડળમાં નાણાંકીય ફંડના અભાવે આ બાબતે વિશેષ કાર્ય કરવામાં મુશ્કેલી થાય છે. તેથી આર્થિક રીતે મહામંડળ સક્ષમ બને તે જરૂરી છે. આપણા સમાજના પરિવારો મોટાભાગે કચ્છમાં વસે છે પરંતુ કચ્છ બહાર રાયપુર - અમદાવાદ - સાબરકાંઠા વિ. સ્થળોએ વસતા પરિવારોને મહામંડળની પ્રવૃત્તિની જાણકારી મળે તે જરૂરી છે. જેથી સમાજની ભાવના વધે. મહામંડળની મીટિંગમાં બહારથી સભ્યો ન આવી શકે તો તેમને દરેક મીટિંગની મિનિટ્સ મોકલાવીએ તો તેમને મહામંડળની પ્રવૃત્તિનો ખ્યાલ આવે તેવું મારૂં માનવું છે.

★ **ફોરમ સુરેશભાઈ પોમલ (પ્રમુખ, અંજાર જ્ઞાતિ)**
મહામંડળને દસ વર્ષ પૂરા થયા તે માટે અભિનંદન. હવે આગામી સમયમાં મહામંડળે યોગ્ય યોજના બનાવી દેશના અલગ અલગ વિસ્તારોમાં વસતા પરિવારોને સાંકળવા કાર્ય કરવું જરૂરી છે. આ માટે ટેકનોલોજીને સહારે યંગ ટીમ દ્વારા સમગ્ર દેશના પરિવારોની વિગતનું ડેટાબેઝ તૈયાર કરવો જોઈએ. સોશિયલ અને અન્ય મીડિયાનો ઉપયોગ કરી સંપર્ક વિકસે જેથી વિવિધ પ્રવૃત્તિઓ કરી શકાય.

★ **જયમીનભાઈ સોની (પ્રમુખ - અમદાવાદ જ્ઞાતિ)**
મહામંડળને દશાબ્દી વર્ષે શુભેચ્છા. આગામી સમયમાં મહામંડળ વધુ પ્રગતિ કરે અને એજ્યુકેશન અને મેડિકલ ક્ષેત્રે વધુ સહાયરૂપ થવા કાર્યો થાય. કોઈ એક યોગ્ય જગ્યા પર શિક્ષણ માટે હોસ્ટેલ / ભવન બને અને વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવી અમારી શુભકામના.

★ **કૌશિકભાઈ કટ્ટા (પ્રમુખ - રાયપુર જ્ઞાતિ)**
મહામંડળને દસ વર્ષ પૂરા થયા તે માટે રાયપુર જ્ઞાતિ તરફથી અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું. વિશેષમાં મહામંડળની મીટિંગ અલગ અલગ સ્થળોએ યોજાય અને વધુને વધુ લોકો જોડાય તો સારી પ્રગતિ થઈ શકે. મહામંડળ દ્વારા દર વર્ષે અલગ અલગ સ્થળે યુવક - યુવતી પરિચય મેળાનું આયોજન કરવું જોઈએ તેવું મારૂં સૂચન છે.

★ **હરેશ નેણશીભાઈ સોની (પ્રમુખ - માંડવી જ્ઞાતિ)**
મહામંડળને દશાબ્દી વર્ષે ખૂબ ખૂબ અભિનંદન. વધુને વધુ પ્રગતિ કરે તેવી પ્રભુને પ્રાર્થના.

★ **કાંતિલાલ દામજીભાઇ સોની - કોઠારા**
મહામંડળને દશાબ્દી વર્ષની શુભકામના. વર્ષે વર્ષે સારા કાર્યો થતા રહે તેવી શુભેચ્છા.

★ **ડોલરભાઈ જેન્તીલાલ સાકરિયા - મુંબઈ**
મહામંડળને દશાબ્દી વર્ષની શુભકામના. વધુને વધુ સારા કાર્યો થતા રહે તેવી શુભેચ્છા.

★ **ગોપાલભાઈ શામજીભાઈ સોની (પ્રમુખ - સાબરકાંઠા જ્ઞાતિ)**
મહામંડળને દશાબ્દી વર્ષની શુભેચ્છા. સૌના સાથ સહકારથી આગામી દસ વર્ષમાં શિક્ષણ વધે તેવી પ્રવૃત્તિ થાય તેવી શુભ કામના. ■

# અમદાવાદ : મેડિકલ સહાયતા યોજનાનો શુભારંભ

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ દ્વારા સંચાલિત

MED+AID

સ્વ. કાન્તીલાલ નાગજીભાઈ બારમેડા
મેડિકલ સહાયતા ફંડ

### સૂચિત પ્રવૃત્તિઓ :

*અમદાવાદમાં દર્દી / તેમના સગાસંબંધીને રહેવા માટે વ્યવસ્થા કરવામાં સહાય.*

★

*દવાખાના - હોસ્પિટલ અંગે માર્ગદર્શન*

★

*દર્દીની સારવાર દરમ્યાન જરૂરી રક્ત (લોહી) મેળવવા સહાય*

★

*સ્વાસ્થ્ય વીમા - મેડિક્લેમ વિશે જાગૃતિ*

★

*સરકારી મેડિકલ યોજનાઓનાં લાભ લેવા અંગે*

★

*એમ્બ્યુલન્સ માટે વ્યવસ્થા*

## સ્વ. કાંતિલાલ નાગજીભાઈ બારમેડા મેડિકલ સહાયતા ફંડની રચના

છેલ્લા ઘણા વખતથી કચ્છ અને અન્ય સ્થળેથી તબીબી સારવાર માટે અમદાવાદ આવતા આપણા સમાજના દર્દીઓની સંખ્યા વધતી જાય છે. સમાજનાં પરિવારોની મુશ્કેલીમાં સહાયરૂપ થવાનો અમદાવાદ જ્ઞાતિનો સદા અભિગમ રહ્યો છે.

અનુભવે એવું જણાયેલ છે કે બહારગામથી આવતી વ્યક્તિઓને અમદાવાદમાં ઉપલબ્ધ સારવારની સવલતો વિશે વિશેષ જાણકારી ન હોવાથી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. કેટલાક ગરીબ દર્દીઓને હોસ્પિટલનો ખર્ચ, દવાનો ખર્ચ ઉપરાંત રહેવા અંગેના ખર્ચ કરવા શક્તિ ન હોવાથી ખૂબ જ તકલીફ પડે છે.

વિકટ પરિસ્થિતિમાં જ્ઞાતિજનોને સહાયરૂપ થવાની સમાજની ફરજ છે. અમદાવાદ જ્ઞાતિ પોતાની નૈતિક ફરજ સમજીને સારવાર માટે અમદાવાદ આવતા જરૂરિયાતમંદ દર્દીઓ માટે વિશેષ યોજના તૈયાર કરેલ છે. આ યોજના હેઠળ અમદાવાદ જ્ઞાતિનાં સભ્યો તેમજ બહારગામથી આવતા જ્ઞાતિજનોને સહાયરૂપ થવા યોજના બનાવેલ છે.

- **જરૂરિયાતમંદ દર્દીઓને આર્થિક સહાય :**

સમાજના અત્યંત ગરીબ દર્દી અમદાવાદ ખાતે સારવાર માટે આવે ત્યારે તેમના સારવાર ખર્ચમાં આંશિકરૂપે મદદ કરવાનું વિચારવામાં આવેલ છે. સમાજનાં મહામંડળ તેમજ જે તે ઘટક સમાજનાં દાતાઓ ગરીબ દર્દીઓને આર્થિક સહાય કરતા હોય છે. પરંતુ સંજોગોવસાત દર્દીઓને વિશેષ જરૂરિયાત પડે તો અમદાવાદ જ્ઞાતિનાં મેડિકલ સહાયતા ફંડમાંથી દર્દીને શક્ય તેટલી સહાય આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

આ માટે અમદાવાદ જ્ઞાતિ દ્વારા 'સ્વ. કાંતિલાલ નાગજીભાઈ બારમેડા - મેડિકલ સહાયતા ફંડ'ની સ્થાપના કરવામાં આવેલ છે. 'MED+AID' મેડિકલ સહાયતા ફંડ એ જરૂરિયાતમંદ દર્દીઓ અને સમાજનાં શ્રેષ્ઠીઓ / દાતાઓ વચ્ચે સેતરૂપ બની કાર્ય કરશે. આપણા સમાજમાં એવા ઘણા દાતાઓ છે જેમને માટે માનવસેવા એ જ પ્રભુસેવા છે. જેઓ જરૂરિયાતમંદ વ્યક્તિઓને યથાશક્તિ મદદ કરવા સદા તત્પર રહે છે.

- **સહૃદયી આર્થિક સહકાર :**

અમદાવાદ જ્ઞાતિને આશા છે કે સેવાભાવી દાતાઓનાં ઉદારવાદી અભિગમ અને સહાયતાથી ગરીબ દર્દીઓને નવજીવન મળશે અને જ્ઞાતિનાં કાર્યકરોને આ સેવા યજ્ઞમાં સહાયરૂપ થવાનો અવસર મળશે.

સમગ્ર ભારતમાં અને ભારત બહાર વસતા સમાજનાં દાતાઓને સમાજનાં ગરીબ દર્દીઓનાં આસુ લૂછવામાં મદદરૂપ થવા હાર્દિક અપીલ છે.

'સ્વ. કાંતિલાલ નાગજીભાઈ બારમેડા મેડિકલ સહાયતા ફંડ'માં દાતા સ્વેચ્છાએ એકસાથે અથવા તબક્કાવાર દાન આપે તેવી વિનંતી છે. આ યોજનાની શરૂઆતમાં ઘણા દાતાઓએ સ્વેચ્છાએ દાન આપેલ છે તથા અન્ય દાતાઓ દ્વારા દર વર્ષે એક નિયત રકમ દાન સ્વરૂપે આપવાની જાહેરાત કરવામાં આવેલ છે.

અમને આશા છે કે સહૃદયી દાતાઓ તરફથી આ સેવાકીય પ્રવૃત્તિ માટે સતત સહકાર મળતો રહેશે.

આ અંગે જરૂરી કામગીરી કરવા શ્રી ગીરીશભાઈ કાંતિલાલ સોનીનાં કન્વીનરપદે મેડિકલ સહાયતા સમિતિની રચના કરવામાં આવેલ છે.

| | સહાયક | સંપર્ક નંબર |
|---|---|---|
| **જરૂરિયાતમંદ દર્દીઓને આર્થિક સહાય**<br>અમદાવાદ જ્ઞાતિનાં મેડિકલ સહાયતા ફંડમાંથી જરૂરિયાતમંદ દર્દીને શક્ય તેટલી આર્થિક સહાય આપવામાં આવશે. | ગીરીશ સોની<br>અતુલ સોની | ૯૮૨૪૦ ૬૩૯૭૦<br>૯૭૨૫૦ ૩૮૧૪૦ |
| **અમદાવાદમાં દર્દી/તેમના સગા સંબંધીને રહેવા માટે વ્યવસ્થા કરવામાં સહાય**<br>અમદાવાદ શાહીબાગ વિસ્તારમાં આવેલ શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં રહેવા-જમવાની વ્યવસ્થા છે. બહારગામથી આવતા દર્દી અગાઉથી જાણ કરે તો તેમના માટે તે સ્થળે બુકિંગ કરવાની વ્યવસ્થા આ સમિતિ દ્વારા કરવામાં આવશે. | મનુભાઈ કોટડિયા<br>દિનેશ સોની | ૯૬૦૧૨ ૭૫૦૭૮<br>૯૬૦૧૭ ૧૭૫૫૫ |
| **દવાખાના - હોસ્પિટલ અંગે માર્ગદર્શન**<br>બહારગામથી આવતા દર્દીઓને અમદાવાદની હોસ્પિટલ તથા ત્યાં ઉપલબ્ધ સવલતો વિશે જરૂર પડે આ સમિતિ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. | જ્યોતિકાબેન સોની | ૯૮૯૮૧ ૩૩૪૫૯ |
| **દર્દીઓને અને તેમના સંબંધીઓ માટે ટિફીન સેવા**<br>અમદાવાદની હોસ્પિટલમાં આવતા જરૂરિયાતમંદ દર્દીઓ અને તેમની સાથે આવેલ વ્યક્તિઓ માટે નિઃશુલ્ક ટિફીન સેવા આપવા સમિતિ દ્વારા વ્યવસ્થા કરવામાં આવશે. | સૂરજ કંસારા | ૯૩૨૮૨ ૩૪૩૭૯ |
| **દર્દીની સારવાર દરમ્યાન જરૂરી રક્ત (લોહી) મેળવવા સહાય**<br>અમદાવાદ જ્ઞાતિજનોમાંથી ઈમરજન્સીમાં રક્તદાન કરી શકે તેવી વ્યક્તિઓની યાદી બનાવવામાં આવશે. જરૂરિયાત વખતે બ્લડ (લોહી) મેળવવા શક્ય તે રીતે મદદ કરવામાં આવશે. | અમિત બીજલાની<br>નીલેશ સોની | ૯૮૨૪૦ ૪૧૭૯૬<br>૯૪૨૭૭ ૬૦૨૬૬ |
| **સ્વાસ્થ્ય વીમા - મેડિક્લેમ વિશે જાગૃતિ**<br>સમાજમાં મેડિક્લેમ વિશે જાગૃતિ આવે તે માટે 'જ્ઞાતિસેતુ'માં તથા અન્ય સામાયિકોમાં સમાંતરે જાણકારી આપવામાં આવશે. | પ્રશાંત બીજલાની | ૯૪૦૯૨ ૫૨૫૧૨ |
| **સરકારી આરોગ્ય યોજનાઓનાં લાભ લેવા અંગે**<br>આવી મેડિકલ યોજનાઓનાં લાભ અંગે યોગ્ય પ્રચાર કરવામાં આવશે. | સુનિલ બીજલાની<br>હરીશ બુધ્ધભટ્ટી | ૯૪૨૬૩ ૩૭૭૩૩<br>૯૯૯૮૯ ૫૩૦૨૨ |
| **એમ્બ્યુલન્સ માટે વ્યવસ્થા કરવામાં સહાય**<br>અમદાવાદમાં સારવાર દરમ્યાન એમ્બ્યુલન્સ સેવાની જરૂર પડે તો વ્યાજબી દરે તે સેવા ઉપલબ્ધ કરાવવામાં આવશે. | જયેશ ઘડિયાલી | ૯૦૩૩૨ ૨૭૧૭૨ |
| **મેડિકલ ફંડ માટે દાન સ્વીકાર**<br>આ સેવાયજ્ઞમાં સહાયરૂપ થવા સમાજના દાતાઓનાં દાન સ્વીકારવામાં આવશે. | જયમીન સોની<br>રાજેન્દ્ર સોની | ૯૮૨૪૫ ૪૬૬૫૦<br>૯૮૨૫૦ ૧૮૩૧૮ |

## સ્વ. કાંતિલાલ નાગજીભાઈ બારમેડા મેડિકલ સહાયતા સમિતિ

| | | |
|---|---|---|
| ગીરીશ સોની | કન્વીનર | ૯૮૨૪૦ ૬૩૯૭૦ |
| જયમીન સોની | પ્રમુખ | ૯૮૨૪૫ ૪૬૬૫૦ |
| જયેશ ઘડિયાળી | ઉપપ્રમુખ | ૯૦૩૩૨ ૨૭૧૭૨ |
| અતુલ સોની | મંત્રી | ૯૪૨૫૦ ૩૮૧૪૦ |
| સુનિલ બીજલાની | સહમંત્રી | ૯૪૨૬૩ ૩૭૭૩૩ |
| પ્રશાંત બીજલાની | ખજાનચી | ૯૪૦૯૨ ૫૨૫૧૨ |
| મનુભાઈ કોટડિયા | સભ્ય | ૯૬૦૧૨ ૭૫૦૭૮ |
| રાજેન્દ્ર સોની | સભ્ય | ૯૮૨૫૦ ૧૮૩૧૮ |
| હરીશ બુધ્ધભટ્ટી | સભ્ય | ૯૯૯૮૯ ૫૩૦૨૨ |
| દિનેશ સોની (તલોદ) | સભ્ય | ૯૬૦૧૭ ૧૭૫૫૫ |
| જ્યોતિકાબેન સોની | સભ્ય | ૯૮૯૮૧ ૩૩૪૫૯ |

# 'જ્ઞાતિસેતુ' લવાજમ અંગે અપીલ

અમદાવાદ જ્ઞાતિ દ્વારા પ્રકાશિત 'જ્ઞાતિસેતુ' દર બે માસે તેના તમામ સભ્યોને નિયમિત મોકલવામાં આવે છે. તેનું ત્રિ-વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૩૦૦/- અને આજીવન લવાજમ માત્ર રૂા. ૧૫૦૦/- છે. ખૂબ નજીવી કિંમતે સમાજની માહિતી જ્ઞાતિજનો સુધી નિયમિત મળતી રહે તે માટે તમામ સભ્યો નિયમિત લવાજમ ભરે તે ખૂબ જરૂરી છે. કેટલાક સભ્યોના લવાજમ લાંબા સમયથી બાકી છે. શક્ય છે કે તેમના ધ્યાન બહાર રહી ગયેલ હશે. આથી સર્વે સભ્યોને હાર્દિક અપીલ છે કે તેમના લવાજમની બાકી રકમ સાથે આગામી વર્ષનું લવાજમ તાત્કાલિક જમા કરાવે અને શુભ કાર્યમાં સહકાર આપે. આપના લવાજમની બાકી રકમ અંગેની માહિતી મેળવવા તથા રકમ જમા કરાવવા નીચે દર્શાવેલ જ્ઞાતિસેતુના માનદ્ સહયોગીઓનો સંપર્ક કરવા વિનંતી છે.

## ● 'જ્ઞાતિસેતુ'ના માનદ્ સહયોગીઓ ●

| ક્રમ | નામ | ગામ | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧. | શ્રી ઈશ્વરભાઈ હેડાઉ | ભુજ | ૯૪૨૯૦ ૮૩૨૯૫ |
| ૨. | શ્રી વિજયભાઈ બુધ્ધભટ્ટી | ભુજ | ૯૯૭૯૭ ૯૭૫૮૪ |
| ૩. | શ્રી અનિલભાઈ સોની | અંજાર | ૯૮૨૪૨ ૮૫૨૧૦ |
| ૪. | શ્રી પ્રફુલ્લભાઈ કંસારા | નખત્રાણા | ૯૮૭૯૧ ૨૨૨૬૫ |
| ૫. | શ્રી હિતેશભાઈ સોની | માધાપર | ૯૪૨૭૪ ૪૩૮૭૪ |
| ૬. | શ્રી વિનોદભાઈ હેડાઉ | માંડવી | ૯૮૯૮૮ ૩૧૫૨૦ |
| ૭. | શ્રી સુનીલભાઈ સોની | આદિપુર | ૯૦૩૩૦ ૪૦૫૬૬ |
| ૮. | શ્રી કિશોરભાઈ સોની | ગાંધીધામ | ૯૮૨૫૫ ૩૩૩૭૧ |
| ૯. | શ્રી પ્રશાંતભાઈ બીજલાની | અમદાવાદ | ૯૬૦૧૭ ૧૭૫૫૫ |
| ૧૦. | શ્રી દિનેશભાઈ સોની | તલોદ | ૯૪૦૯૨ ૫૨૫૧૨ |
| ૧૧. | શ્રી કૌશિકભાઈ કટ્ટા | રાયપુર | ૯૪૦૬૧ ૨૧૩૯૯ |
| ૧૨. | શ્રી ડોલરભાઈ સાકરીયા | મુંબઈ | ૯૩૨૦૫ ૭૪૭૫૭ |

અમોને વિશ્વાસ છે કે સેતુના વાચકો આ અપીલને ધ્યાનમાં લઈ લવાજમની રકમ જમા કરાવશે. વિશેષ વિગત માટે શ્રી મનુભાઈ કોટડિયા (મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮)નો સંપર્ક કરવા વિનંતી.

*– ચેરમેન જ્ઞાતિસેતુ*

## 'જ્ઞાતિસેતુ'ના લવાજમ તથા MED+AID અંગે....

**"MED+AID" માટે દાન ચેક અથવા રોકડમાં સ્વીકારવામાં આવશે.**

**બહારગામથી ચેક ડિપોઝીટ કરવા અથવા નેટ દ્વારા ફંડ ટ્રાન્સફર કરવા બેંક એકાઉન્ટની વિગત નીચે આપેલ છે.**

| | | 'જ્ઞાતિસેતુ' માટે | મેડિકલ સહાયતાન દાન માટે |
|---|---|---|---|
| **A/c. Name** | : | Shri Kachchhi Maru Kansara Soni Gnyati Mandal | Shri Kachchhi Maru Kansara Soni Gnyati Mandal |
| **A/c. No.** | : | 20008658973 | 730 5010 1000 5790 |
| **Bank** | : | Allahabad Bank | Vijaya Bank |
| **NEFT/IFSC** | : | ALLA0211929 | VIJB0007305 |
| **Branch** | : | S.P. Nagar Branch, Ahmedabad. | Manek Chowk |

**ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : (૦૭૯) ૨૨૧૪ ૪૦૦૮ ઈ-મેલ : medaidfund@gmail.com**

# અમદાવાદમાં સારવાર

**અતુલ સોની**

આરોગ્યપ્રદ અને નિરામય જીવન એ પ્રભુના આશીર્વાદ જ ગણાય છે. હાલના સમયમાં વિજ્ઞાન દ્વારા આરોગ્ય ચિકિત્સા ક્ષેત્રે ઘણી પ્રગતિ થઈ છે તેમ છતાં જ્યારે પરિવારમાં કોઈ વ્યક્તિ ગંભીર રીતે બીમાર થાય ત્યારે આખા પરિવાર પર મુશ્કેલી આવી જાય છે તે હકીકત છે. અગાઉ જીવલેણ ગણાતા ઘણા રોગો માટે હવે સારવાર શક્ય બનેલ છે. પરંતુ સારવાર ખર્ચાળ બની હોવાથી મધ્યમવર્ગીય સામાન્યજન માટે વિકટ પરિસ્થિતિ ઊભી થાય છે. વૃધ્ધાવસ્થામાં આવતી બીમારીને સ્વાભાવિક ગણી શકાય પરંતુ યુવાવયે જો કોઈ પરિવારજન બીમાર થાય તો મુશ્કેલીનો પાર ન હોય. આપણા સમાજના સંદર્ભમાં વાત કરીએ તો ભુજ ખાતે અદ્યતન સિવિલ હોસ્પિટલ બની હોવા છતાં ત્યાં ગંભીર રોગ માટે સારવાર થતી જ નથી. કચ્છના અન્ય સ્થળોએ નિષ્ણાત ડૉક્ટરો ઉપલબ્ધ ન હોઈ સારવાર માટે દર્દીને બહારગામ એટલે કે અમદાવાદ કે રાજકોટ જેવા સ્થળોએ લઇ જવા પડે છે. મેડિકલ ક્ષેત્રે અમદાવાદ સારવારનું મહત્ત્વનું કેન્દ્ર બનેલ છે. અહીં તમામ પ્રકારની સારવાર માટે નિષ્ણાત ડૉક્ટરો મળી રહે છે. અહીં તમામ પ્રકારની હોસ્પિટલો પણ આવેલ છે. જેમાં સિવિલ હોસ્પિટલ, એ એશિયાની સૌથી મોટી હોસ્પિટલ ગણાય છે.

અમદાવાદ ખાતે સારવાર માટે કોઈ દર્દીને લાવવાની જરૂરત ઊભી થાય તો તે બાબતે કેટલાક મુદ્દા જરૂરથી વિચારણામાં લેવા જોઈએ :

૧. અમદાવાદ જેવા મોટા શહેરમાં સારવાર કેટલી ખર્ચાળ થશે તેનો અંદાજ હોવો જરૂરી છે. સ્થાનિક ડૉક્ટર જ્યારે પેશન્ટને અમદાવાદ જેવા સ્થળે લઈ જવાની સલાહ આપે ત્યારે દર્દીના સંબંધીઓએ આગળની સારવાર બાબત જરૂરી તમામ માહિતી મેળવવી જરૂરી છે. જેમાં કયા પ્રકારના નિષ્ણાત ડૉક્ટરની જરૂરત પડશે, અંદાજિત ખર્ચ કેટલો થશે વગેરે ડૉક્ટર જો કોઈ ખાસ હોસ્પિટલ માટે ભલામણ કરે તો બીજી કઈ કઇ હોસ્પિટલમાં જઈ શકાય તેની માહિતી પણ મેળવવી. કારણકે ઘણા કિસ્સામાં અમદાવાદની પ્રાઇવેટ હોસ્પિટલો દ્વારા સ્થાનિક ડોક્ટરોને પેશન્ટ મોકલવા કમિશન અપાતું હોય તેવું જાણવામાં આવેલ છે.

૨. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારની સારવાર થાય છે. સરકારી હોસ્પિટલ હોવાથી સારવાર ખર્ચ ઓછો આવે છે. આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ (વી.એસ. હોસ્પિટલ)માં પણ ઘણી બધી સારવાર ઉપલબ્ધ છે. આ બાબતે ખાસ એ ધ્યાન રાખવું કે આ સરકારી જનરલ હોસ્પિટલ હોવાથી ત્યાં દર્દીઓની સંખ્યા ખૂબ વધારે હોય છે. તેથી સારવાર દરમિયાન ખૂબ ધીરજ રાખવી પડે છે. આ હોસ્પિટલમાં સારવાર લેનાર દર્દી સાથે ઓછામાં ઓછા બે જણ હોવા જરૂરી બને છે, જે તેને મદદરૂપ થાય.

૩. અનુભવે એવું જાણવામાં આવેલ છે કે દર્દીને અમદાવાદ લાવવામાં આવે ત્યારે સાતથી દસ વ્યક્તિઓ સાથે આવે છે. વધારે પડતી સંખ્યાથી પણ સમસ્યા સર્જાય છે. આથી જરૂરત કરતાં વધારે વ્યક્તિઓ સાથે ન આવે, પરંતુ કંઈક જાણકાર અને અનુભવી બે વ્યક્તિ સાથે આવે તે જરૂરી બને છે.

૪. દર્દીને હોસ્પિટલમાં લાંબા સમય માટે રહેવાનું થાય ત્યારે સાથે આવેલ સગા-સંબંધીઓ માટે રહેવા-જમવાની સગવડ કરવી મુશ્કેલ બનતી હોય છે. કોર્પોરેટ મોટી હોસ્પિટલોમાં પણ તેમના માટે ખાસ સગવડ હોતી નથી. વળી, દર્દી આઈ.સી.યુ.માં હોય ત્યારે તેમની સાથે રહેવાની પરવાનગી ન હોવાથી ખાસ મુશ્કેલી પડે છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલની પાસે 'શ્રી કચ્છી વિશ્રામ ગૃહ'માં દર્દીઓના સગા માટે રહેવા જમવાની ઉત્તમ સગવડ મળે છે.

૫. પરિવારની કોઈ વ્યક્તિ બીમાર પડે ત્યારે સ્વજનો લાગણીવશ તમામ પ્રયાસ કરવા તત્પર હોય છે. પરંતુ બહારગામ સારવારમાં અચાનક આવવાનું થાય ત્યારે નાણાંકીય વ્યવસ્થા સંભાળવી મુશ્કેલ બને છે. તેમના માટે કોર્પોરેટ હોસ્પિટલો મોંઘી છે. સિવિલ અને વી.એસ. હોસ્પિટલ આર્થિક રીતે પરવડે તેવી છે. યોગ્ય માહિતીના અભાવે ઘણી વખત આર્થિક સ્થિતિ ન હોવા છતાં મોંઘી હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીના પરિવારની હાલત કફોડી થાય છે. આથી આ બાબતે કોઈ જાણકાર વ્યક્તિની સલાહ ઉપયોગી બને છે.

૬. સમાજની કોઈ વ્યક્તિ સારવાર માટે અમદાવાદ આવે ત્યારે તેની મુશ્કેલીમાં શક્ય તે રીતે મદદરૂપ થવા તેને યોગ્ય માર્ગદર્શન આપવા માટે અમદાવાદ જ્ઞાતિના કાર્યકરો પ્રયત્નશીલ રહે છે. પરંતુ અમદાવાદ જેવા વિશાળ શહેરમાં દરેક વખતે તે પરિવારને રૂબરૂ મળવું શક્ય બનતું નથી. આમ છતાં જો કોઇ ફોન પર કે અન્ય રીતે સંપર્ક કરે તો તેને મદદરૂપ થવા શક્ય બધા જ પ્રયત્ન કરવામાં આવે છે.

અંતમાં, સ્વાસ્થ્ય અને આરોગ્યના અવતાર ભગવાન ધન્વંતરીનું સ્મરણ કરી, સમાજના સર્વેને સ્વાસ્થ્ય લાભ થાય તેવી શુભકામના. ■

## રાયપુરમાં યુવક-યુવતી પરિચય સંમેલન અને જ્ઞાતિ સંમેલન

ભારતમાં વ્યાપેલી શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિના એકત્રીકરણના પાયારૂપ શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના નિર્માણના દશાબ્દી વર્ષના ટાંકણે જ શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર (છત્તીસગઢ) ઘટક દ્વારા આગામી ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ અખિલ ભારતીય મારૂ કંસારા સોની યુવક - યુવતી પરિચય સંમેલન અને અખિલ ભારતીય મારૂ કંસારા સોની પદાધિકારીઓના સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. જેના તરફ સમગ્ર જ્ઞાતિજનોની ઉત્સાહ ભરેલ મીટ મંડાયેલ છે. શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા મળેલ સહર્ષ ટેકાના સંગાથે યોજાનાર સંમેલનમાં મહામંડળ પ્રમુખ પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી અને સમગ્ર ભારતભરમાંથી ૧૦૦ જેટલા જ્ઞાતિ અગ્રણીઓની ઉપસ્થિતિમાં સમાચારથી સમગ્ર જ્ઞાતિ ઘટકોમાં અનેરો ઉત્સાહ વરતાઈ રહ્યો છે. સંમેલનના આયોજક ઘટકના પ્રમુખ કૌશિકભાઈ કિશોરભાઈ કટ્ટાની યાદી મુજબ છ માસથી ચાલી રહેલ પૂર્વાયોજનની તૈયારીના પરિપાકરૂપે પરિચય સંમેલનની રૂપરેખા ઘડી કઢાઈ છે. પરિચય સંમેલનમાં જોડાવા ઈચ્છુક પક્ષકારે રૂા. ૧૫૦૦/- રજિસ્ટ્રેશન ફી સાથે ફોર્મ ભરીને વ્યવસ્થાપક સમિતિ સુધી પહોંચાડવાના રહેશે. જે ભારતભરના તમામ જ્ઞાતિ ઘટકનો સંપર્ક સાધી મેળવી શકાશે. જોડાનાર પક્ષકાર યુવક-યુવતીની સંગાથે બે પરિવારજનની વ્યવસ્થા પણ રાયપુર ઘટક દ્વારા કરવામાં આવશે. અગાઉ જ્ઞાતિ મહામંડળ દ્વારા પ્રથમ પરિચય સંમેલન બાદ કોઈ ઘટક ગુજરાત રાજ્ય બહાર આવું પ્રથમ આયોજન યોજી રહ્યું છે. ત્યારે આ આયોજનનો સફળ બનાવવા સમગ્ર જ્ઞાતિજનો પાસે સહકારની અપેક્ષા સાથે પ્રતિભાવ અને આર્થિક સહયોગ માટે અનુરોધ કરવામાં આવ્યો છે. જે મુજબ મુખ્ય પ્રાયોજકરૂપે સહયોગ આપવા માટે રૂા. ૫૧,૦૦૦/-, વિશેષ પ્રાયોજક માટે રૂા. ૩૧,૦૦૦/-, સહપ્રાયોજક માટે રૂા. ૧૧,૦૦૦/- અને અન્ય પ્રાયોજક માટે રૂા. ૫,૦૦૦/-નો સહયોગ આપવા તા. ૩૦મી ઓગસ્ટ, ૨૦૧૬ સુધી વ્યવસ્થાપક સમિતિનો સંપર્ક કરવા ઈજન આપવામાં આવ્યું છે. 'ચલો રાયપુર'ના સ્લોગન સાથે આ સમગ્ર આયોજન માટે અનેરા ઉત્સાહમાં વધારો કરતા સોશિયલ મીડિયાનો પણ ઉપયોગ કરવા વિવિધ ઍપ્સ ગ્રુપ પણ બનાવવામાં આવ્યા છે. તો નાણાંકીય વ્યવહારની સરળતા માટે વિશિષ્ટ બેન્કિંગ વ્યવસ્થા કરવામાં આવેલ છે. સમગ્ર આયોજન અંગે વિવિધ વિગતો માટે રાયપુર ઘટક અને સમગ્ર ભારતના ઘટકના સંબંધિત જ્ઞાતિ અગ્રણીઓનો સંપર્ક કરવા ભારતભરના જ્ઞાતિજનોને ઈજન આપવામાં આવેલ છે.

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

**લતાબેન આઈ. સોલંકી**



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળે તા. ૭-૭-૨૦૧૬ના રોજ ૯ વર્ષ પૂર્ણ કરી દસમા વર્ષમાં મંગલ પ્રવેશ કરતાં "ચાર્ટર ડે" નિમિત્તે લગ્નવાડી મુકામે "વન મિનિટ" ગેમ શો નું આયોજન કરવામાં આવેલ જેમાં બહોળી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં સુધા એ. બુધ્ધભટ્ટીએ પ્રાસંગિક પ્રવચન સાથે મહિલા મંડળનું આગામી વર્ષ પ્રગતિમય રહે તેવી શુભકામના વ્યક્ત કરેલ અને ત્યારબાદ અનોખી અદાથી બહેનોને ગેમ્સ રમાડી હતી. જેમાં બહેનોએ ઉમંગભેર ભાગ લીધેલ. પ્રથમ ગેમ (યોગા ગેમ્સ)માં ભાવનાબેન ચનાણી પ્રથમ વિજેતા તેમજ જુલી એન. ચનાણી દ્વિતીય વિજેતા જાહેર થયેલ. જ્યારે દ્વિતીય ગેમ (પ્રાસંગિક ગેમ)માં કીમ જે. છત્રાળા પ્રથમ વિજેતા તેમજ ઈંદીરાબેન વાય. સોલંકી દ્વિતીય વિજેતા જાહેર થયેલ. ડિમ્પલબેન સોની તેમજ મધુબેન એમ. પોમલે સુંદર અદાથી ગેમ રમી લોકોને ભાવવિભોર કરેલ. પ્રોજેક્ટ ચેરપર્સન દયાબેન પરમાર તેમજ જયશ્રીબેન જે. બુધ્ધભટ્ટીએ કાર્યક્રમનું

સુંદર આયોજન કરેલ. મહિલા મંડળના પ્રમુખ શ્રી રોહિણીબેન બી. બુધ્ધભટ્ટીએ 'માં અમૃતમયી' યોજના અંગેની માહિતી આપી જરૂરિયાતમંદ બહેનોને સાથ સહકાર આપવાનું જણાવેલ. ઓપન ગેમ 'હાઉસી'નું પણ સુંદર આયોજન કરવામાં આવેલ. જેમાં દરેક બહેનોએ ભાગ લઈ



નિયમોનુસાર વિજેતા થયેલ. દરેક ગેમ્સમાં વિજેતા થયેલ બહેનોને કારોબારી સભ્યોના હસ્તે ઈનામો આપવામાં આવેલ.

કાર્યક્રમને સફળ બનાવા પ્રીતિબેન ડી. બગ્ગા, રીટાબેન ડી. બુધ્ધભટ્ટી, ભાવનાબેન ડી. બુધ્ધભટ્ટી, નીલાબેન એમ. પોમલે સાથ આપ્યો હતો.

## મહિલા મંડળ - અંજાર

**અંજના એન. પોમલ**

અંજાર જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા તા. ૨૪-૫થી તા. ૨૮-૫-૨૦૧૬ સુધી પાંચ દિવસીય ક્રિએટીવ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના અંતર્ગત બહેનોને રસરૂચિ તથા ઉપયોગી આઈટમ શીખવવામાં આવી હતી. જેમાં પ્રથમ દિવસે વીણાબે ગુજરાતીના સંબંધી બહેન દ્વારા ઠંડાઇ તથા કોકટેલ (ઠંડા પીણા) બનાવતા શીખવાડવામાં આવ્યું હતું. તેમજ સુશીલાબેન સાકરીયાએ રોજીંદા ઉપયોગી બની રહેતા છોલે, પાઉંભાજી તથા સંભાર મસાલા શીખવ્યા હતા.

બીજા દિવસે કુ. દામિની છત્રાળાએ ન્યુઝ પેપરમાંથી વોલેટ, ટીશર્ટમાંથી ઝોલો બેગ તથા પાણીની બોટલમાંથી બેંગલ્સ એટલે કે વેસ્ટમાંથી બેસ્ટ બનાવતા શીખવાડ્યું હતું. કુ. પ્રિયલ ગુજરાતીએ પેપર ક્વિલિંગ આર્ટ શીખવાડી હતી. જેમાં નીડલ, કોમ્બ, ફર્મો તથા જીગજેગ મશીન દ્વારા એરીંગ (ઓર્નામેન્ટ્સ), દીવા



ડેકોરેશન, કવર ડેકોરેશન બનાવવાનું બેઝીક નોલેજ આપ્યું હતું. તેમણે અગાઉથી બનાવેલ વિવિધ આઈટમો પ્રદર્શિત કરીને કહ્યું હતું કે, આ મુજબ ઘણી જ આઈટમો બની શકે છે. છેલ્લા બે દિવસ દેવીનાબેન બુધ્ધભટ્ટીએ સ્ટેન્સીલ વર્ક, ટાઇ એન્ડ ડાય તથા બ્લોક પ્રિન્ટ બનાવવાનું શીખવ્યું હતું. આ કાર્યક્રમમાં ૫૦થી વધુ બહેનોએ શીખવાનો લહાવો લીધો હતો. આપણા સમાજની જ કલા કારીગરીમાં નિપુણ ટ્રેનર બહેનોના ટેલેન્ટને પણ યોગ્ય પ્લેટફોર્મ મળ્યું હતું. શીખવવા માટેનું મટીરીયલ પણ ટ્રેનર બહેનો સ્વ-ખર્ચે જ લાવ્યા હતા. ક્રિએટીવ વર્કશોપમાં ટ્રેનર બહેનો વીણાબેન ગુજરાતી, સુશીલાબેન સાકરીયા, કુ. દામિની છત્રાળા, કુ. પ્રિયલ ગુજરાતી તથા દેવીનાબેન બુધ્ધભટ્ટીને મહિલા મંડળે મોમેન્ટો આપી સન્માનિત કરી આભાર વ્યક્ત કર્યો હતો.

બહેનોની પસંદગી તો નવું નવું શીખવાની રહેતી જ હોય છે. પાંચ દિવસ દરમિયાન ઉપસ્થિત બહેનોએ સૂચન કર્યું હતું કે મહિનામાં એક દિવસ આ મુજબનો કાર્યક્રમ રાખવો જોઈએ. બહેનોના સૂચન મુજબ દર મહિનાના પહેલા શનિવારે વર્કશોપ ચાલુ રાખવાનું નક્કી થયેલ. જેમાં જૂન મહિનાના પહેલા શનિવારે જ્યોતિબેન બારમેડા દ્વારા સોફ્ટ ટોયઝ (ટેડી બીયર) શીખવવામાં આવ્યું હતું. જે રીતે બહેનો શીખવા માટે ઉત્સાહી છે તેવી જ રીતે કલા કારીગરીમાં માહિર એવી બહેનો પણ શીખવાડવા માટે ઉત્સાહી છે. તેઓ સામેથી શીખવવા માટે સંપર્ક કરે છે. આગામી જુલાઈ માસમાં ઈલાબેન બારમેડા દ્વારા ભગવાનના વાઘા તથા ફ્લાવર્સ શીખવાડવામાં આવશે.

કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર બહેનોએ આ કાર્યક્રમને આવકારતાં કહ્યું હતું કે બહેનો આવી ગૃહ ઉપયોગી વસ્તુઓ ઘરે બનાવી ખર્ચમાં બચત કરી શકે છે. તો સાથેસાથે જરૂરિયાતમંદ બહેનોને ઘર બેઠા બે પૈસાની ઉપજનું સાધન પણ આવી કલા કારીગરી દ્વારા મળી રહે છે. તે ઉપરાંત વૉટ્સએપ સોની મહિલાઓના ગ્રુપના માધ્યમ દ્વારા જે બહેનો ઉપસ્થિત નહોતી રહી શકી, તેમણે પણ આ કાર્યક્રમને આવકાર્યો હતો અને આ કાર્યક્રમ ચાલુ જ રહે તેવું બહેનોનું મંતવ્ય હતું.

# દેશભરના સોનીઓએ વડાપ્રધાનનો આભાર માન્યો


## નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં વડાપ્રધાનનું અભિવાદન કરતા સોની વેપારીઓ : કચ્છમાંથી ૧૦ વેપારીઓ ઉપસ્થિત રહ્યા





એક્સાઈઝ ડ્યુટીના મુદ્દે કચ્છ સહિત દેશભરના સોની વેપારી ભાઈઓએ પોણા બે માસ સુધી પોતાના ધંધા રોજગાર બંધ કરી અચોક્કસ મુદતની હડતાળ ચલાવી હતી. દરમિયાનમાં કેન્દ્ર સરકારે એક્સાઈઝ ડ્યુટીના કાયદામાં અને ઈન્સ્પેક્ટર રાજમાં ફેરફાર કરી સોની વેપારી ભાઈઓની માંગણીને ન્યાય આપ્યો હતો. તે અંગે દેશના વડાપ્રધાનનો આભાર વ્યક્ત કરવા માટે એક કાર્યક્રમ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે ઓલ ઈન્ડિયા જેઈમ્સ એન્ડ જ્વેલરી ટ્રેડ ફેડરેશનના ઉપક્રમે તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૧૫૦૦થી વધુ એસોસિએશનના કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને દેશભરના રાજ્યોમાંથી સોની સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તમામ સભ્યોએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. કચ્છમાંથી ૧૦ એસોસિએશનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા જેમાં જગદીશભાઈ પરષોત્તમદાસ ઝવેરી, ચંદ્રકાંતભાઈ સોની, દિલીપભાઈ સોની, ભાઈલાલભાઈ ઝવેરીભાઈ સોની, હર્ષદભાઈ ધનજીભાઈ સોની, અંજારમાંથી હરીલાલભાઈ સોની, એસોસિએશનના અધ્યક્ષ ફોરમ સોની, ગાંધીધામથી મુકેશભાઈ મડિયાર, હરિચંદભાઈ સોની અને ધર્મેન્દ્રભાઈ સોની વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કચ્છમાંથી ઉપસ્થિત રહેલા એસોસિએશનના ૧૦ સભ્યોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ખાસ આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં વડાપ્રધાનની સાથે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિત શાહ, કેબિનેટ મંત્રી પીયૂષ ગોયલ, સંતોષ ગંગવારજી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ કાર્યક્રમને સંબોધન કરતા જણાવ્યું હતું કે સરકાર આખરે કોઈપણ કાયદાનું ગઠન કરે છે. વાસ્તવમાં એ કાયદાથી એક સિસ્ટમ પ્રમાણિત થતી હોય છે. કાયદો હંમેશાં પ્રજાના ભલા અને ઉત્કર્ષ માટે હોય છે. એક્સાઈઝ ડ્યુટીનો કાયદો નાણાંમંત્રીએ અમલી બનાવ્યો. આ કાયદામાં જે વિસંગતતાઓ હતી તે ઓલ ઈન્ડિયા એસોસિએશને રજૂઆતના સૂરમાં દૂર કરવા અનુરોધ કરેલ હતો. આખરે સરકારે કાયદાનો વિસ્તૃત અભ્યાસ કર્યો. જે વિસંગતતાઓ હતી તે આખરે દૂર કરી. આ કાર્યક્રમમાં નીતિન ખંડેલવાલ, નીતિન કદમ, અમૃતાબેન વગેરેએ વ્યવસ્થા સંભાળી હતી.

*સૌજન્ય : "કચ્છમિત્ર"*

# શ્રી કચ્છી સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટી



**શ્રી મનુભાઈ કોટડિયા**
**ચેરમેન**



**શ્રી અતુલ સોની**
**મેનેજિંગ ડિરેક્ટર**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, એ અમદાવાદમાં વસતા અંદાજીત ૫૦૦૦ પરિવારોની પ્રતિનિધિરૂપ સંસ્થા છે. તેના દ્વારા કર્મભૂમિ અમદાવાદ અને માતૃભૂમિ કચ્છ માટે વિવિધ સામાજીક અને સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આ પ્રતિષ્ઠિત સંસ્થા દ્વારા તાજેતરમાં સમાજના જરૂરિયાતમંદ વ્યક્તિઓને સહાયરૂપ થવા એક ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટીની રચના કરવામાં આવેલ છે. સમાજના મધ્યમવર્ગીય પરિવારોને પોતાના ધંધા-રોજગાર વિકસાવવા માટે લોન ઉપલબ્ધ કરાવવાની યોજના છે. આ ક્રેડિટ સોસાયટીના ચેરમેનપદે આપણી જ્ઞાતિના **શ્રી મનુભાઇ કોટડિયા** તથા માનદ્ સેક્રેટરી (મેનેજીંગ ડિરેક્ટર) તરીકે **શ્રી અતુલ સોની**ની નિમણુંક થયેલ છે.

પ્રતિષ્ઠિત સંસ્થામાં ઉચ્ચ હોદ્દા પર આપણા સમાજના બે પ્રતિનિધિઓની નિમણુંક બદલ 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી ખૂબ શુભ કામના.

*– હંસરાજ કંસારા*

# અમદાવાદ સ્થિત કચ્છીઓએ ઉજવ્યો કચ્છી નૂતન વર્ષ

દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ અમદાવાદ સ્થિત કચ્છીઓની સંસ્થા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના નેજા હેઠળ અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ શનિવાર, તા. ૯-૭-૨૦૧૬ના રોજ ઉજવાયેલ હતો કે જ્યારે બહોળી સંખ્યામાં કચ્છી પરિવારો આ કાર્યક્રમન માણવા અને કચ્છી નૂતન વર્ષની એકબીજાને વધાઈ આપવા ઉપસ્થિત રહેલ હતા.

સભાગૃહમાં દાખલ થનાર પ્રથમ ૧૦૦ વ્યક્તિઓનું જે.આર.જે. ફુડ્સની ગીફ્ટ હેમ્પર દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતું.

કાર્યક્રમની શરૂઆત સમાજના યુવાવર્ગ દ્વારા ગવાયેલ કચ્છી - ગુજરાતી લોકગીતોથી કરવામાં આવેલ હતી કે જેને ઉપસ્થિત કચ્છીઓએ ખૂબ જ આનંદથી માણેલ હતા.

ત્યારબાદ નવનીત પરિવારના શ્રી શાંતિલાલભાઈ ગાલાના પ્રમુખપણા હેઠળ સમારંભની શરૂઆત કરવામાં આવેલ હતી. કચ્છના પૂર્વ ધારાસભ્ય શ્રી છબીલદાસભાઈ પટેલ, કચ્છી લેવા પટેલ સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી શિવજીભાઈ માવજીભાઈ શિયાણી તથા કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિરના પ્રમુખ શ્રી જયંતીભાઈ પરબતભાઈ પટેલ અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેલ હતા. અનિવાર્ય સંજોગોના કારણે રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડા તથા પૂર્વ ધારાસભ્ય શ્રી જેન્તીભાઈ ભાનુશાળી ઉપસ્થિત રહી શકેલ ન હતા. સમારંભ પ્રમુખશ્રી તથા અતિથિ વિશેષશ્રીઓનું સ્વાગત સમાજના વિવિધ હોદ્દેદારો દ્વારા કચ્છનો ઇતિહાસ પુસ્તક તથા શાલ ઓઢાડીને કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ 'કચ્છીયતની પ્રતિભા' (કે જેમાં એ દિવસના રોજ સન્માનિત થયેલ ૬૨ કચ્છી પ્રતિભાઓના જીવન કથનની માહિતી આપવામાં આવેલ છે) પુસ્તકનું વિમોચન સમારંભ પ્રમુખશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. ત્યારબાદ સોશિયલ વેલફેર ફંડનું ઉદ્‌ઘાટન શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પૂર્વ પ્રમુખ શ્રી કૈલાસદાનભાઈ ગઢવી, નવી શરૂ કરવામાં આવનાર લાઈબ્રેરીનું ઉદ્‌ઘાટન અતિથિ વિશેષશ્રી છબીલદાસભાઈ પટેલ તથા હવે પછી તરતમાં શરૂ કરવામાં આવનાર શ્રી કચ્છી સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિમિટેડનું ઉદ્‌ઘાટન અતિથિ વિશેષ શ્રી શિવજીભાઈ માવજીભાઈ શિયાણીના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. દરેક અતિથિ વિશેષશ્રીઓએ પ્રસંગોપાત પ્રવચન આપી શ્રી કચ્છી સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓમાં જોડાઈ જવા અપીલ કરી હતી. આ સમારંભ દરમ્યાન અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત ૩૧ જેટલા વિવિધ કચ્છી ઘટક સમાજોના પ્રથમ હરોળના બે-બે સામાજિક કાર્યકરો (કુલ ૬૨ કાર્યકરો)નું સન્માન ટ્રોફી અને **'કચ્છીયતની પ્રતિભા'** પુસ્તક દ્વારા સમારંભ પ્રમુખ તથા અતિથિ વિશેષશ્રીઓનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું કે જેને સ્ટેન્ડિંગ ઑવેશન આપી સમગ્ર સભાગૃહે વધાવી લીધેલ હતા.

***શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના બે ખૂબ પ્રતિભાવાન કાર્યકરો તરીકે 'જ્ઞાતિસેતુ'ના મુખ્યતંત્રી શ્રી હંસરાજભાઈ કંસારા તથા કચ્છ અને બહારથી આવતા જ્ઞાતિના દર્દીઓને સેવા આપનાર જ્યોતિકાબેન સોનીનું જાહેર સન્માન કરવામાં આવેલ.***




*શ્રી હંસરાજભાઈ કંસારા વતી સન્માન સ્વીકારતા શ્રી મનુભાઈ કોટડિયા*

સમારંભમાં ઉપસ્થિત દરેક કચ્છી પરિવારોને કચ્છીયતની પ્રતિભા પુસ્તકનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ હતું. અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત દરેક કચ્છી પરિવારોને સ્ટોક હશે ત્યાં સુધી આ પુસ્તક વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે.


ઉપસ્થિત અનેક કચ્છી પરિવારોએ (૧) શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, (૨) સમાજના મુખપત્ર 'કચ્છશ્રુતિ', (૩) સમાજ દ્વારા તૈયાર કરવામાં આવી રહેલ સરનામા - ટેલિફોન ડિરેક્ટરી, (૪) કો.ઓ. ક્રેડિટ સોસાયટીના ફોર્મ ભરી પોતાના સહકારની ખાત્રીના દર્શન કરાવેલ હતા.

લાઈબ્રેરી પ્રવૃત્તિ માટે શ્રી મનુભાઈ શાહ - ગૂર્જર પરિવાર તરફથી રૂા. ૨.૫૧ લાખના ડોનેશનની જાહેરાત કરવામાં આવેલ હતી. તેમજ ઉપસ્થિત ૮ મહાનુભાવો તરફથી ૧૦૦-૧૦૦ નવી બુકો ખરીદીને સમાજની લાઈબ્રેરીમાં મોકલી આપવાના વચનો પ્રાપ્ત થયા હતા. સામાજિક કાર્યકરોના ટ્રોફી તથા પુસ્તક દ્વારા સન્માન કરવાના અનુસંધાને શ્રી મનસુખભાઈ પટેલ તરફથી રૂા. ૧.૫૧ લાખના ડોનેશનની જાહેરાત કરવામાં આવી હતી.

અંતમાં મેઘલાડુ તથા ભોજનની મિજબાની માણી સહુ છૂટા પડ્યા હતા.

# સન્માનિત વ્યક્તિત્વ શ્રી હંસરાજભાઈ કંસારા

તુલસીદાસ કંસારા



૨૦૦૧માં ભૂકંપ-ધ્વસ્ત કચ્છના વિપત્તિગ્રસ્ત પરિવારોની સહાયતા હેતુ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા જે પ્રયાસો થયા તેમાં બૃહદ્ અમદાવાદ વસતા શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના સભ્યો પણ જોડાયા હતા. સંગઠિત પ્રયાસના આ અનુભવે, અમદાવાદમાં વસતા જ્ઞાતિ સભ્યોને એમના આગવા સંગઠનની આવશ્યક્તાનો અહેસાસ થયો. પરિણામે ૨૦૦૩માં શ્રી તુલસીદાસ કંસારાના પ્રમુખપદે તેમજ સર્વશ્રી મનુભાઈ કોટડિયા, અતુલ સોની, શૈલેષ કંસારા તેમજ જ્ઞાતિના અન્ય સેવાભાવી કાર્યકરોના સક્રિય સહયોગથી ૨૦૦૩માં ''શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ''ની સ્થાપના થઈ. ત્યારબાદ ટૂંક સમયમાં જ, મુખપત્ર 'જ્ઞાતિ સેતુ'નું પ્રકાશન પણ શરૂ થયું. આ અરસામાં જ દિલ્હીથી અમદાવાદ વસવાટ હેતુ આવેલા શ્રી હંસરાજભાઈ, આ મુખપત્રના સ્થાપક તંત્રી થયા.



છેલ્લા લગભગ બાર વર્ષથી આ સામાયિક સતત પ્રકાશિત થતું રહ્યું છે. કચ્છ, ગુજરાત તેમજ દેશ-વિદેશના અન્ય વિસ્તારોના નાના મોટા ગામો, કસબાઓ કે શહેરો, જયાં જયાં કચ્છી મારૂ કંસારા સોની પરિવારો વસે છે ત્યાં મહદ્ અંશે આ સામાયિક પહોંચતુ થયું છે. સમાજના પરિવાર માટે માહિતી આદાન-પ્રદાન અને પરસ્પર સંવાદનું સબળ અને લોકપ્રિય માધ્યમ બન્યું છે. 'સેતુ'ની આ પ્રગતિ પાછળ શ્રી હંસરાજભાઈની આર્ષદૃષ્ટિ અને ઉચિત માર્ગદર્શન, એમના સહયોગીઓની સર્જનશીલતા અને સતત જહેમત તેમજ જ્ઞાતિ સમસ્તનું ઉમળકાસભર પ્રોત્સાહન કારણભૂત રહ્યું છે અને આ સફળતા મેળવવામાં શ્રી હંસરાજભાઈનું મૂલ્યવાન યોગદાન રહ્યું છે.

કચ્છી સમાજના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના મુખ્યતંત્રી તરીકે પણ એમનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. વિશેષાંકો થકી 'કચ્છશ્રુતિ'ને લોકપ્રિય બનાવવામાં એમનો વિશિષ્ટ ફાળો રહ્યો છે. શ્રી કચ્છી સમાજના નેજા હેઠળ કચ્છ ભાષાને પ્રોત્સાહન આપવા એમણે 'કચ્છશ્રુતિ'ના માધ્યમથી ખાસ પ્રયાસો કર્યા. જેં શ્રી માવજીભાઈ સાવલા સંપાદિત 'કચ્છ કલામ'ના અંકોનું ડીજીટાઈઝેશન અને કચ્છી લેખકોની કાવ્યરચના તેમજ તેમનો પરિચય સમાવતા પુસ્તક 'કચ્છી કવિતા આસ્વાદના આલોકમાં'નું સંપાદન કર્યું છે. શ્રી હંસરાજભાઈએ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના સભ્ય તરીકે 'કચ્છના સર્વાંગી ઈતિહાસ' આલેખનના સંપાદન, પ્રકાશન, આયોજન સંદર્ભે મહત્ત્વનું યોગદાન આપ્યું છે. અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજના મુખપત્ર ''મંગલ મંદિર'' માટે પણ વિશેષતઃ એમના વિશેષાંકો, આયોજનમાં સક્રિય સહયોગ આપ્યો છે. આ સમાજ સંચાલિત કચ્છી વિશ્રામગૃહ સ્થિત 'કચ્છ મ્યુઝિયમ'ની ગુજરાતી - અંગ્રેજી સ્ક્રીપ્ટ તેમજ પ્રચાર સામગ્રી તૈયાર કરવામાં પણ એમનો મહત્ત્વપૂર્ણ ફાળો રહ્યો છે. શ્રી હંસરાજભાઈ ભુજોડી સ્થિત આકાર લઈ રહેલા ક્રાંતિ-તીર્થની સ્ક્રીપ્ટના પણ કન્સલ્ટન્ટ રહ્યા છે.

શ્રી હંસરાજભાઈનો જન્મ અંજાર (કચ્છ) મધ્યે તા. ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૩૫ના રોજ થયો. નોકરી કરવાની સાથે ઉચ્ચ અભ્યાસ કર્યો. અર્થશાસ્ત્રમાં સ્નાતક તેમજ સમાજશાસ્ત્રમાં અનુસ્નાતક થયા. કચ્છ અને ગુજરાતના અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં પ્રથમ દસ વર્ષ સેવાઓ આપી. યુ.પી.એસ.સી. દ્વારા ચયન પામી ભારત સરકારના સ્વાસ્થ્ય નિર્દેશાલયમાં પ્રચાર અધિકારી, જનસંપર્ક અધિકારી જેવા ઉચ્ચ પદો પર રહી સેવાઓ આપી. ત્યારબાદ દસ વર્ષ ડેનિસ ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજન્સીમાં સ્વાસ્થ્ય શિક્ષણ સલાહકાર તરીકે સેવાઓ આપી. એમના સેવાકાળ દરમ્યાન પ્રચાર પ્રસાર સામગ્રી આયોજન સર્જન વિતરણ તેમજ સામાયિકોના તંત્રી તરીકેનું કાર્ય મુખ્ય રહ્યું.

શ્રી હંસરાજભાઈનું સાહિત્ય સર્જન નોંધપાત્ર છે. પ્રારંભે ચાંદની, આરામ, સવિતા જેવા સામાયિકોમાં એમની રચનાઓ પ્રકાશિત થતી. ત્યારબાદ એમની 'હિંદી-ગુજરાતી-અંગ્રેજી' રચનાઓ પ્રકાશિત થતી રહે છે. તેઓશ્રીએ માતા અમૃતાનંદમયીના પ્રવચનોના અંગ્રેજી પુસ્તક – '' નો ગુજરાતી અનુવાદ કર્યો, જે પુસ્તક 'અનંત સુબોધ' નામે ૨૦૦૧માં પ્રકાશિત થયું. અમદાવાદ મધ્યે એનું વિમોચન ગવર્નરશ્રીના વરદ્ હસ્તે થયું હતું. તદુપરાંત ગાંધી સ્મૃતિ સંસ્થાન પ્રાયોજિત 'મહાદેવભાઈની ડાયરી' ગ્રંથના (વોલ્યુમ-૨૩)નો એમણે અંગ્રેજીમાં અનુવાદ કર્યો.

શ્રી હંસરાજભાઈને વિશ્વ આરોગ્ય સંસ્થા તથા ભારત સરકાર સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા 'શીતળા નાબૂદી કાર્યક્રમ'માં યોગદાન બદલ પ્રમાણપત્ર મળ્યું તેમજ વિશ્વ આરોગ્ય સંસ્થા તરફથી કમ્યુનિકેશન ક્ષેત્રે અભ્યાસ હેતુ ફેલોશિપ મળી. તેઓશ્રીને 'કચ્છ શક્તિ' એવોર્ડ એનાયત થયો છે.

ટૂંકમાં શ્રી હંસરાજભાઈએ પોતાના સમાજ તેમજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદમાં વિવિધ ક્ષેત્રે સતત સેવા પ્રદાન કરેલ છે.

***'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકમાંથી સાભાર***

# સેવાકાર્યની ઝળહળતી જ્યોતિ – જ્યોતિકા હરિરામ સોની

**તુલસીદાસ કંસારા**

અમદાવાદ જ્ઞાતિમંડળે મેડિકલ હેલ્પલાઈન શરૂ કરી અને પરિચય થયો ઉત્તરસંડા નિવાસી જ્યોતિકાબેન સોનીનો. તેઓ કેન્સર હોસ્પિટલમાં ફરજ બજાવે છે અને અમદાવાદની સિવિલ હોસ્પિટલના વિશાળ કોમ્પ્લેક્ષમાં કચ્છથી સારવાર માટે આવતા જ્ઞાતિ ભાઈ-બહેનોને યોગ્ય માર્ગદર્શન આપી તેમના તરફ પૂરતું ધ્યાન અપાય તેવી વ્યવસ્થા કરવા તેઓ હંમેશાં તૈયાર રહે છે.




*સન્માન સ્વીકારતા જ્યોતિકાબેન સોની*

પરગજુપણું તેમનો સ્વભાવ છે. કચ્છના અબડાસા તાલુકાના હેરિટેજ વિલેજ તેરા ગામના શ્રી હરિરામભાઈએ ૧૯૫૦માં નડિયાદના પાદરે આવેલા ઉત્તરસંડા ગામે વસવાટ કર્યો. તેમના દીકરી જ્યોતિકાએ પરંપરાગત સોની કામની ઢાળવાની પ્રક્રિયાને નજદીકથી નિહાળીને તેમાંથી સ્કલ્પચર આર્ટીસ્ટ બનવાની પ્રેરણા લીધી અને વલ્લભવિદ્યાનગર કલાકેન્દ્ર કૉલેજ ઑફ ફાઈન આર્ટસમાં અભ્યાસ કરી ઉચ્ચ અભ્યાસ માટે શિલ્પકલાનું ક્ષેત્ર પસંદ કર્યું.

૧૯૮૪માં અમદાવાદની કેન્સર હોસ્પિટલે સ્કલ્પચર આર્ટીસ્ટ માટે જાહેરાત આપેલ. તે જગ્યા માટે તેમના માતુશ્રી જેઓ પરિચારિકા તરીકે કામ કરતા હતા, તેમણે દીકરી માટે અરજી કરી અને જ્યોતિકા ઈન્ટરવ્યુમાં પાસ થઈ અને ત્યારથી આ કલાકારની લાઈન બદલાઈ ગઈ. પિતાશ્રીના વ્યવસાય અને માતુશ્રીની સેવા વૃત્તિનું ગજબનું સંયોજન એટલે જ્યોતિકાબહેનને મળેલ પરગજુપણાને દીપાવવાની અમૂલ્ય તક.




એક માટીકામ અને ધાતુમાંથી સ્કલ્પચર બનાવતાં બનાવતાં તેઓ સિલિકોન અને રબ્બર જેવા પદાર્થોમાંથી, અમદાવાદની ખ્યાતનામ કેન્સર હોસ્પિટલના નિષ્ણાત ડૉક્ટરોની સલાહ સૂચન અને પોતાની આત્મસુઝથી આગળ વધ્યા. મનુષ્યની એનેટોમીનો અભ્યાસ કરી કરીને શરીરના વિવિધ અંગો બનાવી પ્લાસ્ટીક સર્જરીમાં મહત્ત્વની કામગીરી કરવી એ ખરેખર કાબિલે દાદ માંગી લે તેવી કૌશલ્યતા કહેવાય. આવા કપરા સમયમાંથી સમય કાડી કચ્છથી સિવિલ હોસ્પિટલમાં કોઈપણ ડિપાર્ટમેન્ટમાં લઈ જવા અને યોગ્ય સારવારની ભલામણ કરવી એ ખરેખર મોટી સેવા કહી શકાય, જે જ્યોતિકાબહેન નિઃસ્વાર્થભાવે બજાવે છે.

***'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકમાંથી સાભાર***

---

## ઉચ્ચ શિક્ષણની પરિસ્થિતિ હજુય ચિંતાજનક કેમ....??

**(અનુસંધાન : પાના નં.-૨૦ ઉપર)**

એકબાજુ 'મેઇક ઇન ઇન્ડિયા', 'ગતિશીલ ગુજરાત', 'વાઇબ્રન્ટ ગુજરાત'ની વાતો ચાલે... અને બીજી બાજુ ઉચ્ચ શિક્ષણક્ષેત્રે આવી કથળતી સ્થિતિ....??

શિક્ષણનીતિ ફેરવિચારણા માટે કેવળ 'તખ્તા' ઘડાય છે, 'ભજવણી' નહીં, 'ઉદ્દેશો' રચાય છે, ઉકેલો નહીં. ગેલેલિયોએ કહેલું, 'એક પ્રયોગ એક હજાર દલીલો કરતાં વધુ સમજ આપી શકે છે. શિક્ષણનીતિમાં બદલાવ માટે હવે કેવળ 'વિચારણા' કે 'દલીલો' નહીં 'પ્રયોગ' કરવાની જરૂર લાગે છે. એવું નથી લાગતું...??

અને 'પ્રયોગ'થી પરિણામ સુધીની આ યાત્રા તો 'ધીરજ' માંગી લે છે અને આપણામાં આ 'ધીરજ' નામનો ગુણ નથી કેમકે આપણે સૌ ૨૧મી સદીના ફાસ્ટયુગમાં જીવીએ છીએ...

પણ આપણી શિક્ષણ નીતિ, એ કેવળ 'રીનોવેશન' નથી માંગતી. આમ તો ધરમૂળથી ફેરફાર જ માંગે છે... ભલે અજમાયશી ધોરણે સહી... પણ ચાલો ક્યાંકથી શરૂઆત તો કરીએ... 'બી' તો રોપીએ... પછી 'વાદળ' અને 'વસુંધરા' જાણે....

*સંદર્ભ : આંકડાકીય માહિતી (**http//chsue.gov.in**)*

# વંદનીય જ્ઞાતિ ગોર શ્રી કનકચંદ્ર વ્યાસ

પ્રો. રસિકભાઈ મહીચ્છા

*કનકચંદ્ર વ્યાસ અંજારના મારૂ કંસારા સોની જ્ઞાતિના લાડકા ગોર મહારાજ છે. લગ્ન, સગપણ, શ્રાદ્ધ કર્મ, ક્રિયાકાંડ, સત્ય નારાયણની કથા, રૂદ્રી પૂજા, ગરૂડ પુરાણ અને શ્રાવણ માસના ગુરૂવારની વાર્તા કે પછી ગ્રહની ખાસ પૂજા - અર્ચન વિધિ કરાવવી હોય તો ગોર વિના ના થાય. પુરુષોત્તમ માસે ત્રીસે દિવસો સુધી નાતની જગ્યામાં ગોરબાપા વાર્તા કરે અને જ્ઞાતિની બહેનો ભાવસભર સાંભળવા જાય. બાળકનો જન્મ થાય ત્યારે જન્માક્ષર ગોરબાપા જ બનાવી આપે. આ રીતે ગોરબાપા જ્ઞાતિ સમસ્તના સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક સુત્રધાર અને ગુરૂ છે. ગોર પરંપરા દરેક જ્ઞાતિમાં વર્ષોથી ચાલે છે અને તે સમાજનું અવિચ્છિન્ન અંગ છે. ચાલો, તો આપણે આપણા ગોરનો પરિચય મેળવીએ.*

એક વિશિષ્ટ અને બહુવિધ અને પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા આપણા ગોરનું પૂરું નામ કનકચંદ્ર છગનલાલ વ્યાસ છે. તેઓ સચિહરા બ્રાહ્મણ જ્ઞાતિમાંથી આવે છે. આપણે મૂળ રાજસ્થાનથી હિજરત કરીને આવ્યા ત્યારે કનકભાઈના દાદા શ્રી ભગવાનજીભાઈ પણ રાજસ્થાનથી આપણી સાથે જ આવેલા હતા. કનકચંદ્રનો જન્મ ૩જી ઓગસ્ટ, ૧૯૨૯ના રોજ અંજારમાં થયો હતો. તેમના પિતા શ્રી છગનલાલ વ્યાસ ગોરપદુ કરતા અને છગન ગોર તરીકે જાણીતા હતા. તેમના માતુશ્રીનું નામ ઝવેરબેન હતું. તેમના બે પુત્રોમાં કનકચંદ્ર સૌથી મોટા અને જેન્તીભાઈ નાના પુત્ર હતા. છગનગોર ખૂબ સિધ્ધાંતવાદી હતા. જ્ઞાતિ સિવાય અન્ય ઘરનું પાણી પણ ના સ્વીકારતા. સ્વચ્છતા અને પવિત્રતાના ખૂબ આગ્રહી હતા. આપણે શ્રાદ્ધ સંવત્સરી નિમિત્તે ઘરે ગોર બાપાને ભોજન માટે નોતરું આપ્યું હોય તો તેઓ પોતાના વાસણ લઈને ગોરાણી સવારથી આપણા ઘરે આવી જાય અને સૌ માટે લાડુ દાળ-ભાત-શાકનું ભોજન જાતે બનાવે. અમે પણ એ જ ભોજન લેતા. આ રીતે સ્વીકાર્ય નિયમોનું ચુસ્તપણે પાલન કરતા.



શ્રી કનકચંદ્ર ગોર



રમણતારા ગોરાણી

કનકચંદ્રે પ્રાથમિક શિક્ષણ સીનુગ્રાની પ્રાથમિક શાળામાં લીધું હતું. દરરોજ આવવા જવાના ચૌદ કિલોમીટર ચાલીને ભણવા જતા. ત્યારબાદ અંજારની મિડલ સ્કુલ અને હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ લીધું. આગળ અભ્યાસ કરી શકાય તેવી સ્થિતિ નહોતી. એટલે અંજારમાં ખીજડા ફળિયામાં એકથી ચાર ધોરણ નિશાળ શરૂ કરી. જેમાં બંને ભાઈઓ – કનકભાઈ અને જેન્તીભાઈ 'માસ્તર સાહેબ' તરીકે સેવા આપતા. એ જ ખીજડા ફળિયાવાળી સ્કુલમાં મેં પણ મારા પ્રાથમિક શિક્ષણનો પ્રારંભ કર્યો હતો.

કેટલાક સમય બાદ કનકભાઈને અંજાર તાલુકા પંચાયતની સ્કુલમાં નોકરી મળી ગઈ. નોકરી સાથે સ્નાતક અને ઈતિહાસના વિષયમાં અનુસ્નાતકની પદવી મેળવી. ભણવા - ભણાવવા સિવાય કનકભાઈને વ્યાયામશાળાનો શોખ હતો. અંજારના ભરેશ્વરના મંદિરના પ્રાંગણમાં શ્રી નારણભાઈ ઠક્કર સાથે વ્યાયામશાળા ચલાવતા હતા, તે ખૂબ પ્રખ્યાત થઈ. કનકભાઈ મલ્લ-કુસ્તી, ડમ્બેલ્સ અને લાઠીના દાવ રમવામાં પારંગત હતા અને તેથી લાઠી માસ્ટર તરીકે ઓળખાતા હતા. ક્રાંતિકારી વિચારસરણીને કારણે તેઓ વિદ્યાર્થીઓમાં પ્રિય હતા. બજરંગ સાહેબ તરીકે પ્રખ્યાત હતા. સાથે સાથે એસ.ટી.સી.ની પરીક્ષા પાસ કરીને અંજારની શેઠ વી.ડી. હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાઈ ગયા. યોગાનુયોગ ત્યારે હું પણ તે જ હાઈસ્કૂલમાં તેમની પાસે તેમના વિદ્યાર્થી તરીકે પહોંચી ગયો હતો.

કનકભાઈએ વેપાર કરવાનો અખતરો પણ કરી જોયો. અંજારના મોહનરાય ચોકમાં શાળાના પુસ્તકો અને સ્ટેશનરીની દુકાન શરૂ કરી હતી. પરંતુ વેપારી વૃત્તિ તેમના લોહીમાં જ ન હતી. એટલે દુકાન ક્યાંથી ચાલે?

તેમના કહેવા મુજબ, "હું મારો આખો પગાર દુકાનમાં વાપરી નાખતો. તો પણ મારા બાપુજીએ મને કદી ટોક્યો નથી."

એટલે ટૂંકા સમયમાં જ દુકાન બંધ કરવાનો વારો આવ્યો.

મોટાભાગે સફેદ પેન્ટ - શર્ટ અને ટોપી પહેરતા. હિંદુત્વના રંગે પૂરા રંગાયેલા હતા. અખિલ ભારતીય હિંદુ મહાસભામાં જોડાયેલા હતા અને યુવાનોમાં હિંદુ, હિંદુ સંસ્કૃતિ પરત્વે જાગૃતિ ફેલાવવાના પ્રયત્નો કરતા. તેમણે "રણકાર" નામનું દૈનિક છાપું પ્રકાશિત કરીને પત્રકારત્વના ક્ષેત્રે પણ ઝંપલાવ્યું હતું. પરંતુ તેમાં ના કોઈ આર્થિક ઉપાર્જનનો હેતુ હતો કે ના કોઈ રાજકીય મહત્ત્વાકાંક્ષા હતી. શાળા અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ તેમને "જય બજરંગ" તરીકે સંબોધતા.

તેમણે પોતાના ઘર સામે ધ્યાન જ નહોતું આપ્યું. ઘર તો

તેમના પિતાશ્રી છગનબાપાના ગોરપદા પર ચાલતું હતું. પરંતુ હજુ સુધી એટલે કે ૩૨ વર્ષે પણ તેમણે ના તો લગ્ન કર્યા હતા કે ના તો ગોર બાપા બન્યા હતા.

પિતાશ્રી છગનગોરની ઉંમર થઈ હતી અને તેમને હવે ટેકાની જરૂર હતી. માતા-પિતા અને જ્ઞાતિજનોની સમજાવટથી તેઓ જામનગર નિવાસી તેમની નાતના શ્રી રામચંદ્રની એસ.એસ.સી. પાસ પુત્રી રમણતારા સાથે ૧૯૬૨માં લગ્ન કર્યા. તેમના ભાઈ જેન્તીલાલ પણ વ્યવસાય અર્થે બહાર નીકળી ગયા હતા.

મોટી સમસ્યા એ ઊભી થઈ કે અંજાર મારૂ કંસારા સોની જ્ઞાતિનું ગોરપદુ કોણ ચલાવશે? છગન ગોર વયોવૃદ્ધ થયા હતા અને કનકચંદ્રની સરકારી નોકરી હતી. પરંતુ જ્ઞાતિ ભાઈઓના ખૂબ આગ્રહથી તેઓ નોકરી સાથે ૧૯૬૩માં સક્રિય ગોરપદુ કરવા પ્રવૃત્ત થયા. પૂર્ણ સમયની નોકરી સાથે ઘણી વખત ગોરની ફરજ બજાવવામાં મુશ્કેલી આવતી. સહકાર્યકર્તાઓની ફરિયાદ પણ થતી પરંતુ નીતિ નિયમને વળગીને ફરજ બજાવનાર કનકચંદ્રને કદી વાંધો ના આવ્યો.

કનક ગોરના શબ્દોમાં કહીએ તો, "મારા પર નાતના કુળદેવી મહાકાળીની અસીમ કૃપા છે. તેથી ગોર તરીકેની ફરજ બજાવવામાં કોઈ વિઘ્ન નથી આવ્યું. મારા સર્વિસકાળ દરમિયાન દરેક હેડમાસ્તરનો પૂરો સહકાર પ્રાપ્ત થયો છે."

ત્યારબાદ ૧૯૮૭માં શિક્ષક તરીકે રીટાયર થયા. કનકભાઈને ધાર્મિક ગ્રંથો જેવા કે રામાયણ, ગીતા અને ભાગવત પ્રત્યે અપાર પ્રેમની લાગણી અને શ્રદ્ધા છે. દરેકે દરેકને આ ગ્રંથો અવશ્ય વાંચવા જોઈએ એવો આગ્રહ રાખે છે. ગોર તરીકે તે વિધિ કરતા હોય ત્યારે પણ શાસ્ત્રોક્ત સિદ્ધાંતોનું ચુસ્ત પાલન કરે. લગ્ન વિધિ દરમિયાન સપ્તપદી ખૂબ જ સ્પષ્ટ અને ધ્યાનથી વાંચે. વર-કન્યાને સૂચિત નિયમોનું પાલન કરવા સાવધ કરે અને વચન લેવડાવે. હિંદુ સંસ્કૃતિ અને હિંદુત્વનું ગૌરવ સમજાવે. ગોર તરીકેની ફરજ બજાવવામાં હંમેશાં નિઃસ્પૃહી રહ્યા છે.

ગોરાણી રમણતારા બહેન કનક ગોરના નિરંતર સહયોગી અને સેવા પ્રવૃત્ત રહ્યા છે. તેમના પ્રેમાળ અને મિલનસાર સ્વભાવથી કંસારા સોની જ્ઞાતિના તમામ વર્ગના લોકોનો પ્રેમ સંપાદન કર્યો છે. જ્ઞાતિનો કોઈ પણ કાર્યક્રમ હોય પરંતુ તેમાં ગોરબાપાની હાજરી અવશ્ય હોય. એક રીતે જોઈએ તો બંને – ગોર અને ગોરાણીએ તેમનું સમસ્ત જીવન કંસારા સોની જ્ઞાતિને સમર્પિત કર્યું છે.

તેમના બે પુત્રો છે અને બંને પરીણિત છે. મોટો પુત્ર કમલેશ થર્મલ પાવર પ્લાન્ટ - પાનધ્રો (કચ્છ)માં સર્વિસ કરે છે. નાનો પુત્ર દેવેન અંજાર મ્યુનિસિપાલિટીમાં એક અધિકારીના પદ પર છે. દેવેનભાઈ એક સારા જ્યોતિષ વિદ્ અને પત્રકાર છે. સાથે સાથે ગોરપદુ કરીને પિતાશ્રીનો વારસો સંભાળી લીધો છે.

## ગંગા સાગર

**(અનુસંધાન : પાના નં.-૨૩ ઉપરથી ચાલુ)**

લોકોને સવારે દસ વાગે માંડ માંડ સ્ટીમર ચડવાનો વારો આવ્યો. તેમાં ઘેટા બકરાની જેમ માણસોને ભર્યા હતા. બેસવાની જગ્યા મળવાનો તો સવાલ જ નહોતો.

ખીચોખીચ ભરેલી સ્ટીમર ડૂબવા માંડે તો શું થાય એવા વિચારો સાથે નામખાનાથી સાગર ટાપુનો મુરી ગંગા ક્રીકનો દરિયાઈ માર્ગનો ૪૫ મિનિટનો રસ્તો પસાર કર્યો અને કચુબેરીયા જેટી પર ઉતર્યા. આ દરિયાઈ રસ્તાની આવવા જવાની સ્ટીમરની ટિકીટ ૧૬ રૂપિયા છે. કચુબેરીયા જેટીથી ગંગાસાગર સંગમનું સ્થળ દક્ષિણ દિશામાં ૩૨ કિલોમીટર થાય છે અને તે જીપમાં જવાનું હોય છે. એક ફુલ જીપના ૭૦૦ રૂપિયા લે છે અને તેમાં છ જણા બેસાડે છે. આ જીપ અમને સંગમના સ્થળથી ત્રણેક કિ.મી. દૂર ઉતારે છે. ત્યાંથી કપીલ મુનિના મંદિર સુધી સાઈકલ રીક્ષા કરીને પહોંચ્યા.

લગભગ બધા પ્રકારના વાહનોનો ઉપયોગ કરી છેવટે ગંગા અને સાગરના મિલન સ્થળે સાગરદ્વીપ પહોંચ્યા. પરંતુ અહીં આવ્યા બાદ અમારા આનંદનો પાર ના રહ્યો. સૂર્યના વિશાળ પ્રતિબિંબમાં દરિયાના મોજાઓ ઉછળતા હતા. હર હર ગંગેના નાદ વાતાવરણમાં ગુંજતા હતા. અનેક સ્ત્રી, પુરૂષો અને બાળકો ગંગા સાગરમાં સ્નાન કરીને ધન્ય થવાનો સંતોષ માણતા હતા. ક્યાંક લોકો બ્રાહ્મણો દ્વારા શ્રાદ્ધકર્મ કરાવતા હતા, તો ક્યાંક લોકો સૂર્ય દેવતાને અંજલી આપતા નજરે પડતા હતા. કેટલા સાધુ સંન્યાસી અહીં તહીં ફરતા હતા તો કેટલાક બાવા જોગીઓ ધૂણી સળગાવી ચીલમ પીતા હતા. સમગ્ર વાતાવરણ આપણી અનન્ય ભારતીય સંસ્કૃતિનું બહુમૂલ્ય પ્રતિનિધિત્વ ધરાવતું એક વિશાળ ફલક સમાન લાગતું હતું. આઠ દસ જણાના ગ્રુપમાં અમે વારાફરતી ગંગાસાગરમાં સ્નાન કરવા ગયા. સૂર્ય નારાયણને અંજલી આપીને દરિયામાંથી બહાર કપડા ચેન્જ કર્યા. ત્યારબાદ અમે કપીલ મુનિના મંદિરમાં દર્શન કરવા ગયા.

દર્શન કર્યા પછી અમારી જીપ જ્યાં પાર્ક કરી હતી ત્યાં ચાલતા પહોંચી ગયા. કચુબેરિયાથી ફરી પાછા સ્ટીમરમાં પહોંચી ગયા. રીટર્નમાં બહુ ગીરદી નહોતી. નામખાના જેટીએ ઉતરી અમે રેસ્ટોરન્ટ પર ગયા કે જ્યાં સરસ ગરમા ગરમ ભોજન અમારા આવવાની રાહ જોઈ રહ્યું હતું. ભોજન કરી કોલકાતા જવાની બસમાં બેસી ગયા. બસની બારીમાંથી દૂર દેખાતા સાગરને નીરખી રહ્યા. મનમાં વિચાર આવતા હતા કે....

***સબ તીરથ બાર બાર,***
***ગંગાસાગર એક બાર.***

# ગંગા સાગર

પ્રો. રસિકભાઈ મહીચ્છા

અમે ઉત્તરકાશીમાં ગંગોત્રી ગયા હતા અને બરફ જેવા ઠંડા પાણીમાં ગંગા નદીના ઉદ્‌ગમ પર સ્નાન કર્યું હતું. ત્યારથી મનોમન નક્કી કર્યું હતું કે ગમે ત્યારે પણ આ પવિત્ર ગંગા કોલકાતા પાસે જ્યાં બંગાળના ઉપસાગરમાં વિલીન થાય છે તે ગંગાસાગરના દર્શન પણ કરવા અને ત્યાં પણ સ્નાન કરવું. અમારી આ મુરાદ ડિસેમ્બર ૨૦૧૨માં પૂરી થઈ કે જ્યારે અમે દિવ્ય યાત્રા સંઘના સથવારે ગંગા સાગર ચંપારણ, અમરકંટક અને જગન્નાથ પુરીની યાત્રા કરી આવ્યા.

સુશિક્ષિત ચાલીસ ભાઈ-બહેનોનું સરસ ગ્રુપ થયું હતું. સૌપ્રથમ અમે ભુજથી હાવડાના કોચ દ્વારા કોલકાતા ગયા. પહેલે દિવસે કોલકાતા દર્શન કર્યું. ઇડન ગાર્ડન, વિક્ટોરીયા મેમોરિયલ, બેલુર મઠ, કાલી માતાનું મંદિર વગેરે જોવાની મજા પડી. શોપીંગ માટે ખીચોખીચ ઉભરાતી બડા બઝારમાં ફર્યા. બીજા દિવસે ગંગાસાગર જવા માટે કોલકાતાથી વહેલી સવારે બસમાં નીકળી ગયા. ગંગાસાગર પહોંચીએ એ દરમિયાન આપણે તેનું પૌરાણિક મહત્ત્વ જાણીએ.

ઇક્ષ્વાકુ વંશના રાજા સગર અયોધ્યા નગરીમાં રાજ કરતા હતા. તેમની બે પત્નીઓ હોવા છતાં એક પણ સંતાન ન હોવાથી રાજા ચિંતામાં હતા. ઋષિમુનિઓની સલાહ લઈ રાજાએ અનેકવાર વ્રતો રાખ્યા અને તેને પરિણામે બંને પત્નીઓ સગર્ભા થઈ. એકને એક પુત્ર જનમ્યો અને બીજીને ૬૦,૦૦૦ પુત્રો થયા. બધા જ પુત્રો શક્તિશાળી હતા અને અજાતશત્રુ થયા. તેથી રાજાએ અશ્વમેઘ યજ્ઞ કર્યો. યજ્ઞનો ઘોડો જ્યાં જ્યાં ગયો તે પ્રદેશો રાજાએ પ્રાપ્ત કર્યા. એક વખત એવું બન્યું કે તે ઘોડો એક ગુફામાં દાખલ થયો કે જ્યાં કપિલ મુનિ તપશ્ચર્યા કરતા હતા. પરંતુ ઘોડા અને સગરપુત્રોના અવાજથી કપિલ મુનિની તપશ્ચર્યામાં ભંગ પડ્યો. તેથી ક્રોધે ભરાયેલા ઋષિએ સગર પુત્રોને ભસ્મીભૂત કરી નાખ્યા.



ગંગાસાગર



કપીલ મુનિનું મંદિર

વર્ષો પછી સગરના પ્રપૌત્ર રાજા ભગીરથ તેમના પૂર્વજ ૬૦,૦૦૦ સગર પુત્રોનું શ્રાદ્ધ તર્પણ કરવા આવ્યા. પરંતુ અગસ્ત્ય ઋષિ સમુદ્રનું સમગ્ર જળ પી ગયા હતા અને પૃથ્વીને વેરાન કરી નાખી હતી. તેથી નારાજ ભગીરથ રાજાએ ઉગ્ર તપશ્ચર્યા કરીને હિમાલયની પુત્રી અને પાર્વતીની મોટી બહેન ગંગાને શિવજીની જટામાં અવતરણ કરાવી હતી. પવિત્ર ગંગાના જળથી ભગીરથ રાજાએ સગર અને તેના પુત્રોની શ્રાધ્ધ વિધિ કરાવીને મોક્ષ અપાવ્યું. એ સ્થળ ગંગાસાગર તરીકે પ્રખ્યાત થયું. ગંગાસાગર એક ટાપુનું નામ છે કે જ્યાં સાગર અને ગંગા નદીનો પવિત્ર સંગમ થાય છે.

શક્તિશાળી ગંગાને ધારણ કરી એટલે શિવજી ગંગાધર કહેવાયા. ગંગોત્રીથી પંદર કિલોમીટર દૂર ગૌમુખ પાસેની હિમશિલાઓમાંથી પ્રગટ થતી ગંગા એક ઉત્શૃંખલ કિશોરી જેવી લાગે છે. ત્યારબાદ ૨૫૧૨ કિ.મી.નું અંતર કાપીને હવે ગંગા મૈયા જાજવલ્યમાન અને ધીરગંભીર સ્વરૂપ ધારણ કરેલ પ્રૌઢા સ્વરૂપે બંગાળના ઉપસાગરમાં વિલીન થાય છે. એ પવિત્ર સ્થળ ગંગાસાગર કહેવાય છે. ગંગાના વિવિધ સ્વરૂપો અને હિમાલયના અપ્રતીમ સૌંદર્યનું પાન કરવું હોય તો ગંગોત્રીના ફોટોગ્રાફર સંતશ્રી સ્વામી સુંદરાનંદજીની ફોટોગ્રાફી અવશ્ય જોવી.

ગંગાસાગરની યાત્રા કઠિન છે. બસમાં કોલકાતાથી અમને નીકળ્યે લગભગ ત્રણેક કલાક થઈ ગયા હતા. સવારના આઠ વાગ્યા હતા. લગભગ ૮૫ કિ.મી.નું અંતર કાપીને નામખાના જેટી પાસે અમે ઉતર્યા. અમારા ટુર મેનેજર કિશોરભાઈએ હોટલમાં ચા અને બટાકા પૌંઆનો નાસ્તો કરાવ્યો. ત્યારબાદ તેઓ બધા માટે સ્ટીમરની ટિકીટ લેવા ગયા. અમે ચાલીસે જણાઓ સરકારી ફેરી સર્વિસની સ્ટીમરમાં જવા માટેની લાઈનમાં ઊભા રહી ગયા. ખૂબ જ ગીર્દી હતી અને લોકો ધક્કામુક્કી કરતા હતા. અમને

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૨ ઉપર)

# મેલેરિયા – (૨)

દિલીપ મ. વૈષ્નવ

મચ્છરોથી ફેલાતા રોગોની વાતમાં આજે આપણે મેલેરિયાની વિગત લઈશું. આ પહેલા સર રોનાલ્ડ રોસને યાદ કરીને આગળ વધીએ. તેમનું નામ અગ્રેસર છે કારણકે મેલેરિયા મચ્છરથી ફેલાય છે, તે બાબતનું સંશોધન તેમણે કર્યું છે. તેમનો જન્મ ભારતમાં થયો હતો (૧૮૫૭-૧૯૯૨). તે મેડિકલ ડૉક્ટર હતા. તેમણે સિકંદરાબાદમાં પ્રથમવાર એનોફિલીસ મચ્છરના પેટમાં મેલેરિયાના રોગાણુઓ જોયા અને આ રીસર્ચ તેમણે આગળ વધારીને મેલેરિયા પેરાસાઈટ્સની મચ્છરના શરીરમાં સાઈકલની શોધ જગત સમક્ષ મૂકી અને આ રીતે મેલેરિયા કંટ્રોલના દ્વાર ખુલ્લા કર્યા. આ મચ્છર હતો એનોફિલીસ સ્ટીફનસાઈ, જે શહેરી અને અર્ધ શહેરી વિસ્તારમાં આ રોગનો આતંક ફેલાવે છે. આ રોગ પર નિયંત્રણ મૂકી અને તેને નાબૂદ કરવા માટે ભારત સહિત ઘણા દેશોએ પ્રયત્ન કર્યા પણ કુદરતને મંજૂર ન હતું. ભારતમાં વાહક મચ્છરો પર જંતુનાશક દવાઓનો છંટકાવ અને મેલેરિયાના કેસોને જરૂરી સારવાર આપીને નિર્મૂલન કરવા માટેના ઘનિષ્ઠ પ્રયાસો નાકામિયાબ રહ્યા. મેલેરિયાના કમબેકના ઘણા કારણો છે. ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં ખાસ કરીને ફાલ્સીપેરમ મેલેરિયાના કેસોમાં વધારો ન થાય તે અન્વયે પગલાંઓ લેવાઈ રહ્યા છે અને સંવેદનશીલ વિસ્તારોમાં આ કેસોને ઘટાડવા અને ખાસ કરીને કોઈનું મેલેરિયાથી મૃત્યુ ન થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે. કેટલાક સમસ્યારૂપ એરિયામાં સકારણ એપીડેમિક પણ થાય છે અને મૃત્યુ પણ થાય છે. મેલેરિયા સંપૂર્ણપણે નાબૂદ થઈ શકે તેમ નથી. હજારો વર્ષો પહેલાં પણ આયુર્વેદમાં આ બીમારીનો ઉલ્લેખ છે. મેલેરિયાને ભૂતકાળ હતો, વર્તમાન છે અને લાગે છે કે ભવિષ્ય પણ છે. સિવાય ભવિષ્યમાં જો રસી શોધાઈ જાય તો આ બીમારીની નાબૂદી શક્ય બને.

મેલેરિયાના રોગાણુઓ એટલે પેરાસાઈટ્સ (પરજીવીઓ) ચાર પ્રકારના છે : (1) Plasmodium Vivex, (2) P. Falsiparm, (3) P. Malaria and (4) P. Ovalae. પણ પ્રથમ ૨ પ્રજાતિ રોગ ફેલાવામાં અગ્રેસર છે. વાઈવેક્ષ આમ તો સાદો મેલેરિયા છે, ફાલ્સીપેરમ દર્દીને જો અસરકારક એન્ટી મેલેરિયલ દવા સમયસર ન મળે તો તે દર્દી ગંભીર બની શકે છે. ચોમાસાનું ભેજવાળું વાતાવરણ મચ્છરો અને આ રોગાણુઓ માટે બહુ જ અનુકૂળ પડે છે. જેથી ચોમાસામાં ને ત્યાર પછી મેલેરિયાના કેસોમાં એકદમ વધારો થાય છે. શિયાળામાં અને ઉનાળામાં કેસો ઘટી જાય છે. જો આ કેસોને સરકારના નિર્દેશ કરેલા માર્ગદર્શન મુજબ સંપૂર્ણ રેડિકલ સારવાર દર્દીને ન મળી હોય તો, જો દર્દીએ આ સારવાર અધૂરી રાખી હોય તો અને ખાનગી ડૉક્ટરે સારવાર આપી હોય તો કોઈપણ સીઝનમાં માનવ શરીરમાં રોગાણુઓ પૂરેપૂરા નષ્ટ ન થયા હોય તો મેલેરિયા ઉથલો મારે છે. ક્યારેક સ્થાનિક પરિબળો સાનુકૂળ હો તો ઉનાળા કે શિયાળામાં પણ ધીમી ગતિએ મેલેરિયાનું પ્રસરણ ચાલુ રહે છે. માટે તાવના દર્દીને લોહીની તપાસ બાદ મેલેરિયાનું નિદાન થયું હોય તો તેણે સરકારની સુચના મુજબ મેલેરિયાની સારવાર લેવી જોઈએ. આ સારવાર શહેરી વિસ્તારમાં સરકારી અને મ્યુનિસિપલ દવાખાનામાં મળે છે. જ્યારે ગામડાંઓમાં આરોગ્ય કેન્દ્રો તેમજ આરોગ્ય કર્મચારીઓ પાસેથી મળી શકે છે.

મેલેરિયા પેરાસાઈટ્સનું જીવનચક્ર સમજીએ. પેરાસાઇટ્સનું જીવનચક્ર બે તબક્કામાંથી પસાર થાય છે. તેને બે જીવંત પરોણા (HOST) પર આ માટે આધાર રાખવો પડે છે. મનુષ્યમાંતી મચ્છરમાં અને મચ્છરમાંથી મનુષ્યમાં. આ સાંકળ સાનુકૂળ વાતાવરણમાં મેલેરિયાનું પ્રસરણ ઝડપથી સક્રિય રહે છે. ચેપી માદા મચ્છરની લાળગ્રંથિમાં સ્પોરોઝાઈટ તબક્કાના રોગાણુઓ હોય છે. આ મચ્છર મેલેરિયાનો ચેપ ધરાવે છે. આ ચેપી માદા જ્યારે માણસને ડંખ તેની સુંઢની મદદથી મારે છે ત્યારે તે માણસના લોહીમાં સ્પોરોઝોઈટ દાખલ કરીને ચેપ આપે છે. લોહીમાં આ રોગાણુઓ થોડો સમય ફરે છે અને પછી આ બધા લીવરના કોષોમાં સ્થાન જમાવે છે અને લીવરમાં આ સ્પોરોઝાઈટ્સ સાઈઝોન્ટમાં પરિવર્તન પામે છે. પછી આમાંથી અનેક સંખ્યામાં રોગાણુઓ તૈયાર થઈ લીવરમાંતી નીકળી માનવ લોહીમાં દાખલ થઈ તે માણસને બીમાર પાડવાની તૈયારી કરી દે છે. આ બધા લોહીના રક્તકણોમાં ઘૂસી જાય... રક્તકણોની વિકાસ પ્રક્રિયા કેટલાક દિવસ ચાલે છે અને રોગાણુંઓની કેટલીક અવસ્થાના રૂપો જેવા કે ટ્રોપોઝોઈટ્સ ત્યાર પછી સાઈઝોઈટ્સમાં રૂપાંતર થાય છે. જેમાંથી કેટલીક સંખ્યામાં આ સાઈઝોટ્સમાંતી કેટલીક સંખ્યામાં નવા કોષો નિર્માણ પામી નવા અન્ય રક્તકણો પર હુમલો કરે છે. આ વિકાસક્રમ દ્વારા લોહીનું હિમોગ્બોલીન પેરેસાઈટ્સ ખાઈ જાય છે. માનવ લોહીની આ પ્રક્રિયા દર બે ત્રણ દિવસે ચાલુ રહે છે. લોહીમાં રહેલા કેટલાક સાઈઝોઈટ્સનું રોગાણુંઓના નર અને માદામાં રૂપાંતર થાય છે. મેલેરિયાના આ માદા અને નર રોગાણુંઓ તેમજ અન્ય સ્ટેજ ધરાવતા પરોપજીવીઓ માનવ લોહીમાં હોય અને આ મચ્છર માનવીને કરડે એટલે આ નર અને માદા અને અન્ય અવસ્થાના રોગાણુંઓ વિ. મચ્છરના પેટમાં જાય. જ્યાં નર

અને માદાનું મિલન થાય અને નવા બચ્ચા ૧૦થી ૧૪ દિવસમાં તૈયાર થાય. આ બચ્ચા એટલે સ્પોરોઝોઈટ્સ જે માનવીને કરડીને ચેપ આપે છે અને આ માનવી મેલેરિયાથી બીમાર પડે છે. મચ્છરના પેટમાં નર અને માદાની મિલન પ્રક્રિયા, એ તેમનું જાતીય જીવનચક્ર છે (Sexual Cycle of Malaria Parasaitas in Mosquito) મેલેરિયાના પરોપજીવીઓનું કોષ વિભાજન મનુષ્યના લીવર અને રક્તકણોમાં થાય છે જે આપણે જોઈ ગયા છીએ. આ પ્રક્રિયામાં જાતીય મિલન વગર પરજીવીઓની સંખ્યા વધી જાય છે (Asexual Cycle of Parasaits in Human Body).

મેલેરિયા તાવ એટલે ટાઢિયો તાવ. એકાંતરિયો તાવ નામથી ઓળખાય છે. ૧૯૮૯-૯૦માં ફાલ્સીપેરમનો ગુજરાતમાં એપિડેમિક ચાલતો હતો ત્યારે લોકો એને મગજનો તાવ કહેતા. વિરમગામ પાસેના માંડલની પ્રજાએ ફાલ્સીપેરમનું નામ માંડલિયો તાવ કહેવા લાગ્યા હતા. આ તાવના લક્ષણો જોઈએ :

પરજીવીઓ મચ્છર દ્વારા માનવ શરીરમાં દાખલ થયા બાદ આશરે સાત-આઠ કે ચૌદ દિવસ બાદ ટાઢ ચડે. તાવ ચડ ઉતર થાય કે એકાંતરે આવે. લોહી ઘટી જાય એટલે અશક્તિ આવે. બરોળ અને લીવરની સાઇઝમાં વૃધ્ધિ થાય. ફાલ્સીપેરમ જો ગંભીર સ્વરૂપ પકડે તો કિડનીને પણ બૂરી અસર થઈ શકે છે. ખૂબ તાવ વખતે દર્દીને આંચકી આવે, બેભાન પણ થઈ જાય, કોમામાં સરી જાય, આંખે ઝાંખપ આવે, કેટલીકવાર દર્દીને ઉલટી અને ઝાડા થઈ જાય તો ડિહાઇડ્રેશન પણ થઈ શકે. મેલેરિયા વૃધ્ધો, નાના બાળકો અને સગર્ભા બહેનો માટે હિતકારી નથી. મેલેરિયા માટે સરકારની સુચના પ્રમાણે સારવાર લેવી દર્દી માટે ઇચ્છનીય છે. મેલેરિયાની સારવાર અંગેની ગાઈડલાઇન્સ ૨૦૧૦થી રીવાઇઝ થઈ છે. સરકારી દવાખાનામાં સારવાર ઉપલબ્ધ છે. (આ લેખકને ભાવનગરમાં વારંવાર વાઈવેક્ષ મેલેરિયા થતો હતો. આ માટે જરૂરી સારવાર લેવામાં આવતી હતી. પછી સુદર્શન ચૂર્ણ થોડાક વરસો લેવાનું શરૂ કર્યું અને લાંબેગાળે ફાયદો થયો. આજે પણ ખાસ કરીને ચોમાસા દરમ્યાન અને થોડો સમય પછી આ ચૂર્ણ લેવાનું ચાલુ જ છે. આ બાબતે તમારા વૈદ્યજીને પૂછવું.)

મચ્છરો વિશે વિસ્તૃત વાત આગલા લેખમાં કરી છે. પણ એનોફિલીસ મચ્છરોની થોડીક માહિતી આપું છું. એનોફિલીસ શબ્દ આમ તો અંગ્રેજી છે પણ સંસ્કૃત અને ગ્રીક ભાષામાંથી ઉદ્ભવ્યો છે. 'એન' એટલે 'નહીં' અને 'ઓફિલીસ' એટલે 'ફાયદાકારક.' ટૂંકમાં એમ કહી શકાય કે મચ્છરો ફાયદાકારક નથી. બહુ થોડાક મચ્છરો માનવી માટે રોગકારક બને છે. બીજા કેટલાક મચ્છરો કરડે ખરા પણ સ્વાસ્થ્યને માટે હાનિકારક નથી.

આ મચ્છરો સ્વચ્છ પાણીમાં ઈંડાં મૂકે છે. પોરા, કોશેટો અને પછી મચ્છર ૮થી ૧૦ દિવસમાં થાય.

એનોફિલીસની વાત કરીએ. વિશ્વમાં એનોફિલીસની ૪૬૦ પ્રજાતિઓ છે. ૧૦૦ જેટલી જાતિઓ મેલેરિયા ફેલાવે છે પણ મેલેરિયાના પ્રસારણ માટે ૩૦થી ૪૦ પ્રજાતિઓ સક્ષમ છે. ભારતમાં ૫૮ પ્રજાતિઓ અસ્તિત્વમાં છે, જેમાંથી ૬ પ્રજાતિ મેલેરિયાના ફેલાવા માટે અગત્યના છે. ગુજરાતમાં ૨૪ પ્રજાતિઓ છે પણ મેલેરિયા માટે ત્રણ માદા એનોફિલીસ મચ્છરો ગુજરાતમાં કારણભૂત છે જેમાંથી એનોફિલીસ ક્યુલીફેસીસ મચ્છર મેલેરિયા માટે પ્રમુખ વાહક મચ્છર છે. બીજા બે એનોફિલીસ સ્ટીફન્સી અને એનો ફ્લુવીટીલીસ મચ્છરો પણ ક્યારેક રોગ વાહકનો ભાગ ભજવે છે. આ ત્રણે પ્રકારના વાહક મચ્છરો ભૂતકાળમાં વાહક તરીકે વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલા છે. એનો સ્ટીફન્સીની ગુજરાતના વરસાદી અછતવાળા વિસ્તારોમાં મેલેરિયા ફેલાવા માટે શંકાસ્પદ ભૂમિકા નકારી ન શકાય પરંતુ શહેરી અને અર્ધ શહેરી વિસ્તારોમાં આ સ્ટિફન્સી મચ્છર મેલેરિયાના પ્રસારણ માટે શક્તિશાળી છે. સામાન્ય રીતે મચ્છરોનું આયુષ્ય એક કે બે સપ્તાહનું હોય, પણ જો વાતાવરણ સાનુકૂળ હોય તો લાંબું જીવી શકે. મચ્છરોના ઉત્પત્તિ સ્થાનોની વાત વિસ્તારથી કરી છે. ગ્રામ્ય વિસ્તારોમાં થતા મચ્છર ઉદ્ગમ સ્થળોમાં થતી મચ્છરોની પેદાશ આપણે રોકી શકવા અસમર્થ છીએ. આપણા ઘરમાં કે ઘરની આજુબાજુમાં ચોમાસામાં મચ્છરોની પેદાશ ચોક્કસ દૂર કરી શકીએ. ગયા લેખમાં મચ્છરોની ઉત્પત્તિ રોકવાની અને ઘરમાં મચ્છર કરડતો અટકાવવાની ટીપ્સ મેં આપી છે. જેથી વિગતની પુનરોક્તિ કરવાની જરૂર નથી. રેડિયો / અખબારોએ અને ટી.વી.માં મચ્છરજન્ય બીમારીઓ અટકાવવા માટેની જાહેરાતો આવે છે. જે જોતા - વાંચતા રહીએ તો આ બીમારીથી સુરક્ષિત રહી શકીએ. આગલો લેખ, કૃપયા જોઈ જવા વિનંતી છે.

હવે પછી અન્ય મચ્છરજન્ય બીમારીની વાત કરશું.

***(ક્રમશઃ)***

**મો. ૯૯૯૮૮ ૧૮૨૧૫**

*આપણા પ્રેમની શક્તિ બીજાને માટે જેમ જેમ વપરાતી રહે છે તેમ તેમ આપણામાં નવી શક્તિ અને નવો પ્રેમ પ્રગટ થતો રહે છે.*

# સ્કૂલ, બાળક, ઘડતર અને ફી?

**ભીમજી નાકરાણી**

તાજેતરમાં અમદાવાદની એક શાળાએ ૧૩% જેટલો ફી વધારો એકદમ જ કરી દીધો. વાલીઓ ધન્યવાદને પાત્ર છે કે તેમણે સતત લડત આપી અને ફી વધારો પરત ખેંચાવ્યો! પણ ક્યાં સુધી? જિલ્લા શિક્ષણ અધિકારીઓ અને રાજ્ય સરકારનું શિક્ષણ ખાતું મહેરબાન રહેશે ત્યાં સુધી!

હમણાં હમણાં જ મારા ઘરમાં મારી પૌત્રીના શિક્ષણ બાબત (કેળવણી નહીં) મારા આધુનિક પુત્રવધૂ અને દીકરો તેમના મિત્રગ્રુપમાં કોણ ક્યાં ભણે છે તેની ચર્ચા કરે છે. આ બધા માને છે કે ૨½ વર્ષે 'બેબી સીટર', યુરો કિડ્સ એટલે કે નર્સરી પહેલાં જ તેને બે કલાક માટે પણ ક્યાંક મોકલવી. પછી નર્સરી, પછી જુનિયર કે.જી., સિનિયર કે.જી., પછી પ્રાથમિક શિક્ષણ – પણ માધ્યમ અંગ્રેજી જ હોવું જોઈએ અને સી.બી.એસ.ઈ. જ જોઈએ. અને એ પણ મોંઘામાં મોંઘી સ્કૂલ – નહિતર એમના મિત્રોમાં વટ કેવી રીતે પડે?

બીજી બાજું, ધોરણ ૧૧-૧૨ સાયન્સ માટે સંબંધીના દીકરાઓને મોકલવા છે. આર્થિક સ્થિતિ સામાન્ય છે અને આવી ધોરણ-૧૧, ૧૨ સાયન્સની સેલ્ફ ફાઈનાન્સ શાળાઓનો રાફડો ફાટ્યો છે. ધોરણ-૧૨ માટે બે વર્ષના રૂા. ૨ લાખથી માંડી રૂા. ૩ લાખ ૩૦ હજાર સુધી ફી હોસ્ટેલ સાથે લેવામાં આવે છે. હવે આમાંયે શાળાની પસંદગી કરવાની છે. બાળકને તે બાબતે ખાસ ખ્યાલ નથી, વાલી ફીની ચિંતામાં છે. દેખાદેખીનો સવાલ છે. ફલાણાનો દીકરો ફલાણી સ્કૂલમાં છે અને પછી પ્રારંભ થાય છે ફીના ચક્કર. દેવું કરીનેય બાળકને ભણાવવાનો છે. શાળાઓમાં પાછું ટકાનું ધોરણ તો ખૂબ ઊંચું જ જોઈએ. આ સમાજમાં ૩૫% લોકો એવા છે, બાળમંદિરથી માંડી કૉલેજ સુધી આવી તગડી ફી ભરીને બાળકોને ભણાવી શકે છે. બાકીના ૬૦થી ૬૫% પ્રજાના બાળકોના શિક્ષણની ચિંતા કોણ કરશે? સરકાર અને સમાજના આગેવાનો તો એક જ છે. બંનેને ખાનગીકરણમાં રસ છે. શાળાની પસંદગી તો હવે બાળક જન્મે તે સાથે જ ચિંતાનો વિષય છે. અને તગડી ફી ઊઘરાવી ખાનગી શાળામાં આર.ટી.ઈ. મુજબ ૨૫% સંખ્યા લેવાતી નથી. લાભાર્થી મા-બાપને આ બાબતે કોઈ રસ નથી. સ્કૂલ માટે નવી પેઢી શા માટે હાઈફાઈ કરે છે તે સમજ બહાર છે. સૌથી મોટી વાત માત્ર દેખાદેખી અને સોસાયટી છે. સ્કૂલમાં બાળક માત્ર અક્ષરજ્ઞાન લે છે, કેળવણી, કોઠાસુઝ કે જ્ઞાન લેતો નથી. સ્કૂલ બાળકના જીવન ઘડતરમાં માત્ર ૩૦% ભાગ ભજવે છે. બાકીના ૭૦% માટે તો બાળક અને વાલીએ મહેનત કરવાની છે. દિલ્હી પબ્લિક સ્કૂલ, બિરલા સ્કૂલ કે પછી કે.જી., પ્રાથમિકમાં વાર્ષિક રૂા. ૩ લાખ સુધીની ફી ઉઘરાવતી અનેક સ્કૂલોમાં બાળકનું ઘડતર આકાર પામતું નથી. માત્ર શિક્ષણ મેળવી ઉપલા ધોરણમાં જાય છે. નવી પેઢીના ગાંડપણને કેવી રીતે રોકવું તે અઘરૂં છે. બાળકના જીવન, ઘડતર, શિક્ષણ, ઉછેર, માધ્યમ બાબતે નવયુવાન મા-બાપ પાસે ન તો જ્ઞાન છે કે ન તો તેની પાસે કોઈ વાંચન છે. ૯૦% બીજા ઉપર, મિત્રો ઉપર, સગા સંબંધીઓ ઉપર આધાર રાખીને બાળક માટે સ્કૂલની પસંદગી થાય છે. એટલી હદ સુધી કે પોતાની આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના નવી પેઢીના મા-બાપ (મમ્મી-પપ્પા) ખાસ કરીને બહેનો - મમ્મીઓ પોતાના બાળક માટે માત્ર વટ ખાતર તગડી ફી ના ધોરણે ચાલતી સ્કૂલો (શિક્ષણની ફેક્ટરીઓ)માં પોતાના બાળકના બાળપણનો બલિ ચડાવી દે છે. જેમાં કોઈ ડહાપણ નથી. જેટલી તગડી ફી અને બાહ્ય સુવિધા વધુ, તે પ્રમાણે ડોનેશન પણ વધુ. કોલેજ કરતા પણ પ્રાથમિક કે સ્કૂલનું શિક્ષણ મોંઘું છે. સાયન્સ માટે તો ગરીબ મા-બાપ પોતાના દીકરાને ભણવા ક્યાં મોકલે, તે મોટો પ્રશ્ન છે. દરેક સ્થળે ટ્યુશન ક્લાસ પણ એટલા જ છે. તેની ફી પણ મોંઘી છે. કે.જી.થી કૉલેજ સુધી ટ્યુશન ફરજિયાત છે. આ આખી શિક્ષણ પદ્ધતિ ફી, ટ્યુશન પ્રથા, ખાનગીકરણ ઉપર ખૂબ જ ચર્ચાઓ, સેમિનાર થાય છે. શિક્ષણ વિશે ચર્ચા કરે છે પણ 'વાંઝણી' ચર્ચાઓનું પરિણામ મળતું નથી. સરકાર કે સિસ્ટમ પાસે જઈ, તે બધા કોઈ ફેરફાર કરાવી શકતા નથી. સામયિકોમાં પણ ચર્ચાઓ થયા કરે છે. પરિણામ શૂન્ય છે. અત્યારે તમામ મોટા ઉદ્યોગ જૂથો પાસે પોતાના આધુનિક શિક્ષણ સંકુલો છે. એટલે આ કહેવાતા શિક્ષણવિદોની પીપુડી સાંભળે કોણ? હવે આ આખી સિસ્ટમને સુધારવા માટે સામાન્ય પ્રજાએ જ જાગૃત થવું પડે. દરેક મા-બાપે પોતાનો આગ્રહ છોડવો પડે. શાળાઓની પસંદગીની સાથે દરેક સ્કૂલોમાં વાલીમંડળ સ્થાપી, રાજ્ય કક્ષાએ પણ આવું એક વાલીમંડળ બને જે સરકાર, સિસ્ટમ, સંચાલકો અને શાળા સાથે સંયોજન કરી કોમન ફી, અભ્યાસક્રમ, ટ્યુશન પ્રથા જેવી બાબતે 'હલ્લાબોલ' નીતિ ઘડી, જરૂર પડ્યે સંચાલકો કે સરકારને બાનમાં લેવા સુધીની કાર્યવાહી કરી શકે તે પ્રકારે નિષ્પક્ષ લોકોને આ વાલીમંડળમાં સમાવવા પડે જેથી મજબૂતાઈભરી રજૂઆત થઈ શકે. બાકી હવે જો પ્રજા, વાલીઓ, શિક્ષણવિદો, જાગૃત નહીં થાય તો આગામી સમયમાં સામાન્ય વર્ગ, ગ્રામીણ પ્રજા અને દલિત સમાજ કે આર્થિક પછાત લોકોના દીકરા-દીકરીઓ માટે ભણતર એ સ્વપ્ન બની જશે. સરકાર આર.ટી.ઈ. જેવા ગમે તેવા કાયદા બનાવે, આ સંચાલકો તેનાયે બાપ છે. તેમની પાસે બધા જ રસ્તા અને વગ છે. કોઈ કાયદો તેમને નુકસાન કરી શકે તેમ નથી. અંગ્રેજી માધ્યમ અને મોંઘીદાટ શાળાનો આગ્રહ છોડવો તે પ્રજાના ફાળે આવે છે. આપણે પણ કેટલાક મોહ છોડીએ તો અતિરેકના આતંકથી બચી શકીએ.

*મો. ૯૪૨૩૩૬૪૮૨*

# "ઉચ્ચ શિક્ષણની પરિસ્થિતિ હજીય ચિંતાજનક કેમ...??"

**જીનલ પી. સોલંકી,** M.Com., SLET

આપણે સૌ ૨૧મી સદીના ફાસ્ટ યુગમાં જીવીએ છીએ. એટલે સમયની સાથે ચાલવા, ફાસ્ટ ચાલવા આપણે સૌએ Short cut way અપનાવી લીધેલ છે... ચાલો એમ કહીએ કે અપનાવવો પડ્યો છે. પણ આપણો આ Short cut way અપનાવવાનો ગુણ હવે દરેક ક્ષેત્રે 'આદત' બનતો જાય છે. અને એટલે જ આ ગુણ હવે આપણા 'શિક્ષણ' ક્ષેત્રે પણ જોવા મળી રહ્યો છે.

સ્વામી વિવેકાનંદે તો કહેલું, 'કેળવે તે કેળવણી' પણ કેળવણી શબ્દ તો આપણે સૌએ ભૂંસી જ નાખ્યો છે. કેમકે એમાં કોઈ Short cut way ના ચાન્સીસ નહોતા... ને એટલે જ, 'શિક્ષણ' શબ્દ 'કેળવણી' પર હાવી થતો ગયો...

આજે ધોરણ-૧૨ પાસ કરેલ વિદ્યાર્થીને કયા ક્ષેત્રે જવું છે? કયા ક્ષેત્રે જવું જોઈએ? એ અંગેનું કોઈ યોગ્ય માર્ગદર્શન નથી... ખુદ વિદ્યાર્થી પાસે પોતાની અલાયદી વિચારસરણી પણ નથી. અને એટલે જ બધા જાય છે એ જ માર્ગે એ જતો રહે છે... કોઈ નવી કેડી કંડારવી નથી અને એટલે જ પછી ફંટાઇ જવાના પ્રશ્નો ઊભા થયા છે... અરે, અત્યારના ઉચ્ચ શિક્ષણના માહોલમાં તો 'કેળવે એ કેળવણી' વ્યાખ્યા જ દંતકથા સમી લાગે છે...

'આપણી ઉચ્ચ શિક્ષણ નીતિ ફેરવિચારણા માંગે છે' – આ સ્થિત જ શું સૂચવે છે? શિક્ષણનું પ્રમાણ તો આપણું દર વર્ષે વધતું જાય છે. ગુજરાતની કુલ કોલેજોમાં ૨૦૧૧-૧૨થી ૨૦૧૪-૧૫ સુધીમાં કોલેજોની સંખ્યામાં ૧૪% જેટલો વધારો થયો છે.

| વર્ષ | કોલેજોની સંખ્યા | કોલેજદીઠ સરેરાશ પ્રવેશ |
|---|---|---|
| ૨૦૧૧-૧૨ | ૧૮૦૫ | ૫૯૪ |
| ૨૦૧૨-૧૩ | ૧૮૮૦ | ૬૦૪ |
| ૨૦૧૩-૧૪ | ૧૯૪૪ | ૬૨૬ |
| ૨૦૧૪-૧૫ | ૨૦૫૫ | ૬૨૩ |

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે દર વર્ષે આટલું ઉચ્ચ પરિણામ જોવા મળે છે, તો પછી 'ઓવારણા' લેવાને બદલે ચિંતા કેમ...? શિક્ષણનું પ્રમાણ દર્શાવતા આ આંકડા વાસ્તવિક છે કે પછી વાઘા પહેરાવીને પાડેલ તસ્વીર...?? કે પછી સાચું પ્રતિબિંબ છુપાવવા અરીસાને બદલે 'તસ્વીર'નો ઉપયોગ થઈ રહ્યો છે...?? ફક્ત આંકડામાં થતો વધારો આપણી પરિસ્થિતિ નહીં સુધારે... આ વાસ્તવિકતા આપણને વહેલી તકે સ્વીકારવી પડશે.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે P.G., U.G., P.G. Diploma, Diploma, Certificate Course, Integrated માં છેલ્લા ચાર વર્ષની ગુજરાતની પરિસ્થિતિ જોઈએ તો દરેક ક્ષેત્રે એમાં પણ આંક ઊંચો ચડતો જ દેખાય છે...

| Year | Ph.D. | | | M.Phil. | | | Post Graduate | | | Under Graduate | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Male | Female | Total | Male | Female | Total | Male | Female | Total | Male | Female | Total |
| 2011-12 | 1632 | 820 | 2452 | 438 | 345 | 783 | 89711 | 60523 | 150234 | 509011 | 392744 | 90175 |
| 2012-13 | 1614 | 821 | 2435 | 312 | 299 | 611 | 70758 | 62072 | 132830 | 558292 | 428262 | 986554 |
| 2013-14 | 2105 | 1076 | 3181 | 584 | 625 | 1209 | 69270 | 65374 | 134644 | 593887 | 455966 | 1049853 |
| 2014-15 | 2354 | 1338 | 3692 | 494 | 479 | 973 | 70261 | 68096 | 138357 | 637237 | 462873 | 1100110 |

| PG Diploma | | | Diploma | | | Certificate | | | Integrated | | | Grand Total | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Male | Female | Total | Male | Female | Total | Male | Female | Total | Male | Female | Total | Male | Female | Total |
| 4688 | 3461 | 8149 | 100229 | 30057 | 130286 | 20397 | 30416 | 50813 | 5135 | 4595 | 9730 | 731241 | 522961 | 1254202 |
| 7088 | 4127 | 11215 | 111294 | 30273 | 141567 | 10090 | 12300 | 22390 | 4685 | 4978 | 9663 | 764133 | 543132 | 1307265 |
| 5805 | 5081 | 10886 | 119714 | 30850 | 150564 | 16016 | 15110 | 31126 | 4403 | 5144 | 9547 | 811784 | 579226 | 1391010 |
| 4492 | 3414 | 7906 | 118844 | 30890 | 149734 | 12482 | 19751 | 32233 | 4540 | 4679 | 9219 | 850704 | 591520 | 1442224 |

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે CBSC સિસ્ટમ, MCQ પેટર્ન, સેમેસ્ટર પ્રથા, પ્રવેશ પરીક્ષાઓ... આવું વારંવાર છેલ્લા કેટલાય વર્ષમાં આવેલું પરિવર્તન શું સૂચવે છે...??? સમયની સાથે ચાલવું એ સમયની માંગ છે તે સાચું... તો પછી આપણે અપનાવેલ માર્ગ પર શંકા શા માટે...??? કોઇના દોરવાયેલ માર્ગ પર દોરી ગયા છીએ એટલે...?? કે પછી પરિવર્તન તો આણ્યુ છે પણ પરંપરાના ભોગે... એટલે...??

'અત્યારની શિક્ષણનીતિ કેવળ પરીક્ષાલક્ષી છે' – આ કડવી વાસ્તવિક્તાનો તો આપણે સૌ સ્વીકાર કરીશું... શિક્ષણ સંકુલો ક્યારેક 'ફેક્ટરી' જેવો અહેસાસ કરાવે છે... ડિગ્રીઓનું ઉત્પાદન કરતી ફેક્ટરીઓ... ચાલો, ફેક્ટરીઓ હોય તો પણ ગુણવત્તાના ભોગે કરેલ એક પણ પ્રોડક્ટ બજારમાં લાંબું આયુષ્ય નથી જ ધરાવતી... તો કેવળ પરીક્ષાલક્ષી નીતિ આ ફેક્ટરીઓમાં 'ગુણવત્તા' સાચવી રાખશે ખરી...?? અરે, કેવળ 'પરીક્ષાલક્ષી', 'પરીક્ષામાં પૂછાય એટલું જ' વિદ્યાર્થીઓને પીરસવું હોય તો અઢી કલાકના પેપર માટે આખું વર્ષ શા માટે બગાડવું...?? અઢી કલાકના પેપર જેટલું તો અઢી દિવસમાં પણ ભણાવી શકાશે ને....???

ખુદનો અનુભવ કહું તો કોલેજમાં એકાઉન્ટનો તાસ લેતી વખતે જાણવા મળ્યું કે, વિદ્યાર્થીઓ એક પણ બુક ખરીદતા જ નથી... કેવળ 'કૌટીલ્યનું પ્રશ્નસંપુટ' પરીક્ષા વખતે જ ખરીદે છે કેમકે 'પેપર' આખું એમાંથી જ પૂછાય છે... માત્ર ને માત્ર માર્કસ મેળવવા એનો Short cut આ વિદ્યાર્થીઓએ સારો શોધી કાઢ્યો છે... બસ, બધાને રેસમાં આગળ વધવું છે પણ બધા 'સસલા'ની ઝડપે જ દોડે છે. ભૂલાઈ ગયું છે કે રેસમાં આખરે જીત તો 'કાચબા'ની થઈ હતી...

આ પ્રકારની પરિસ્થિતિ માટે ખરેખર આખેઆખી ચેનલ જવાબદાર છે. સરકારને ખુદને પણ હવે 'ગુણવત્તા' બાબતે શંકા જાગી છે... કદાચ એટલે જ પ્રાથમિક શાળામાં પહેલા SSC + PTC ને નોકરી મળતી. તો હવે એ જ નોકરી માટે Graduate + PTC/B.Ed. + Tet Exam નો આગ્રહ કેમ...?? કે પછી સરકારે પણ શિક્ષિત બેરોજગારી ઘટાડવાનો આ Short cut way અપનાવ્યો છે...??

હાલમાં તો શિક્ષણક્ષેત્રે ગવર્નમેન્ટ કોલેજીસની હાલત પણ કથળતી જાય છે... ત્યારે એમ થાય કે શું સરકારના અન્ય ખાતા જેવું આ શિક્ષણનું ખાતું છે?? કે પછી શિક્ષણનું ખાનગીકરણ થયું એ ખોટું છે...? ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષની પરિસ્થિતિ જોઈએ તો, પ્રાઈવેટ કોલેજીમાં ૫૧%નો વધારો થયો છે જ્યારે ગવર્નમેન્ટ કોલેજીસમાં ૪૮%નો ઘટાડો થયો છે.

**NO. OF COLLEGES**

| વર્ષ | કુલ ખાનગી કોલેજો | કુલ સરકારી કોલેજો |
|---|---|---|
| 2011-12 | 1054 | 608 |
| 2012-13 | 1139 | 636 |
| 2013-14 | 1369 | 457 |
| 2014-15 | 1588 | 317 |

ફકત સરકારી કોલેજોની સંખ્યા ઘટી નથી. સરકારી કોલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષમાં પ્રાઈવેટ કોલેજીસમાં જનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ૬૯%નો વધારો થયો છે જ્યારે ગવર્નમેન્ટ કોલેજીસમાં જનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ૪૫% ઘટાડો થયો છે.

**ENROLLMENT IN COLLEGES**

| વર્ષ | કુલ ખાનગી કોલેજો | કુલ સરકારી કોલેજો |
|---|---|---|
| 2011-12 | 5,55,641 | 4,49,490 |
| 2012-13 | 5,99,894 | 4,72,348 |
| 2013-14 | 8,13,006 | 3,29,554 |
| 2014-15 | 9,39,144 | 2,47,718 |

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૦ ઉપર)

**મીતા'સ કોર્નર**

# I am Sorry

**મીતા એન. સોલંકી**

Hello Friends, આપ સૌ વાચક મિત્રો સમક્ષ ફરી હાજર! એક મસ્ત વિષય લઈને.

તમે ક્યારેય ચર્ચમાં ગયા છો? ત્યાં એક 'કન્ફેસન બોક્સ' રાખેલું હોય છે. ત્યાં જઇ તમારાથી થયેલી કોઈપણ ભૂલનો બિન્દાસ્ત એકરાર કરવાનો હોય છે. કોઈ ગીલ્ટની માફી માંગવાની હોય છે. માત્ર ૩ શબ્દો બોલીને મન પરનો બોજો હટાવવાનો હોય છે. તે શબ્દો છે : "I am Sorry."

આ ત્રણ શબ્દોમાં સંબંધો સાચવવાની તાકાત છે. સરળતાથી બંધાતા સંબંધો ક્યારેક નિભાવવા બહુ અઘરા પડતા હોય છે. ત્યારે ક્ષમા માંગવાથી સંબંધો પૂર્વવત થઈ જતા હોય છે.

"હૃદય સાફ તો બીજાની ભૂલો માફ."

ઘણીવાર એવું બને છે કે આપણને જે સારૂં લાગતું હોય તે સામેવાળી વ્યક્તિને યોગ્ય ન પણ લાગે.

ભૂલ થાય તો એકરાર કરી લેવો – એ સારા વ્યક્તિત્વ નિખારનું ઉત્તમ રસાયણ છે.

આ ત્રણ શબ્દો બોલવા ૩ મણ જેટલા ભારી કેમ લાગે છે, જાણો છો? માત્ર એક જ કારણ – **Ego** (ઈગો) - અહમ્, હું પદ.

ભૂલો સંતાડીને કવર કરવા બીજી ભૂલ કરીએ છીએ.

સુંદર વ્યક્તિત્વ મેળવવા માટે, સંબંધો સરળ બનાવવા કબુલાત જરૂરી છે. નિખાલસતાનો ગુણ આજકાલ નાબૂદ થતો જાય છે. ત્રણ શબ્દો તમને ટેન્શન ફ્રી કરી આપે છે. સ્ટ્રેસ, દુઃખ, દર્દ ગાયબ થઈ જાય છે.

આત્મવિશ્વાસ સમૃધ્ધ બને છે. અંગ્રેજોએ 'Sorry' શબ્દની ભેટ આપી છે. રીલેશન મેઇન્ટેઇન કરવા સરળ બને છે.

સંબંધો સાચવવા હોય તો 'Sorry' જેવો હળવો એકે શબ્દ નથી. નાનપણથી જ ઘણા મા-બાપ બાળકોને 'સોરી' શબ્દ શીખવાડતા હોય છે. જેથી કરીને મોટા થઈ આ શબ્દ વાપરવામાં ખચકાટ ન થાય. જીદ્દી સ્વભાવવાળી વ્યક્તિને આ ત્રણ શબ્દો બોલવા સજા જેવું લાગે છે. Ego Heart થાય છે.

પૈસા કમાવવા એ સારી વસ્તુ છે પણ સંબંધો કમાવવા - નિભાવવા જીવનની સફળતાનો માપદંડ છે.

એ પણ ખરૂં કે ભૂલોનું પુનરાવર્તન કર્યા કરો અને સોરી - સોરી બોલ્યા કરો, એ પણ ન ચાલે!

દિલથી માફી માંગી હોય તો સામે પક્ષે એની અસર થાય છે. ભૂલોનો એકરાર દિલથી કર્યો હશે તો સામેવાળી વ્યક્તિને અસર થશે જ.

તમે બહુ ઈગોઈસ્ટ હો, સોરી બોલવામાં બહુ જ તકલીફ પડતી હોય તો લખીને પણ કહી શકાય છે. નાનું ફૂલ કે બુકે આપીને પણ માફી માંગી શકાય છે.

પસ્તાવાભર્યા દિલથી માંગેલી માફી સામેવાળા વ્યક્તિનું દિલ પીગળાવી દેશે.

મારાથી વધુ પડતું કાંઈ લખાઇ ગયું હોય તો

**I am Sorry!!**

***गरुर से भी खत्म होते हैं कुछ रीश्ते***
***कसुर हर बार गलतियों का न होता!***

**પાના નં.-૩૦ ઉપર આપેલ 'સામાન્ય જ્ઞાન'ના જવાબો**

**જવાબો :** (૧) C, (૨) D, (૩) D, (૪) A, (૫) B, (૬) D, (૭) C, (૮) D, (૯) C, (૧૦) A, (૧૧) A, (૧૨) D, (૧૩) D, (૧૪) C, (૧૫) B, (૧૬) A, (૧૭) C, (૧૮) B, (૧૯) B, (૨૦) B, (૨૧) C, (૨૨) B, (૨૩) B, (૨૪) C.

## અમેરિકાની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાં લેક્ચર આપશે શ્રી અંકિત સોની



અમેરિકાની પ્રખ્યાત ઈસ્ટર્ન મિશિગન યુનિવર્સિટી તરફથી અંજારના શ્રી અંકિત હરિલાલ સોનીને એલ્યુમિનિ બિઝનેસ કોન્ફરન્સમાં લેક્ચર આપવા માટે આમંત્રિત કરવામાં આવેલ છે. યુનિવર્સિટીના ડીન માઇકલ ટીડવેલે તેમને તેમના બિઝનેસ અનુભવો જણાવવા તથા ત્યાંના વિદ્યાર્થીઓની વ્યવસાયિક ક્ષમતા વધે તે માટે માર્ગદર્શન આપવા જણાવેલ છે. શ્રી અંકિત સોની અંજારના શ્રી હરિલાલ લખમશી વિશાપરમારના પુત્ર છે અને તેમને અમેરિકાની આ જ યુનિવર્સિટીમાંથી ૨૦૦૯માં બિઝનેસ એડમિનિસ્ટ્રેશન એન્ડ એન્ટ્રપ્યોનરશીપ વિષય સાથે ડિગ્રી પ્રાપ્ત થયેલ છે.

***અંકિત સોનીને 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી હાર્દિક શુભકામના.***

સંકલન : કુ. કૃપા સાકરીયા - ભુજ

**૧.** ૨૯ એપ્રિલ, ૨૦૧૬ના દિવસે કયા શહેરને દેશનું પહેલું ધૂમ્રપાન મુક્ત શહેર જાહેર કરવામાં આવ્યું?
(A) નાગપુર (B) શિલોંગ
(C) કોહીમા (D) દિસપુર

**૨.** ફિલાટેલીનો સંબંધ શેની સાથે છે?
(A) રેલવે ટિકિટ (B) બસ ટિકિટ
(C) વિમાન ટિકિટ (D) ટપાલ ટિકિટ

**૩.** ગુજરાતનું કયું બંદર 'બંદર-એ-મુબારક' તરીકે ઓળખાતું હતું?
(A) કંડલા (B) પીપાવાવ
(C) ઘોઘા (D) સુરત

**૪.** 'માધવ ક્યાંય નથી મધુવનમાં'ના લેખક કોણ છે?
(A) હરિન્દ્ર દવે (B) ઝવેરચંદ મેઘાણી
(C) ચીનુ મોદી (D) રાજેન્દ્ર શુક્લ

**૫.** દિવસના પ્રકાશમાં જોવાનું અને રંગ જોવાનું કાર્ય કોનું છે?
(A) કેિબ્રચક્ર (B) શંકુકોષો
(C) લાઇસીસ (D) સુક્રોઝ

**૬.** કયા પ્રોટીનની જરૂરિયાત રક્ત જામવામાં ઉપયોગી છે?
(A) લાઈગેજેજ (B) પેપ્ટાઇડ
(C) ગ્લુકોસીન (D) ફાઈબ્રોનો જેન

**૭.** ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર કઈ સંવત પર આધારિત છે?
(A) દ્રવિડ (B) હુણ
(C) શક (D) વિક્રમ

**૮.** આણંદ ખાતેની અમૂલ ડેરીના સ્થાપક કોણ હતા?
(A) અમૂલચંદ બારિયા (B) ઇશ્વરભાઈ પટેલ
(C) ડી.વર્ગીસ કુરિયન (D) ત્રિભુવનદાસ પટેલ

**૯.** સૌ પ્રથમવાર લોકસભાનું વિસર્જન કરનારા વડાપ્રધાન કોણ હતા?
(A) જવાહરલાલ નહેરુ (B) રાજીવ ગાંધી
(C) ઇંદીરા ગાંધી (D) મોરારજી દેસાઇ

**૧૦.** કેટલા દેશ ભારત સાથે સ્થળ સીમા અને સમુદ્રી સીમા બંનેથી જોડાયેલા છે?
(A) ત્રણ (B) ચાર
(C) પાંચ (D) બે

**૧૧.** નીચેનામાંથી કોને 'ભારત રત્ન' મળેલ નથી?
(A) મહાત્મા ગાંધી (B) ઇંદીરા ગાંધી
(C) રાજીવ ગાંધી (D) મોરારજી દેસાઈ

**૧૨.** અત્યારે કઇ સંવત ચાલે છે?
(A) ૧૯૩૫ (B) ૧૯૩૬
(C) ૧૯૩૭ (D) ૧૯૩૮

**૧૩.** ટુવાના ગરમ પાણીના ઝરામાં કયું ખનિજ વિપુલ પ્રમાણમાં જોવા મળે છે?
(A) મેંગેનીઝ (B) સોડિયમ
(C) લિથિયમ (D) સલ્ફર

**૧૪.** રેઇનકોટ શેમાંથી બનાવવામાં આવે છે?
(A) પોલી ઇથીલીન (B) પોલીસ્ટાઇરીન
(C) પોલી કાર્બોનેટ્સ (D) પોલી ક્લોરોથીન

**૧૫.** પાણીમાં હાઇડ્રોન ઑક્સિજનનું પ્રમાણ શું હોય છે?
(A) ૧:૮ (B) ૨:૧
(C) ૧:૨ (D) ૮:૧

**૧૬.** અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં સુધારક યુગની પ્રથમ કાવ્યકૃતિ કઈ છે?
(A) બાપાની પીપર (B) બાપાની મઢી
(C) બાપાનો પીપ (D) બાપાની વાર્તા

**૧૭.** કયું મૃત વ્યક્તિનું સ્મારક નથી?
(A) બીબીકા મકબરા (B) તાજમહલ
(C) ચાર મિનાર
(D) ઇતિમાદ ઉદદૌલાઓ મકબરો

**૧૮.** કયો લોહચુંબકીય પદાર્થ નથી?
(A) લોખંડ (B) નિકલ
(C) તાંબુ (D) કોબાલ્ટ

**૧૯.** કઈ ભારતીય નૃત્યાંગનાના પતિ પ્રસિધ્ધ વૈજ્ઞાનિક હતા?
(A) રૂકમણી દેવી અરૂડેલ (B) સીનારા દેવી
(C) મૃણાલિની સારાભાઈ (D) ટી. બાલા સરસ્વતી

**૨૦.** ભારતીય સંઘમાં કોઈ રાજયને સમાવવાનો અધિકાર કોને છે?
(A) રાષ્ટ્રપતિ (B) સંસદ
(C) લોકસભા (D) વડાપ્રધાન

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૧ ઉપર)

# પિતા માટે કઠીનમાં કઠીન ક્ષણ એટલે કન્યા વિદાય

**મહેશકુમાર તુલસીદાસ છત્રાળા - અંજાર**

મિત્રો, માનવીના જીવનમાં સારા અને નરસા પ્રસંગો આવ્યા જ કરે છે. આમ કહીએ તો માનવી હિંમતવાન છે. ગમે તેવા કઠીન ક્ષણનો સામનો કરી શકે છે, પોતાનો રસ્તો પોતે શોધી શકે છે. 'વિદાય' શબ્દ ખૂબ જ દુઃખદાયક છે. સ્વજનની અંતિમ વિદાય, સર્વિસમાંથી વિદાય અને 'કન્યા વિદાય.' કેટલીક વિદાય યાતનામાંથી આપણને થોડા સમયે નિરાંત મળે છે, દુઃખ ભૂલી જવાય છે પણ 'કન્યા વિદાય' પિતાને જીવનભર યાદ રહે છે. કારણકે પોતાનો કાળજાનો કટકો હાથમાંથી જતો રહે છે.

એમ કહેવાય છે કે માને વહાલો દીકરો અને પિતાને વહાલી દીકરી હોય. જે ઘરમાં દીકરી હોય તે ઘર ખૂબ જ ભાગ્યશાળી કહેવાય. ત્યાં લક્ષ્મીનો વાસ હોય છે. ઘરમાં દીકરીનો જન્મ થાય છે. માતા અને પિતા ખૂબ જ ધ્યાનથી તેનો ઉછેર કરે છે, કલકલ કરતી દીકરી ઘરમાં રમ્યા કરે છે. કોઈ તેને વઢે તો કહેશે 'મારા પપ્પાને કહી દઈશ.' કોઈ તેની વસ્તુ છીને, તો કહેશે, 'તારૂં નામ પપ્પાને કહીશ.' આમ દીકરીના મુખે સતત પિતાનું નામ આવ્યા જ કરે છે, જે જનમ જનમનું ઋણ છે.

પિતા થાક્યા પાક્યા ઘેર આવે છે ત્યારે પાણીનો ગ્લાસ દીકરી આપે છે. પિતાને કંઈ પણ થાય તો પ્રથમ દીકરી રડવા માંડે છે. પિતાના દરેક દુઃખદ ક્ષણમાં દીકરી ભાંગી પડે છે. પિતા પાસે દીકરીને કોઈ આશા નથી પણ લાગણી છે. પિતા પણ પોતાની સાથે દીકરીની ચિંતા કરે છે. જન્મથી જ હૈયાનો હાર બનેલી દીકરીને પતિના ઘેર સહર્ષ મોકલાવવાની હોય છે. દીકરી બાપનું નસીબ કહેવાય છે. તે પરણીને જાય ત્યારે ઘર પિતાનું જ ખાલી થાય છે. તેને ઘરમાં કલકલ કરતી દીકરી યાદ આવે છે અને ક્યારેક રડી પડે છે. કેટલાક દુઃખો એવા છે, જે કહી શકાતા નથી, માત્ર સહન જ કરવાના હોય છે. કુદરતે બનાવેલા નિયમ પ્રમાણે સહુને ચાલવાનું હોય છે. સમાજ ટકાવવા લગ્નની પરંપરા જરૂરી છે.

તમે ક્યારેક ધ્યાન આપજો! જે ઘરમાં દીકરો-દીકરી બંને લગ્ન લાયક હશે પણ પિતા પહેલા દીકરાની જ વાત કરશે કેમકે દીકરી તેને ખૂબ જ વહાલી છે, તેને દૂર કરવા માંગતા નથી. સમયનો પ્રવાહ વહી જાય છે. દીકરા પછી દીકરીનું સગપણ નક્કી થાય છે. પિતા બધી જ બાજુથી બરાબર નિરીક્ષણ કરે છે, બધાની સલાહ લે છે કેમકે અજાણ પતિના હાથમાં દીકરી સોંપવી છે. મન કઠણ કરીને પિતા દીકરીના લગ્ન માટે તૈયાર થાય છે અને લગ્નનો દિવસ નક્કી થાય છે.

લગ્નવિધિ પૂરી થાય છે. પિતાને દીકરીની વિદાય વેળા વસમી લાગે છે. આંખો ભીંજાઈ જાય છે. 'કન્યા વિદાય' સમયે ગમે તેવા કઠણ પિતા હશે, કલેક્ટર કે સી.એમ. હશે પણ આ સમયે ભાંગીને ભૂક્કો થઈ જાય છે. વિદાય સમયે મા-બાપ, ભાઈ, નાની, કાકા-કાકી, ફોઈ, બહેન વગેરેને છોડીને શ્વસુર ગૃહમાં દીકરી હવે વહુ બનવા જઈ રહી છે. બધું જ સહર્ષ નિરધાર્યું હોવા છતાં વિદાય વેળા દિલ બંડ પોકારે છે. ન...જા... ન..જા... એ છે વિદાયની ઘડી, દુઃખદ ઘડી.

મિત્રો, વિદાય સમયે કન્યાના ખોળામાં નારિયેળ મૂકવામાં આવે છે કેમકે પિતાને થાય છે કે મારી દીકરી પરણીને સાસરે જાય છે, રસ્તો લાંબો છે, પાણીની તરસ લાગશે તો કોને કહેશે? કેમકે તે હજુ નવી પરણેલી છે. તેથી ખોળામાં પડેલું ટોપરૂં ખાઈ લેશે તો તેને પાણીની તરસમાં તૃપ્તિ થશે. વિદાય પછી પિતા ઘરે આવે છે. ઘરમાં ખાલીપો દેખાય છે. પલંગ પર બેઠા બેઠા પિતા રડે છે અને તેના મુખમાંથી નીકળી જાય છે કે....

*પી કે ઘર આજ પ્યારી દુલ્હનિયા ચલી,*
*રોએ માત-પિતા ઉનકી દુનિયા ચલી...*
*ભૈયા બાબાને સુખ મોહે સારે દિયે,*
*મોરે ગૌને મેં ચાંદ ઔર તારે દિયે,*
*સાથે લેકે મૈં સારા ગગનવા ચલી,*
*પી કે ઘર આજ પ્યારી દુલ્હનિયા ચલી.*

*મહેશકુમાર તુલસીદાસ છત્રાળા - અંજાર*
*મો. ૯૯૨૫૩ ૧૭૬૦૮*

## સામાન્ય જ્ઞાન

**(અનુસંધાન : પાના નં.-૩૦ ઉપરથી ચાલુ)**

**૨૧.** હિમાલય એ કયા પ્રકારનો પર્વત છે?
(A) ખંડ પર્વત (B) ફાટ પર્વત
(C) છોડ પર્વત (D) અગ્નિકૃત પર્વત

**૨૨.** કયું સ્થળ જમ્મુ-કાશ્મીરમાં આવેલું નથી?
(A) શ્રીનગર (B) પઠાણકોટ
(C) કારગિલ (D) લેહ

**૨૩.** કયું યુગ્મ સાચું જોડાયેલું છે?
(A) છત્તીસગઢ-જબલપુર (B) ઝારખંડ - રાંચી
(C) પંજાબ-અમૃતસર (D) કેરલ-કોચીન

**૨૪.** નીચેનામાંથી કોણ રાષ્ટ્રપતિ પદની છેલ્લી ચૂંટણીમાં ઉમેદવાર ન હતા?
(૧) અબ્દુલ કલામ (૨) હામિદ અન્સારી
(૩) પ્રણવ મુખરજી (૪) પી.એ. સંગ્મા
(A) ૧, ૨, ૪ (B) ૧, ૨, ૩
(C) ૧, ૨ (D) ૨, ૩

એક છોકરો એના પિતા સાથે ફરવા નીકળ્યો હતો. પિતા ગાડી ચલાવતા હતા અને દીકરો બાજુમાં બેઠો હતો. પિતાને એમની આ *i10* કાર ખૂબ વહાલી હતી. એટલે ખૂબ કાળજીપૂર્વક લગભગ ૮૦ની સ્પીડથી ગાડી ચલાવી રહ્યા હતા.

થોડીવાર પછી એક હોન્ડાસીટી કાર આ ગાડીને ઓવરટેક કરીને આગળ નીકળી ગઈ. બાજુની સીટ પર બેઠેલા દીકરાએ પિતાના કહ્યું, 'પપ્પા, જુઓ જુઓ, આ ગાડી આપણી આગળ નીકળી ગઈ. તમે બહુ ધીમી ગાડી ચલાવો છો પપ્પા. હવે તમે પણ જરા લીવરનો ઉપયોગ કરો અને આપણે એ ગાડીને ઓવરટેક કરી લઈએ.' પિતાએ હસતા હસતા કહ્યું, 'બેટા, એ શક્ય નથી. કારણકે આપણી ગાડી કરતાં એ ગાડીની કેપેસિટી વધુ સારી છે. અને એટલે આપણે આપણી ગાડીનું લીવર ગમે તેટલું દાબીએ તો પણ એ કારને ઓવરટેઈક ન કરી શકીએ.'

હજુ તો બાપ-દીકરા વચ્ચેની વાત ચાલુ જ હતી ત્યાં એક મર્સિડીઝ કાર વાયુવેગે આવી અને સાઈડ કાપીને આગળ નીકળી ગઈ. છોકરાએ પિતાને કહ્યું, 'શું પપ્પા તમે પણ! આમ ગાડી ચલાવાતી હશે! આ બીજી ગાડી પણ આપણી આગળ નીકળી ગઈ. જરા લીવર દબાવો. પપ્પા સાચુ કહું, મને તો એવું લાગે છે કે તમને ગાડી ચલાવતા આવડતી જ નથી.'

પિતાએ થોડા ગુસ્સા સાથે કહ્યું, 'બેટા, મેં તને કહ્યું તો ખરું કે જે ગાડી આપણને ઓવરટેકઈ કરીને આગળ જતી રહે છે એ બધી જ ગાડીની એન્જીનની ક્ષમતા આપણી ગાડીના એન્જીનની ક્ષમતા કરતા વધુ છે. એટલે આપણી આગળ નીકળી જાય એ સ્વાભાવિક છે.' પિતા દીકરાને આગળ કંઈ કહે એ પહેલાં એક સ્પોર્ટસ કાર આવીને સડસડાટ જતી રહી. દીકરો હવે એમની સીટ પર ઊભો થઈ ગયો. એના પપ્પાને કહ્યું, 'પપ્પા, હવે તો સ્વીકારી લો કે તમને ગાડી ચલાવતા નથી આવડતી. એક પછી એક બધી કાર આપણી કારને ઓવરટેઈક કરીને આગળ નીકળી ગઈ.'

પિતાથી ના રહેવાયું. એટલે એ છોકરા પર તાડુક્યા. 'શું ક્યારનો મંડી જ પડ્યો છે. હું તને જે સમજાવવાનો પ્રયાસ કરૂં છું એમાં તને સમજ નથી પડતી? તને આપણી આગળ નીકળી ગઈ એ કાર જ દેખાય છે? આપણા કરતા ઓછી કેપેસિટીવાળી ઘણીબધી ગાડીઓની સાઈડ કાપીને આપણે આગળ નીકળી ગયા. તને એ ગાડીઓ કેમ નથી દેખાતી? એક વાત સમજી લે. જે ગાડીઓ આપણી આગળ નીકળી રહી છે એ ગાડીઓથી આગળ નીકળવા આપણી ગાડીનું લીવર ગમે તેટલું દાબીએ તો પણ આપણે એની આગળ ન જ થઈ શકીએ પણ ઉલટાની આપણી ગાડીને કાંઈક નુકસાન થાય.

છોકરાએ ધીમેથી પપ્પાને વહાલ કરતા કહ્યું, 'પપ્પા, આપ કેટલા સમજુ છો? પપ્પા, એક ગાડીની સરખામણી બીજી ગાડી સાથે ન થઈ શકે એ આપ ખૂબ સારી રીતે જાણો છો તો પછી મારી સરખામણી તમે બીજા અતિ હોંશિયાર વિદ્યાર્થીઓ સાથે કરીને મને કેમ સતત ટોકટોક કર્યા કરો છો? હું એમની સાઈડ કાપવા જઈશ તો મને પણ નુકસાન ન થઈ શકે? અને મારી આગળ નીકળી ગયેલા બધા વિદ્યાર્થી તમને દેખાય છે પણ હું બીજા કરતા ઘણો આગળ છું એ તમને કેમ નથી દેખાતું?'

મિત્રો, ભગવાને દરેકના ઘરે જુદી જુદી ક્ષમતાવાળા સંતાનો આપેલા છે. બીજા કોઈની સાથે આપણા સંતાનોની સરખામણી કરીને એની ક્ષમતા બહારની અપેક્ષાઓ રાખીશું તો ઉલટાનું આપણી સંતાનરૂપી ગાડીને પણ નુકસાન થશે.

### સમાજ એ સમાજ છે...

ભણ્યા તથા ગણ્યા તમે, એ સમાજનો ઉપકાર છે,
પણ, માણસાઈ શીખ્યા તમે, એ સમાજનો પ્રતાપ છે...
ઉંચે ઉડો આકાશમાં, પણ ધરતી ખરો વિશ્રામ છે,
લાખો સંબંધી હોય પણ, સમાજ એ સમાજ છે...
લખલૂટ સંપત્તિ છો રળી, એ કર્મનો પ્રતાપ છે,
ઉપયોગ કરવા સંપત્તિનો, ખરૂં ઠેકાણું સમાજ છે...
નાનો-મોટો હોદ્દો મળ્યો, એ તમારું સન્માન છે,
યથાશક્તિ સેવા તણો, હક્કદાર પ્રથમ સમાજ છે...
મિથ્યાભિમાની માનવી, દંભથી દૂર ફંટાય છે,
સંકટ સમયે ખબર પડે, સૌનું ઠેકાણું સમાજ છે...
પરજ્ઞાતિય લગ્નોની, ડાહી-ડાહી વાતો કરાય છે,
સંતાનોના લગ્ન માટે સૌથી સલામત સમાજ છે...
જ્ઞાતિ વાડાબંધી છે, એ કહેવું નર્યો બકવાસ છે,
સ્નેહ વહેંચીને માણવાની, પ્રયોગશાળા સમાજ છે...
પક્ષ, પંચ, સંપ્રદાયો, સૌના મૂળમાં સમાજ છે,
નાનાને મોટાઈ પામવાનો એકમાત્ર આધાર સમાજ છે...
પરસ્પર હિતથી, ખોટું કરતા સૌ ગભરાય છે,
સૌ આમન્યામાં રહે એનું કારણ સમાજ છે...
દુનિયા આખી ખૂંદી વળો, પણ ઘર ખરો વિશ્રામ છે,
લાખો સ્નેહી હોય ભલે, પણ સમાજ એ સમાજ છે...

*લાકડામાં રહેલો અગ્નિ લાકડાને બાળે છે તેમ*
*પોતામાં રહેલી ઈર્ષ્યા અને ક્રોધ પોતાને જ બાળે છે.*

# THE ABUNDANCE PRINCIPLE

Once a man got lost in Desert. The water in his flask had run out two days ago, and he was on his last legs. He knew that if he didn't get some water soon, he would surely die. The man saw a small hut ahead of him. He thought it would be a mirage or may be a hallucination, but having no other option, he moved toward it. As he got closer, he realized it was quite real. So he dragged his tired body to the door with the last of his strength.

The hut was not occupied and seemed like it had been abandoned for quite some time. The man entered into it, hoping against hope that he might find water inside.

His heart skipped a beat when he saw what was in the hut – a water hand pump... it had a pipe going down through the floor, perhaps tapping a source of water deep under-ground.

He began working the hand pump, but no water came out. He kept at it and still nothing happened. Finally, he gave up from exhaustion and frustration. He threw up his hands in despair. It looked as if he was going to die after all.

Then the man noticed a bottle in one corner of the hut. It was filled with water and corked up to prevent evaporation.

He uncorcked the bottle and was about to gulp down the sweet life-giving water, when he noticed a piece of paper attached to it. Handwriting on the paper read : "Use this water to start the pump. Don't forget to fill the bottle when you're done."

He had a dilemma. He could follow the instruction and pour the water into the pump, or he could ignore it and just drink the water.

What to do? If he let the water go into the pump, what assurance did he have that it would work? What if the pump malfunctioned? What if the pipe had a leak? What if the underground reservoir had long dried up?

But then... may be the instruction was correct. Should he risk it? If it turned out to be false, he would be throwing away the last water he would ever see.

Hands trembling, he poured the water into the pump. Then he closed his eyes, said a prayer, and started working the pump.

He heard a gurgling sound, and then water came gushing out, more than he could possibly use. He luxuriated in the cool and refreshing stream. He was going to live!

After drinking his fill and feeling much better, he looked around the hut. He found a pencil and a map of the region. The map showed that he was still far away from civilization, but at least he knew where he was and which direction to go.

He filled his flask for the journey ahead. He also filled the bottle and put the cork back in. Before leaving the hut, he added his own writing below the instruction : "Believe me, it works!"

This story is all about life.

It teaches us that We must GIVE before We can RECEIVE Abundantly.

More importantly, it also teaches that FAITH playn in important role in GIVING. The man did not know if his action would be rewarded, but he proceeded regardless. Without knowing what to expect, he made a Leap of Faith.

Water in this story represents the Good things in Life – something that brings a smile to your face. It can be Intangible Knowledge or it can represent Money, Love, Family, Friendship, Happiness, Respect or any number of other things you Value – Whatever it is that you would like to get out of life – that's water.

The water pump represents the Workings of the Karmic Mechanism.

Give it some "Water" to Work with, and it will RETURN far more than you put in.....! ■

36.6
55.5

# તેજસ્વી તારલાઓ



મેરી
વસંતભાઈ સોની
માધાપર
Std.-1 : 96.2%



જૈમીન
સચીનભાઈ કંસારા
ડીસા
Std.-2 : 88%



ઓમ પોમલ
ભુજ
Std.-3 : 99%



જેમીની
કલ્પેશકુમાર સોની
મમાયમોરા
ધોરણ-૫ : ૯૬.૯૭%



નિશિત
વિમલ બુધ્ધભટ્ટી
ભુજ
ધોરણ-૬ : ૮૮%



વિધા
રાજેશભાઈ સોની
નખત્રાણા
ધોરણ-૭ : ૮૬%



ગૌરવ
સચીનકુમાર કંસારા
ડીસા
ધોરણ-૭ : ૯૧.૨૮%



નીરવ
કલ્પેશકુમાર સોની
મમાયમોરા
ધોરણ-૮ : ૯૩.૮૩%



મિરાજ
રાજેન્દ્ર સોલંકી
ભુજ
ધોરણ-૯ : ૮૫.૨૮%



હીના
અરૂણ સોની
SSC (CBSE) : 9.6 CGPA



જીનલ
રાજેશભાઈ સોની
નખત્રાણા
ધોરણ-૧૨



મોહિની રાજેશભાઈ
સોની - નખત્રાણા
S.Y.B.Com. Sem.-4
86%



પરીતા દીપકભાઈ
સોની - નલીયા
B.Sc. (4th Sem.)
81.14%



ઉર્વિ
અરવિંદભાઈ સાકરીયા
માંડવી
B.Ed. 2nd Sem. : 84%

## CONGRATULATIONS



**ભાવિક મહેશભાઈ કંસારા**

વર્ષ ૨૦૧૬માં સિવિલ એન્જિનિયરીંગ (B.E. Civil)ની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરવા બદલ શુભેચ્છા. ઉત્તરોત્તર પ્રગતિ માટે જ્ઞાતિસેતુ પરિવારની શુભ કામના.



**Ms. Poorvi Kansara**

D/o. Shri Paresh Kansara and Grand Dauther of Shri Hansraj T. Kansara has completed her M.Tech. in Information Technology with 9.2 Score. She did her Post Graduation in M.Tech. (IT) from Vellore Institute of Technology (VIT), Vellore.

Chimanlal Soni 98985 15125 Pratish C. Soni 98240 31029

# PRATISH Industries

## MANUFACTURER OF :

- Sheet Metal Press Components
- Electronics Sheet Metal Press Components
- Tools & Dies
- CNC Wire Cut



Factory : 390 GIDC, Makarpura, Baroda-390010

Tel. : 0265-2637736 Telefax : 0265-2643155

E-mail : pratishindustries@yahoo.in

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.

Jaymin Soni
98245 46650

*Gold & Silver Bullion Merchant*

J.J *Jewellers*

GF-15 Super Mall, Nr. Lal Bunglow, C. G. Road, Ahmedabad-380006
Tel. : 079 66611322 • Email : johnson.soni@yahoo.in

Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021.
Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chandla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00